# આરસી
# AARSI

## A MIRROR OF THIS COLLEGE





વર્ષ-૧૦
અંક-૧૦
Year : 2014-2015


## ENVIRONMENT
## પર્યાવરણ

Estd. 1920


**S.L.U. Arts and H. & P. Thakore Commerce College for Women**

**NAAC Accredited 'B'**

(Managed by : Gujarat Stree Kelavani Mandal)
Nr. Ellisbridge Post Office, Ellisbridge, Ahmedabad-380 006.
Tele-fax : +91-70-2657 6197
Website : slucollege.org; E-mail : slu_college@yahoo.com



આરસી - A Mirror of this College - વર્ષ : ૨૦૧૩-'૧૪, અંક - ૯ના વિમોચન પ્રસંગે ઉપસ્થિત જાણીતા પ્રકાશક અને લેખક શ્રી ઉર્વીશ કંથારીયા, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્‌મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકા રાવલ, નિયામકશ્રી ચતુરભાઈ પટેલ, પ્રિ.ડૉ. સિરાલી મહેતા તથા એસ.એલ.યુ. પરિવારજનો



ચલો કોલેજ અભિયાન અંતર્ગતની Meet - 2014માં ઉપસ્થિત KCGના પ્રતિનિધિ શ્રી જે. આઈ. પટેલ, વાલીઓ અને વિદ્યાર્થિનીઓ

Inter College Faculty Development Programme... વક્તા તરીકે ઉપસ્થિત



Dr. Dilip M. Pandya
MD (Ayu.)



Dr. Prerak Shah
(Panchkarma Vaidya)

# આરસી

# AARSI

## A Mirror of this College

અંક-૧૦ વર્ષ : ૨૦૧૪-૨૦૧૫

ચેરપર્સન

**ડૉ. સિરાલી મહેતા**

(પ્રિન્સિપાલ, એસ.એલ.યુ.કૉલેજ)

સંપાદક મંડળ

**ડૉ. શૈલજા ધ્રુવ**

**ડૉ. દર્શના અંજારિયા** **ડૉ. નિશા જોશી**

**ડૉ. અર્ચના પંડ્યા** **પ્રા. ભરત પટેલ**

સ્થાપના : ૧૯૨૦


**એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી.**
**ઠાકોર કોમર્સ કોલેજ ફોર વિમેન**

એલિસબ્રીજ પોસ્ટ ઑફિસ પાસે, વી.એસ.હૉસ્પિટલ નજીક, એલિસબ્રીજ, અમદાવાદ-૬.

Tele-Fax : 079-26576197

Website : slucollege.org; E-mail : slu_college@yahoo.com




**એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ.એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન**




**પ્રકાશક :** © ડૉ. સિરાલી મહેતા (પ્રિન્સિપાલ, એસ.એલ.યુ.કૉલેજ)

**પ્રકાશન :** **એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. ઍન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન**
એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન નં. ૨૬૫૭૬૧૯૭
વેબસાઈટ : www.slucollege.org

**મુદ્રક :** **એશિયન પ્રિન્ટરી,** ભૂતની આંબલી, મકેરીવાડ, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**ફોન : ૦૭૯-૨૨૧૪૮૮૨૬**


## કિંમત રૂપિયા : ૧૨૫-૦૦


**નોંધ :**
- આરસીમાં પ્રકાશિત થયેલ કોઈપણ લેખ/કૃતિની જવાબદારી સંપાદકો કે પ્રકાશકની નહીં પણ લેખકની પોતાની રહે છે.
- આરસીનું લખાણ, રજૂઆતની શૈલી વગેરેનો કોઈપણ સ્વરૂપમાં અન્ય કોઈએ લેખક કે પ્રકાશકની લેખિત પૂર્વ મંજૂરી વગર ઉપયોગ કરવો નહીં.

# A WORD FROM THE PRINCIPAL

This year has been eventful for us. Not only have we continued energetically with our full-fledged activities that have become a tradition, but we have also had both AAA and NAAC Peer Team visits to the college. These have had to be fit into our academic calendar in such a way that there was rarely any day, when some activity, beyond classroom teaching was not going on at the college. As a result , all of us have been on our toes throughout the year. (I say this tongue in cheek as I agree with Malcolm Gladwell that all over the world, 80% of the work is done by 20% of the people.)

This Aarsi contains articles with a focus on 'Environment'. Our faculty members as well as students have contributed according to their area of interest. We have presented a detailed report of all our activities in 'Annual Report', however, I would like to highlight a few.

We were able to fulfill the request of our students to have a centre of M.Com at the college. So we now have one class each of English and Gujarati medium during the afternoon. This adds another option for career advancement for our girls at the campus. Our other programmes such as courses in Human Resource and Personnel Management, SCOPE, Language Laboratory, IT courses, Fashion Designing are already well received and popular, attracting students from all over.



A feather in our cap is, that two of our faculty members were awarded PhD s this year- Dr. Rashmi Soni in English and Dr. Mukesh Baraiya in Physical Education. So, now we have -18 Ph.D holders on our permanent faculty.

It is noteworthy, that several of our faculty members have not only been attending conferences, seminars and workshops but have actively presented research papers at national and international forums. Dr. Shailaja Dhruva presented a paper at an International Conference on Sociology in Japan.

Our teachers also have many publications to their credit. Articles in E Journals were published by Dr. Archana

Pandya and Dr. Varsha Pandya . Dr. Varsha Pandya is also about to complete her Minor Research Project.

This year, we published the second issue of our Research Journal 'Aarsi: A Journal of Social Reflection'. This is a multi-disciplinary research journal. The theme of this issue was ' Development'. I am particularly indebted to our Executive Secretary Dr. Chandrika Raval for her tremendous support in our research output as well as all our academic achievements. She has been a great 'push factor' and inspirer all along.

This year too, our Home Science student, Nuzhat Shaikh has topped at the University, bagging -3 gold medals. The achievements and participation of students at Sports, NSS,NCC are to be appreciated. Students have also been active in co-curricular activities both at the college and at various inter college cultural competitions and winning laurels .

Our encouragement of social awareness and commitment continues to pay off. Students were appreciated for their services rendered in pulse polio campaign with Ahmedabad Municipal Corporation. Teams of our students volunteered for Polio Pulse Programme of AMC 18-20 January 2015 and 21-22 January 2015.

With the idea of focusing on Skill Development, a two month training on Food Production was given to students of Home Science. This programme was arranged with Institute of Hotel Management Catering and Nutrition, under 'Hunar se Rozgar' scheme of Government of India. Not only did the girls receive important professional guidance, they were also given stipend, uniforms and other useful tools by the organization.

An exhibition -cum -sale of garments created by students of the Course on Fashion Designing is organized every year at the college and at external venues. This year the garments were designed with the theme of 'Khadi' to popularize the return to our roots. An enthusiastic response was reported.

Other socially relevant themes have also been highlighted this year. An exhibition on Women's Issues was arranged at the college library by the Collegiate Women's Development Committee in co-ordination with Gender Resource Centre.

The college has a historical collection of books on Gandhiji. The Sociology Department arranged an exhibition on the Life and Literature of Mahatma Gandhiji to create

awareness and display this treasure.

This year too, we organized a 'Run for Women Empowerment' to motivate and energize students to take charge of their lives. The event found students and staff thoroughly pepped up. Several other festivals were also celebrated during the year.

In support of the 'Mahatma Gandhi Swacha Bharat Mission', we have stepped up our efforts towards inculcating the culture of cleanliness. Safai Abhiyaan was celebrated to flag off these activities.

We invited the NAAC to grade our college by national standards. This was a Re-Accreditation exercise- Cycle Two, as we were already graded once in 2008. The assessment was done on the basis of a Self Study Report we submitted to them and a visit to the college by a Peer Team. All the stakeholders of the college put in valuable inputs and contributed to the efforts with a spirit of unity and camaraderie. Our NAAC, Co-Ordinator, Dr. Madhusudan Mukerjee and Co-Coordinator, Dr. Rashmi Soni were responsible for streamlining the entire exercise. (A detailed report is presented by Dr. Mukerjee.) I am glad to mention that the college has improved its NAAC grade to B with a CGPA of 2.59 from the previous B : CGPA 2.35 awarded in 2008. Congratulations to the entire SLU family!

Prior to the NAAC visit, the AAA Peer Team-'Academic and Administrative Audit' of the Knowledge Consortium of Gujarat- an initiative by the Government of Gujarat, was also invited by us this year to assess various aspects of the college and to grade us. They graded us with B- 2.60.

We, the SLU College have strived to work together to provide the right kind of academic environment for our students to excel in their chosen areas. At times, with the gaps in staff positions, this becomes an uphill task. However, I am glad to say that with the overall support of the management and cohesive, friendly, atmosphere of the college, we have emerged with flying colours! I take this opportunity to thank each and everyone who has contributed to our positives.

**Dr. Sirali Nipam Mehta**

## S.L.U Arts and H. & P. Thakore Commerce College for Women











સાભાર : ગુજરાત સમાચાર, ૧૪ માર્ચ, ૨૦૧૫
પાના નં - ૨,અમદાવાદ સિટી

# સંપાદકીય

દુનિયાના પ્રત્યેક દેશ કુદરતી સંપત્તિના જતન પર ભાર મૂકે છે. ભારતીય સમાજ પણ તેને પુષ્ટિ આપે છે. માનવજીવન અને પર્યાવરણ વચ્ચેનો નાતો ગાઢ રીતે સંકળાયેલો છે, બન્ને વચ્ચેનું પરસ્પરાવલંબન એકબીજાના ટકાઉપણા માટે ખૂબ જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં પર્યાવરણ સંબંધિત બાબતો પર વિશેષ ધ્યાન અપાય છે. ચારેકોર પર્યાવરણ વિષયક ચર્ચા-વિચારણા, સેમિનાર, શિબિરો, જાગૃતિ કાર્યક્રમો યોજાય છે. વળી, સરકારી-બિનસરકારી કાર્યક્રમો, યોજનાઓ ઉપરાંત સંચારના – પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનીક માધ્યમોમાં પણ 'પર્યાવરણ'ને કેન્દ્રસ્થાને મૂકવામાં આવ્યું છે. શાળા-કૉલેજ તેમજ યુનિવર્સિટી કક્ષાના અભ્યાસક્રમોમાં પણ વિષયોચિત પર્યાવરણના જુદા જુદા પાસાને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. કસબો-ગામ-શહેર-રાજ્ય-દેશ-દુનિયા... બધા જ ક્ષેત્ર 'પર્યાવરણ'ને મહત્ત્વ આપે છે. આથી આ વર્ષે અમે 'પર્યાવરણ'ને કેન્દ્રમાં રાખી **'આરસી'** (A Mirror of this College) પ્રકાશિત કરવાનું લક્ષ્ય સેવ્યું. અમારા આ લક્ષ્યને સિદ્ધ કરવા અમારા આચાર્યશ્રી, અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓએ પોતાના લેખ/કૃતિ દ્વારા સહયોગ આપ્યો.

પ્રસ્તુત **'આરસી'**માં અમે પ્રતિવર્ષ મુજબ વર્ષ દરમિયાનની **કૉલેજની પ્રવૃત્તિઓનો અહેવાલ;** આચાર્યશ્રી, અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓની કલમે લખાયેલ **પર્યાવરણ સંબંધિત લેખો/કૃતિઓ** તેમજ અમારી ૯૪ વર્ષની **કૉલેજની વિકાસગાથા** પ્રકાશિત કરી છે.

**વિશેષ નોંધ :** ઉચ્ચ શિક્ષણના સ્તરને વધુ ને વધુ ઉર્ધ્વગામી દિશા તરફ લઈ જવાના આશયથી ગુજરાત સરકાર દ્વારા **AAA** (Academic and Administrative Audit) તેમજ UGCની માર્ગદર્શિકા હેઠળ **NAAC** (National Assessment and Accredited Council)ની PEER Team અનુક્રમે 18-19 ફેબ્રુઆરી, 2015, તથા 27-28 ફેબ્રુઆરી, 2015 દરમિયાન કૉલેજના વિવિધ પાસાના નિરીક્ષણ અર્થે કૉલેજ કેમ્પસમાં આવી. જેનો **ટૂંક અહેવાલ** અમે આ અંકમાં પ્રકાશિત કર્યો છે.

તદ્ઉપરાંત જેઓ અમારા કૉલેજ પરિવારજનોની કલમને વધુ ને વધુ પ્રોત્સાહિત કરે છે, તેવા વિવિધ ક્ષેત્રના અમારા **'આરસી'**ના વાચક મિત્રોના પ્રતિભાવોને અમે પ્રસ્તુત આરસીમાં **'વાચકોના વૃંદાવન'** હેઠળ પ્રકાશિત કર્યા છે.

અત્રે **'આરસી'**ના પ્રાગટ્યમાં સહકાર આપનાર અધ્યાપકો, વહીવટી કર્મચારી ભાઈ-બહેનો, વિદ્યાર્થિનીઓનો આભાર માનીએ છીએ.

વિશેષમાં – કૉલેજની વહીવટી ધૂરા સંભાળનાર તેમજ શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં અંગત રસ લઈ પ્રોત્સાહન આપનાર આચાર્યશ્રી ડૉ. સિરાલીબહેન મહેતાના નેતૃત્ત્વને લીધે અમે **'આરસી'**ના પ્રાગટ્ય માટે ઉત્સાહિત બનીએ છીએ. **પ્રસ્તુત અંક પર્યાવરણ સંબંધિત હોવાને લીધે સંપાદક મંડળની લાગણીને માન આપી, પ્રિ. ડૉ. સિરાલીબહેન મહેતાએ સ્વયં મુખપૃષ્ઠ માટે પર્યાવરણલક્ષી પોસ્ટર દોરી આપ્યું જેની સાનંદ નોંધ લઈએ છીએ.**

સંચાલક મંડળની પ્રેરણા અમને પ્રોત્સાહિત કરે છે. હંમેશની જેમ મુલાકાતી વ્યક્તિઓએ કૉલેજ કેમ્પસના પારિવારિક વાતાવરણને પોતાની કલમ દ્વારા બિરદાવ્યું, તેની પ્રસન્નતાથી નોંધ લઈએ છીએ.

અમને શ્રદ્ધા છે કે, વૈવિધ્યથી સભર અમારો **'આરસી'**નો આ અંક પણ માહિતીપ્રદ બની રહેશે.

પ્રસ્તુત **'આરસી'** યુગો પર્યંત ચાલનાર 'વાંચે ગુજરાત' અભિયાનના સહભાગીદારોને સમર્પિત...

**– ડૉ. શૈલજા ધ્રુવ**
મુખ્ય સંપાદક

# Our...

## Vision

To provide the education that enables women to achieve all round development of their personality, to become self – reliant socially responsible citizens and to make their individual contribution to the local as well as global scenario.

## Mission Statement

Empowerment of women through education.

## Goals / Objectives

(1) To impart the knowledge and skills for competence in the modern world.

(2) To give women access to training which enables them to be self supportive and economically indenpendent.

(3) To develop the all round personality of the student.

(4) To provide value - based education to enable the students to make a meaningful contribution to society and the community.

(5) To create awareness of the contemporary issues and the rights and duties of every individual o as to make the students more assertive in the face of crisis or injustice.

## અમારા...

### દૃષ્ટિ :

બહેનોને એવું શિક્ષણ પૂરું પાડવું જે તેઓના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરી, તેમને આત્મનિર્ભર અને સામાજિક રીતે જવાબદાર નાગરિક બનાવે તથા તેમને સ્થાનિક તથા વૈશ્વિક સ્તરે યોગદાન આપવા સમર્થ બનાવે.

### લક્ષ્ય :

શિક્ષણ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ

### ધ્યેયો / હેતુઓ :

(૧) આધુનિક જગત સાથે તાલ મિલાવવાનું સામર્થ્ય આપે તેવું જ્ઞાન અને કુશળતા કેળવવા.

(૨) બહેનોને એવી તાલિમની તક આપવી જે તેમને આત્મનિર્ભર બનાવે અને આર્થિક સ્વાતંત્ર્ય આપે.

(૩) વિદ્યાર્થીના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરવો.

(૪) વિદ્યાર્થીઓને એવું મૂલ્ય નિષ્ઠ શિક્ષણ પૂરું પાડવું જેનાથી તેઓ સમાજ તથા સમુદાયમાં અર્થસભર યોગદાન આપી શકે.

(૫) વિદ્યાર્થીને વર્તમાન સમયના પ્રશ્નો અંગેની જાણકારી તથા વ્યક્તિના અધિકારો અને ફરજો અંગેની સમજ આપવી, જેથી તેઓ કોઈ કટોકટી કે અન્યાયનો સામનો કરવા માટે સક્ષમ બની શકે.

# અનુક્રમણિકા


- વાચકોના વૃંદાવનમાં (આરસીના પ્રતિભાવ...) ૩
- અવતરણ (મુલાકાતીઓની કલમે) ૧૧
- Reports on the visit of the NAAC and AAA Team ૧૭
- વાર્ષિક અહેવાલ : ૨૦૧૪-૨૦૧૫ ૧૯
- નિવૃત્તિ સન્માન ૧૦૩
- સર્જન સૃષ્ટિ અને અભ્યાસ લેખો
  - Let us be the change we want to see ! – Dr. Sirali Mehta ૧૦૭
  - A Report on UN Climate Summite in Peru-2014 – Dr. Pinkeshkumari Garg ૧૧૦
  - Indoor Air Pollution : The Silent Killer – Dr. Jui Shah ૧૧૪
  - Green Banking : A new approach towards environmental management – Bharat Patel ૧૨૧
  - Environmental Literature – Saba Mehsania ૧૨૫
  - Environment in clothing and Textiles – Anar Parikh ૧૩૧
  - પ્રકૃતિમાં ઋતુઓનું સૌંદર્ય / પ્રકૃતિની ભીનાશ (કવિતા) – હેમલત્તા સોનારા ૧૩૪
  - માનવજીવનમાં પ્રકૃતિનું મહત્ત્વ – લુબ્ના પઠાણ ૧૪૦
  - સાહિત્યમાં પ્રકૃતિ સૌંદર્ય – મિત્તલ રબારી ૧૪૩
  - ઔદ્યોગિકરણ, હવા પ્રદૂષણ અને નિયંત્રણ – ડૉ. એમ. એમ. કોઠારિયા ૧૪૬
  - રહેઠાણની રચના, રહેણીકરણી અને પર્યાવરણ – પ્રા. રૂપલ દેસાઈ ૧૪૯
  - હિન્દુ ધર્મમાં પર્યાવરણ – ડૉ. અર્ચના પંડ્યા ૧૫૪
  - કવિતામાં પ્રકૃતિ રાગ / જડ ચેતન (કવિતા) – ડૉ. વર્ષા પ્રજાપતિ ૧૫૯
  - પર્યાવરણને પોષીએ, પ્રદૂષણને પડકારીએ – ડૉ. શૈલજા ધ્રુવ ૧૬૬
  - ગો ગ્રીન મેનુ – પ્રા. મૃગાંકિની પરીખ ૧૭૧
  - साहित्य में पर्यावरण की भूमिका – डॉ. निशा जोशी ૧૭૫
  - साहित्य में प्रकृति चित्रण : एक दृष्टि – डॉ. रावजी कोटवाल ૧૭૭
- વિકાસગાથા :એસ.એલ.યુ.આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ ૧૮૩

(M) 9376132932 (R) 079 26855241

**PRABHAKAR J. DHOLAKIA**
Law Secretary & RLA [RETD] Govt. of Gujarat
Ex Principal Dist. & Sessions Judge
Ex Chief Stale Election Commissioner

**A/303 SHAKTI 243**
**OPP. CHANKYA TOWER**
**SANDESH PRESS ROAD,**
**BODAKDEV, AHMEDABAD - 380054**



Respected Madam,

Dr. Shailaja Dhruva, who is a beloved daughter of my colleague and bosom friend Shri Madhukar Dhruva has forwarded me some issue of "AARSI", her college magazine which contains articles and the study of college activities for my perusal.

I have gone through all the issues of the magazine and am deeply impressed by the activities of the college towards women empowerment which is a focal point of recent times thereby drawing the attention of print and electronic media and the society as a whole toward an urgent need to make women self reliant, courageous, brave and confident. This also helps to demolish the conception to regard women as fair or weaker sex. In fact, now the women is an equal partner in all walks of life. This , according me, is the underlying message it seeks to convey.

There is an urgent to need to have more colleges and institutions which must work in this direction so that the women can live in a dignified way in the society with their heads high.

The activities of your college are conductive to the aforesaid points for bringing transformation In the society and mind set as also your college has holistic approach to enable the students to develop in the field of their choice such as nutrition, consultancy, space, design, sports and child development-to name the few.

! fervently hope and pray almighty that the girl students of your college, when they complete their education from your college and step in the world to start their career, they should carry the brand image of your college and also prove their metal in their respective fields as powerful transparent aric enlight-ened citizens.

I wish you all the best

Regards,

PRABHAKAR DHOLAKIA
06/06/2015

# Dr. Jayeshbhai Desai

Former Vice Chancellor,

Saurashtra University, Rajkot

Ph.: (079) 26870090
Mo.: 93769 22747

Auro Krishna, C/2, Shyam Krupa Apt., B/H. Mother-Milk Palace, Nr. Judges Bunglows Char Rasta, Bodakdev, Ahmedabad-15.

E-mail: jayeshdesai1931@yahoo.com




Date : 14-02-2015
Ahmedabad

Dear Principal Dr. Sirali Mehta,

I asked my friend's daughter, Dr. Shailaja Dhruva about her SLU college. Instead of replying orally, she gave me nine issues of the last nine years her/your college. Issues brought about painstakingly and with great care and vision, edited by herself and her team. I went through all of them and a great, almost kaleidoscopic picture, enfolded before me. Yes, this SLU college is not simply a building of bricks and motors, it's a living, throbbing, heaving, sitting, and learning, standing and teaching, pressing the keys on the calculators and accounting; singing, dancing, and acting, crying, and laughing, doubting and debating, winning laurels and sometimes failing. A vast and varied conglomeration of Mandal Directors, Principal, staff, students, guest lectures, visits, and researches and what not?? Not a crowd mind well, but a beautiful rhythm, absorbing Bharat Natyam, dreaming to travel to the sunlit goal of reaching the century. My beautiful fair lady SLU, what is your five-year plan, you who are, old and yet ever young, you're ancient and yet modern, you who were born with Bapu's St. Kocharab Ashram and saw the sowing of the seeds of Vidyapeeth and Sabaramati Ashram, what is your distinct and unique road to excellence? Girls in large numbers with dreams in their shining eyes flock at your doors, the rich and the poor girls, the Hindu, the Jain, the Parsi, even the Muslim girls accustomed to live in pardah, are thronging the halls, listening and learning at the feet of master teachers, imbibing the vision and the cultural patterns woven by the Mandal, the Directors and the Principal. May I live to see the SLU college at 100 shining in glory and all achievements in every sphere of girls lives. Congratulations and best wishes (and blessings too) to you Principal, to Chi. Shailaja and to the entire SLU team.

**જેને શોધતાં**
**સદી વીતી જાય**
**એ જ પ્રગટે, સાવ અચાનક**
**તમારી સન્મુખ**
**એમ પણ બને !**
Welcome to SLU !

Jayesh Desai
**(Jayesh Desai)**

**Dr. Ansuya Sheth Desai**

Asst. Director, Rtd.
Department of Continue Education
VNSG University, Surat.

Ph.: (079) 26870090
Mo.: 93769 22747

Auro Krishna, C/2, Shyam Krupa Apt., B/H. Mother-Milk Palace, Nr. Judges Bunglows Char Rasta, Bodakdev, Ahmedabad-15.



તા. ૦૮-૦૩-૨૦૧૫
અમદાવાદ

સ્નેહી પ્રિન્સીપાલ ડૉ. સિરાલી મહેતા,

આપની કૉલેજના અધ્યાપક ડૉ. શૈલજા ધ્રુવે મારા પતિ જયેશભાઈ દેસાઈને **SLU** કૉલેજના પરિચય સંદર્ભે કૉલેજ વાર્ષિકાંકના નવ અંકો આપેલા. તેઓએ પ્રેમાગ્રહ કરેલો કે હું પણ આ અંકો જોઈ જઉં. જો કે વાંચનની શોખીન હોવાને લીધે આ અંકો તરફ મારી દૃષ્ટિ હતી જ ! તદ્‌નુસાર હું તે જોઈ ગઈ.

કૉલેજ મેગેઝિન કેવું હોવું જોઈએ. તેનો ઉત્તમોત્તમ નમૂનો આપના આ અંકો પૂરા પાડે છે એમ મારે ન્યાયપૂર્વક કહેવું જોઈએ. પ્રારંભે પ્રિન્સીપાલનું ઉદ્‌બોધન પ્રેરણારૂપ રહે છે. આરસીમાં અધ્યાપકોની સજ્જતા, વિદ્યાર્થિનીઓની વિદ્યાકીય, રમતગમતક્ષેત્રે, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ક્ષેત્રે, અભ્યાસલક્ષી અને અભ્યાસેતર કાર્યક્રમોમાં રસરૂચિ, સજ્જતા અને શ્રેષ્ઠતાનું સુચારૂ દર્શન મને જોવા મળ્યું છે. વળી, નયનરમ્ય અને કૉલેજની સર્વાંગી પ્રવૃત્તિઓ અને પ્રગતિની ઝાંખી કરાવતી ફોટો શ્રેણી ચિત્તાકર્ષક રહી છે. એડિટર ડૉ. શૈલજા અને તેની ટીમે ચિવટપૂર્વક, દૃષ્ટિપૂર્વક અને ચોક્સાઈપૂર્વક આ અંકોનું સંપાદન કર્યું છે તે તો આ અંકો વાંચનારને તરત જ વણકહ્યે સ્પર્શી જાય છે.

પાંચ વર્ષ પછી એટલે કે ૨૦૨૦માં આપની કૉલેજ એક સદીની જ્ઞાન સંસ્કારયાત્રા પૂરી કરે ત્યારે શ્રેષ્ઠતા પ્રાપ્તિ માર્ગ ઉપર કૉલેજ નીચેની બે બાબતો પ્રત્યે સવિશેષ ધ્યાન આપે એવું હું ઇચ્છું.

(૧) અધ્યાપકોની વિજય સજ્જતા તથા સંશોધન પ્રવૃત્તિની દિશામાં કૉલેજ આગળ વધે.

(૨) ત્રણ વર્ષને અંતે વિદ્યાર્થિની કૉલેજ શિક્ષણ પૂરું કરે ત્યારે શિક્ષણ, સંસ્કાર, કૌશલ્ય સર્જન, રોજગાર ક્ષમતા અને આવક સર્જનને અનુલક્ષીને કૉલેજ વિગતે એક સર્વાંગી શિક્ષણ કાર્યક્રમ ઘડે અને તેને અમલમાં મૂકે.

મેં તથા મારા પતિ જયેશભાઈએ આ ક્ષેત્રમાં વર્ષો સુધી કાર્ય કર્યું છે. આપની વિકાસકૂચમાં ઉપયોગી થવામાં અમને ચોક્કસ આનંદ આવશે.

કૉલેજને સતત ધબકતી રાખવામાં તથા શ્રેષ્ઠતા તરફ ગતિશીલ રાખવામાં આપનાં દૃષ્ટિ અને માર્ગદર્શન મૂલ્યવાન રહે છે તેની પ્રતિતી થાય છે. આપને, ચિ. શૈલજાને તથા તેની ટીમને તથા સમસ્ત **SLU** પરિવારને મારા ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

ડૉ. અનસૂયા શેઠ દેસાઈ

**(ડો. અનસૂયા શેઠ દેસાઈ)**
પૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર
નિરંતર શિક્ષણ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત

પ્રેષક :
ડૉ. વિનુભાઈ એમ. પટેલ
B.Sc., M.S.,W., M.P.H. (U.S.A.),
D.J. (Gold Medalist), Ph.D. D.Ac., MIPHA
મેનેજીંગ ટ્રસ્ટી
અને
IEC કન્સલ્ટન્ટ

રજીસ્ટ્રેશન નંબર E/1053/અમદાવાદ, અગાઉ ભારત સરકાર તરફથી 100% કરમુક્તિ પણ નોટીફીકેશન નં. 676(E) તા. 31-3-03 થી મળી હતી 80G(5) આઈ ટી એક્ટ મુજબ ચાલુ છે.

## સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ

4/ડી, ગોકુલનગર સોસાયટી, ઉસ્માનપુરા, અમદાવાદ-380 013..
ફોન : (079) 27561211, મોબાઈલ : 9426181962



તા. ૨૫ મે, ૨૦૧૫
અમદાવાદ

માનનીય પ્રિ. ડૉ. સિરાલીબહેન,

આપ કુશળ હશો.

મને લેખન અને વાંચનનો શોખ છે સાથે Researchમાં પણ રસરુચિ ધરાવું છું જેનાથી આપ વિદિત છો. આપની કૉલેજ દ્વારા પ્રકાશિત 'આરસી'ના અંકોને વાંચીને મારી સંશોધન દૃષ્ટિથી તેનું અવલોકન કર્યું. માહિતીપ્રદ અંકોને લીધે 'આરસી' અંગેના મારા સંશોધનાત્મક અવલોકનો મારી કલમને રોકી શક્યા નહીં.

**અભિનંદનીય ઉત્તમ કાર્ય**

SLU આટ્ર્સ એન્ડ એચ. એન્ડ. પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન, એલીસબ્રીજ, અમદાવાદની વિકાસગાથાને આપણે યશગાથા પણ કહી શકીએ. આ કૉલેજ ગુજરાતનું ગૌરવ કહી શકાય તેવી શૈક્ષણિક ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરે છે જેનું પ્રતિબિંબ પ્રતિવર્ષ કૉલેજના મેગેઝિન 'આરસી'માં પડે છે.

ઈ.સ. ૨૦૦૫-'૦૬ થી ૨૦૧૩-'૧૪ના 'આરસી'ના બધા અંકો વાંચવાનો લ્હાવો મને મળ્યો તે માટે નિમિત્ત બન્યા 'આરસી'ના સંપાદક મંડળના અગ્રગણ્ય સંપાદક અને અધ્યાપક ડૉ. શૈલજા ધ્રુવ.

સુંદર, આકર્ષક કલરફુલ ફોટાઓથી સુસજ્જ કવરપેજ વાળા 'આરસી'ના બધા અંકોના બધા પાનાના અધ્યયનથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકોમાં કેટલી બધી સુષુપ્ત શક્તિઓ પડેલી છે, જેને સદર કૉલેજ દ્વારા ઉજાગર કરવામાં આવે છે. 'આરસી' જેવા અસરકારક મેગેઝિન દ્વારા જે રીતે વાચા આપવામાં આવે છે તેથી સર્વાંગી વિકાસ સધાય છે, ભણતરની સાથે જીવન ઘડતર પણ થાય છે જે આજના સમયની માંગ - Demand of the Day છે. જે માટે સંસ્થાના પ્રમુખશ્રી વસુબેન, સંચાલકો, પ્રિન્સિપાલ - ડૉ. સિરાલી મહેતા તથા ઉત્તમ પ્રદાન આપી રહેલ અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીથી થનગનતી મનગમતી યુવતીઓને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

**વિશિષ્ટ અવલોકનો**

૧. સંશોધન અભ્યાસુઓ સારી રીતે જાણે છે કે જીવન ઘડતર માટે સર્વાંગી વિકાસ કેવી રીતે સાધી શકાય અને તે માટે અસરકારક શૈક્ષણિક પ્રક્રિયાઓ કઈ કઈ હોઈ શકે. આ કૉલેજ કેમ્પસ અને કેમ્પ બહારની કૉમ્યુનિટી સાથેની અનેકવિધ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓની ઝાંખી 'આરસી'માં થાય છે તેમાં,

(૧) સારી રીતે સાંભળીને (શ્રેષ્ઠ વક્તાઓના વક્તવ્યોમાંથી) શીખાય છે જ્યારે

(૨) જાતે જોઈને શીખવાની પ્રક્રિયામાં કોમ્યુનિટી પ્રોજેક્ટ દ્વારા પ્રત્યક્ષ દર્શન, વિવિધ સંસ્થાઓની મુલાકાત વગેરે દ્વારા અને સાંભળવા અને જોઈને શીખવા કરતાં પણ સંશોધનોથી સાબિત થયેલ છે તે ત્રીજી પદ્ધતિ LEARNING BY DOING એટલે.

(૩) જાતે કરીને સૌથી વધુ શીખાય છે. આ ત્રીજી પદ્ધતિનો સદર કૉલેજે મહત્તમ ઉપયોગ કર્યો છે. જે ચિંતનાત્મક અને જ્ઞાનવર્ધક લેખો, કૉમ્યુનિટીમાં વ્યક્તિગત અને જુથકાર્યના પ્રોજેક્ટો, અનેકવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓની સક્રિય ભાગીદારી તથા પ્રોત્સાહક પરિણામો પરથી જોઈ શકાય છે.

૨. ઈ.સ. ૨૦૦૫-'૦૬નો 'આરસી'નો પ્રથમ અંક ૫૬ પાનાનો અને પ્રથમ અંકમાં પણ ૩૫ જેટલા બ્લેક એન્ડ વાઈટ ફોટોગ્રાફસ તથા લેખો સમાવાયેલ છે. જે વર્ષવાર ક્રમશઃ પાંચ વર્ષના ગાળામાં વધીને ઈ.સ. ૨૦૧૦-'૧૧માં ૧૮૬ પાનાનો આકર્ષક અંક બન્યો અને રંગબેરંગી ફોટાઓની આ અંકમાં સંખ્યા થઈ ૧૦૦ થી વધુ જે પ્રશંસનીય ગણાય. તે પછી પણ અંક તો પ્રતિવર્ષ દળદાર જ પ્રકાશિત થયા અને લેખો, લે આઉટ ફોટોગ્રાફની ગુણવત્તામાં પણ ઉત્તરોત્તર વધારો થયેલો દેખાય છે જે માટે સંપાદક મંડળ અને લેખકો વગેરેની જહેમત અને ઉત્સાહ દાદ માંગી લે તેવાં છે. આપણાં સૌનું અવલોકન છે કે રંગબેરંગી સુંદર ફોટોગ્રાફસ વધુ જોવાય અને તેની નીચેની વિગત પણ સૌથી વધુ વંચાય છે અને 'આરસી'ના દરેક અંકમાં ૧૫૦ની આસપાસ રંગીન ફોટોગ્રાફસ - એ માધ્યમનો મહત્તમ ઉપયોગ થયેલ છે. જે અંકને થોડો ખર્ચાળ બનાવે, સાથોસાથ આકર્ષક તેમજ વાચકલક્ષી બનાવે છે અને વધુ રોચક-રસપ્રદ બનાવે છે કેમ કે તે થોડામાં ઘણું કહી જાય છે.

૩. 'આરસી'ના અંકો વિદ્યાર્થિનીઓના જીવન ઘડતર માટે રેફરન્સ બુક સમાન છે.

૪. તજજ્ઞો, અધ્યાપકો અને તેજસ્વી વિદ્યાર્થિનીઓના તલસ્પર્શી અભ્યાસ દર્શાવતા લેખો, તેમના ફોટા સહિત હોદ્દા સાથે છપાય છે. તે બધા લેખો જ્ઞાનવર્ધક અને મનનીય હોઈ, તેના લેખકો પણ અભિનંદનના અધિકારી છે. ફોટા સાથે લેખ છાપવાની પ્રથા આવકારદાયક છે, તેના લખનારને પ્રોત્સાહન મળે છે અને વાચનારને વધુ પ્રેરણા.

૫. વિવિધ ક્ષેત્રે નામના કાઢી હોય પછી તે ખેલકૂદ ક્ષેત્રે હોય કે કોઈપણ કલાનું ક્ષેત્ર હોય, અનેકવિધ સ્પર્ધામાં ઈનામ જીતનાર હોય કે વિદ્યાર્થિની પ્રતિનિધિ મંડળના હોદ્દેદાર હોય તેઓના ફોટોગ્રાફસ, નામ અને સિદ્ધિની વિગત સાથે દરેક અંકમાં પ્રસિધ્ધ કરવાની સંપાદક મંડળની નીતિ પણ યુવાજગતના પ્રહરીઓ માટે પ્રોત્સાહક હોઈ આવકારદાયક ગણાય.

૬. લેખન અને સંપાદન બન્ને કૌશલ્યો કઠિન છે, પડકારમય છે છતાં તે પડકાર સારી રીતે ઝીલી લેવાની પ્રતીતિ 'આરસી'ના વાચકોને જરૂરથી થાય.

૭. કેટલાક સામયિકો થોડા વર્ષ અનિયમિત ચાલી પછી બંધ થઈ જતાં હોય છે. 'આરસી'ના અંક દર વર્ષે નિયમિત અને તે પણ પ્રિન્ટીંગની પૂરી ગુણવત્તા સાથે બહાર પડે છે જે સરાહનીય છે. અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓ માટે તો તે જીવન સંભારણું બની રહે છે.

૮. 'આરસી'ના અંકમાં વાર્ષિક અહેવાલ તથા રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી જેવા મહાનુભાવોના પ્રેરક સંદેશાઓ અને શુભેચ્છાઓ, કૉલેજની અંદરની અને કૉલેજ બહારની વિવિધ પ્રવૃત્તિઓ, લેખો, કાવ્યો, પ્રેરણાદાયી ક્વોટેશન્સ બધું સમાવાય છે. કૉલેજની શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓથી કૉલેજ કેટલી બધી ધમધમતી રહી છે તેની પ્રતીતિ કરાવતું માધ્યમ એટલે 'આરસી'. મારા મંતવ્ય મુજબ અન્ય કૉલેજોએ પણ સદર કૉલેજની જેમ ભણતર સાથે જીવન ઘડતરનું કામ કરવું જોઈએ તથા SLU આટ્‌ર્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનને રોલ મૉડેલ આદર્શ ઉદાહરણરૂપ ગણી 'આરસી' જેવું ગુણવત્તાસભર મેગેઝિન પણ પ્રતિવર્ષ નિયમિત બહાર પાડવું જોઈએ. જેથી તેઓના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોનો પણ વધુ સર્વાંગી વિકાસ સધાય. જે જીવનોપયોગી પ્રવૃત્તિઓની સહભાગીદારીથી મહામુલા માનવજીવનને મંગલમય બનાવવામાં મદદરૂપ થાય.

'આરસી'ને અસરકારક, આકર્ષક, ગુણવત્તાસભર, જીવનોપયોગી સંભારણું બનાવનાર સૌ સહયોગીઓને ખૂબ ખૂબ મુબારકબાદ અને સહસ્ત્ર શુભેચ્છાઓ સહ.

**ડો. વિનુભાઈ મ. પટેલ**
માનદ્ મંત્રી, ઈન્ડિયન પબ્લિક હેલ્થ
એસોસીએશન, ગુજરાત



**ડો. આરતી વિનુભાઈ પટેલ**
4/ડી, ગોકુલનગર સોસાયટી,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૫૬૧૨૧૧
મોબાઈલ : ૯૪૨૬૧૮૧૯૬૨

તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૫
અમદાવાદ

માનનીય સિરાલીબહેન,

આપ મજામાં હશો.

આપણે સૌ જાણીએ છીએ કે શિક્ષણ સાથે વાંચન - લેખન અદમ્ય રીતે સંકળાયેલા છે. વ્યવસાયે હું ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણશાસ્ત્રની પ્રાધ્યાપક હોવાને લીધે વાંચન - લેખનમાં રસરુચિ ધરાવું તે સ્વાભાવિક છે. વાચકને સારા પુસ્તકો, મેગેઝિન કે વાંચનને અનુરૂપ સાહિત્ય પ્રાપ્ત થાય ત્યારે તેને અનેરી ખુશી થતી હોય છે. આપની કૉલેજના પ્રાધ્યાપક ડૉ. શૈલજાબહેન મારા મિત્ર હોવાને લીધે મને આરસીના અંકો વાચવાનો લાભ મળે છે જેનો મને આનંદ છે. આપની કૉલેજ દ્વારા પ્રકાશિત 'આરસી' કૉલેજ પ્રવૃત્તિઓનું તાદૃષ્ટ દર્શન કરાવે છે.

વિશ્વના બધા દેશો કરતા સૌથી વધુ યુવાધન ભારતમાં છે. તે ગર્વની વાત ત્યારે કહેવાય કે જ્યારે આપણે શૈક્ષણિકની સાથોસાથ સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય ક્ષેત્રોમાં સૌ યુવતીઓ અને યુવકોને ઉત્તમ પ્રદાન આપવા માટે પૂરતી પ્રેરણા આપી શકીએ. SLU આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન દ્વારા પ્રકાશિત 'આરસી' મેગેઝિનમાં યુવાનોને પ્રેરણાદાયી લેખો / કૃતિઓ આવકારી, 'યુવાશક્તિ વર્ષ-૨૦૧૨'ની ઉજવણીની માહિતી પ્રગટ કરી તે અભિનંદનીય અને અન્ય કૉલેજો માટે અનુસરણીય છે. ઈ.સ. ૨૦૦૫-'૦૬ થી શરૂ કરી 'આરસી'ના પ્રેરણાદાયી અંકો નિયમિત પ્રકાશિત થતા રહ્યા છે. તે જીવનોપયોગી હોઈ આવકારદાયક છે.

'આરસી' મેગેઝિનના પ્રતિવર્ષે નિયમિત પ્રકાશિત થતા અંકોના અધ્યયનથી સ્પષ્ટ થાય છે કે (૧) યુવતીઓની અને અધ્યાપકોની સુષુપ્ત લેખન અને સર્જન શક્તિને ઉજાગર કરી શકાય છે. (૨) યુવા શક્તિનો શૈક્ષણિક સિદ્ધિઓની સાથોસાથ રમતગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે, એન.એસ.એસ. જેવા સેવાકીય ક્ષેત્રે તેઓએ મેળવેલ ઝળહળતી સફળતાઓને સુંદર કલર ફોટોગ્રાફસ અને વિગતો સાથે પ્રિન્ટ થવાથી તેઓને વધુ પ્રોત્સાહિત કરી શકાય છે અને વાચકોને ઈતર વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવા માટેનું મોટીવેશન - પ્રેરણા પણ મળે છે. (૩) આ મેગેઝિન માહિતીપ્રદ અને જ્ઞાનપ્રદ હોવાથી યુવા ભાઈ-બહેનોને તથા અધ્યાપકોને અધ્યયન, મનન, ચિંતન અને સર્જન માટે વધુ સક્રિય કરી શકાય છે એટલું જ નહિ આવી જીવનોપયોગી પ્રવૃત્તિ માટે તેઓની શક્તિઓ ઉજાગર થાય છે અને તેઓ તે માટે વધુ સમયદાન આપે છે. (૪) સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે એન.એસ.એસ., એન.સી.સી., વિવિધ રમતો અને સ્પર્ધાઓ અને તેના પરિણામ જેવી 'આરસી'ની સામગ્રી યુવતીઓને તેમાં રસપૂર્વક મોટી સંસ્થામાં ભાગ લેતી કરે છે. (૫) સમયાંતરે યોજાતા નિષ્ણાંતોના પ્રવચન અને ચર્ચા જ્ઞાનભૂખ ઉભી કરે છે અને તે જ્ઞાનવર્ધક અને જીવનપથ દર્શક બની રહે છે. (૬) વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો માટે આ અંકો જીવન પથદર્શક હોઈ કૉલેજનું કાયમી સંભારણું બની રહે છે.

અમારી ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ કૉલેજો / વિભાગોમાં વિદ્યાર્થીઓમાં ગાંધીમૂલ્યોનો આવિર્ભાવ કરવા માટે નીચેની બે પ્રવૃત્તિઓ ચાલે છે આપની કૉલેજમાં પણ આવી નવીનતમ પ્રવૃત્તિ વિદ્યાર્થિનીઓના હિતમાં થઈ શકે.

અમારી વિશિષ્ટ પ્રવૃત્તિઓ :

(૧) ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી ભાઈ-બહેનોને અંતરિયાળ વિસ્તારનાં લોકોની જીવનશૈલી પ્રત્યે સંવેદનશીલ કરવા અને તેમના પ્રશ્નો સમજવા તથા લોકો પાસેથી પણ શીખવા દર વર્ષે ગાંધીજયંતિ નિમિત્તે પાંચ દિવસ માટે પદયાત્રા યોજાય છે જેમાં બધા જ અધ્યાપકો અને આચાર્યો પણ જોડાય છે.

(૨) ગાંધીવિચાર તત્ત્વ અને તંત્રથી વિદ્યાર્થીઓને અવગત કરવા માટે પ્રવેશના આરંભે પ્રતિવર્ષે ત્રણ દિવસની અભિમુક્તા શિબિર દરેક વિભાગમાં યોજાય છે.

વધુ નહિ તો આપના મેગેઝિન 'આરસી'માં ઉપરોક્ત વિષયે તલસ્પર્શી અભ્યાસ કરીને જ્ઞાનસભર લેખ તો જરૂર પ્રસિદ્ધ થઈ શકે અને તેમાં સૂચનો પણ માગી શકાય.

'આરસી'ના નવા અંકની પ્રતિક્ષા સહ...

ડૉ. આરતી વિ. પટેલ

**(ડો. આરતી વિ. પટેલ)**
પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

**Madhukar D. Dhruva**
(Advocate)

*LEGAL CONSULTANT*
*Retired Judge, City Civil & Sessions Court,*
*Ex-Charity Commissioner, Gujarat State.*

A-37, Row House, Someshwara Part-2, Bidiwala Park,
Nr. Jodhpur Crossways, Opp. Star Bazar, Satellite Road,
Ahmedabad -380 015. Ph.:(079)26922573, M. 98253 25492

**મધુકર દિનુભાઈ ધ્રુવ**
(એડવોકેટ)

કાનૂની સલાહકાર
નિવૃત્ત ન્યાયાધીશ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ,
પૂર્વ ચેરિટી કમિશ્નર, ગુજરાત રાજય

એ-૩૭, રો-હાઉસ, સોમેશ્વર વિભાગ-૨, બીડીવાલા પાર્ક પાસે,
જોધપુર ચાર રસ્તા, સ્ટાર બજાર સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન (૦૭૯) ૨૬૯૨૨ ૫૭ ૩ મો. ૯૮૨૫૩ ૨૫૪૯૨




તા. ૦૩-૦૪-૨૦૧૫
અમદાવાદ

માનનીય ડૉ. સિરાલીબહેન,

'આરસી'ના અંકો દર વર્ષે વાંચવા મળે છે. આપણા દેશમાં જ્યારે પણ મહિલા વિકાસ, સ્ત્રી સશક્તિકરણ, નારી સંરક્ષણ કે તેને લગતી અન્ય બાબતોનો ઉલ્લેખ થાય ત્યારે તુરત જ ભારતના બંધારણમાં તે માટે કેવી અને કેટલી બધી જોગવાઈઓ કરવામાં આવી છે તેમજ દેશમાં કેટલા કાયદાઓ ઘડવામાં આવ્યા છે તેનો જ ઉલ્લેખ થતો જોવા મળે છે પરંતુ વિગત જોતાં આપની કૉલેજ **SLU** એ સાબિત કરેલ છે કે ગમે તેટલા હક્કો અને અધિકારો કાયદા હેઠળ આપવામાં આવ્યા હોય પરંતુ સ્ત્રીને આત્મનિર્ભર અને સામાજિક રીતે જવાબદાર નાગરિક બનાવી, સ્થાનિક તથા વૈશ્વિક સ્તરે યોગદાન આપવા માટે શિક્ષણ જ મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી શકે છે.


કોઈપણ શિક્ષણ સંસ્થાનું મૂલ્ય તેની શૈક્ષણિક સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓના આધારે નક્કી થતું હોય છે. 'આરસી' - '**A MIRROR OF THIS COLLEGE**' પ્રતિ વર્ષ પ્રગટ થતો અંક કોઈ સામાન્ય અહેવાલ નહિ પરંતુ સમાજના તમામ વર્ગને સ્પર્શતી બાબતોનો સમાવેશ કરતું માહિતીપ્રદ સામયિક છે તેમ કહી શકાય.

'આરસી'માં કેવળ સંસ્થા પરિચય અને પ્રવૃત્તિ જ નહિ પણ દર વર્ષે રાજ્ય, રાષ્ટ્ર અથવા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જેની ચર્ચા હોય તેવા ઘોષિત થતા વિષયવસ્તુ આધારિત **(Thim)** લેખોની પસંદગી તેની આગવી ઓળખ છે. જેમ કે વાંચે ગુજરાત, ગુજરાતની સુવર્ણ જયંતી પ્રસંગે ગુજરાતની ઝલખ ઝાંખી અંતર્ગત સ્ત્રી સશક્તિકરણ, સંવિધાનના નિર્દેશો, યુવા શક્તિ, પરિવર્તન વગેરે માહિતીના કારણે જ્ઞાનપિપાસુ વાચકોના પુસ્તકાલયમાં મારી જાણ મુજબ 'આરસી'ના અંકો કાયમી ધોરણે સાચવવામાં આવે છે જે તેનું ગૌરવ પ્રદાન કરે છે.

મારી દીકરી ડૉ. શૈલજા અધ્યાપિકા હોવાથી તેમજ 'આરસી'ની મુખ્ય સંપાદક હોવાને કારણે 'આરસી'ના પ્રારંભથી શરૂ કરી પ્રાગટ્ય અને વિમોચન સુધી સ્વાભાવિક રીતે તેના આયોજન અંગે અમારા વચ્ચે ચર્ચા થતી હોય છે જેથી પ્રકાશન સુધીના સમગ્ર તબક્કાથી પણ હું વાકેફ છું. કૉલેજના દસ્તાવેજ રૂપ 'આરસી'માં આપ સૌની મહેનત સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. કૉલેજની મુલાકાત લેનાર વિવિધ ક્ષેત્રોના નામાંકિત મહાનુભાવોના પ્રતિભાવભમાં કૉલેજની શૈક્ષણિક સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરતી કલમ પણ દૃષ્ટિગોચર થાય છે.

આશા છે, સ્ત્રી કેળવણી ક્ષેત્રે તેનો હેતુ અને ઉદ્દેશો સિદ્ધ કરવા આપની કૉલેજ વિશિષ્ટ રીતે સક્રિય છે તેનો વિશિષ્ટ લાભ સમાજને મળતો રહેશે.

મધુકર ધ્રુવ
**(મધુકર દિનુભાઈ ધ્રુવ)**




## पर्यावरण

किसी जगह पर फैला है जो सभी परिस्थितियों का योग ।
पर्यावरण इसे ही कहते है, प्रायः विज्ञानी लोग ॥
मानव के सब ओर व्याप्त, जो पर्यावरण कहाता है ।
मानव क्रिया क्लापों पर वह, अपना असर दिखाता है ॥
भौतिक और मानवी कहलाते पर्यावरणी दो अंग ।
अन्तर्क्रिया सदा करते हैं, जब दोनों रहते हैं संग ॥
भूरचना, जलवायु, वनस्पति, मृदा, जीव आ जाते हैं ।
भौतिक पर्यावरणी ये सब, इसके घटक कहाते हैं ॥
मानव पर्यावरण अंग, कुछ न कुछ करता रहता है ।
प्रकृति प्रभावित होता है, पर उसे प्रभावित करता है ॥
मानव क्रिया कलापों से जो, पर्यावरण बनाते है ।
सभी आर्थिक, सामाजिक ये, मानवकृत कहलाते हैं ॥

**– 'भौगोलिक काव्यांजलि' से**

## **અવતરણ...** (મુલાકાતીઓની કલમે)

- "એસ.એલ.યુ. કૉલેજમાં દર વર્ષે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કૉ.ઓપરેટિવ યુનિયનના નેજા હેઠળ 'સહકાર' વિષયક વર્ગોનું આયોજન થાય છે. આ વર્ષે પણ અમને કૉલેજ તરફથી પ્રતિ વર્ષની જેમ સુમેળભર્યું વાતાવરણ મળ્યું. સહકારના વર્ગોમાં શિસ્ત અને ઉત્સાહ સાથે સામેલ વિદ્યાર્થિનીઓ સમક્ષ વિષયોચિત વ્યાખ્યાન આપવાનું ખૂબ જ ગમ્યું. આચાર્યશ્રી ડૉ. સિરાલીબહેન તેમજ કૉલેજ પરિવારજનોના સહયોગને લીધે અમે પ્રતિવર્ષ કૉલેજ સાથે જોડાયેલા રહીએ છીએ. નવ દાયકા પૂર્ણ કરનાર કૉલેજ વધુ ને વધુ પ્રગતિ કરે તેવી શુભભાવના સાથે ખૂબ ખૂબ અભિનંદન."

  તા. ૨૫-૭-૨૦૧૪ **– પન્ના પટેલ**

  (ઑફિસ સુપ્રિટેન્ડન્ટ, અમદાવાદ
  ડિસ્ટ્રીક્ટ કૉ.ઓપરેટિવ યુનિયન, અમદાવાદ)

- "અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, અમદાવાદ દ્વારા આપની કૉલેજમાં 'સહકાર' વિશે તાલીમ વર્ગો યોજવાનું ખૂબ ગમે છે, કારણ કે વિદ્યાર્થિનીઓ ખૂબ રસ લઈને ભણે છે. તેમજ માનનીય પ્રિ. ડૉ. સિરાલીબહેન મહેતાનો ખૂબ સારો સહકાર મળી રહે છે. Thank You."

  તા. ૨૫-૭-૨૦૧૪ **– કાશ્મીરા કે. ભટ્ટ**

  (સંયોજક, અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, અમદાવાદ)

- "આજ રોજ KCG ના એક પ્રતિનિધિ તરીકે આ સંસ્થાની મુલાકાત લેતા અત્યંત ગૌરવ અનુભવું છું. આ સંસ્થા એક કુટુંબ તરીકે કાર્ય કરતી હોય તેવી અનુભૂતિ થાય છે. સંસ્થા-કૉલેજ આવનાર વર્ષોમાં મહિલા સશક્તિકરણમાં ખૂબ અગત્યનો ભાગ ભજવશે તેવો મને પૂરો વિશ્વાસ છે. સંસ્થા-કૉલેજ દિન-પ્રતિદિન પ્રગતિ કરે તેવી મારી શુભકામના."

  તા. ૫-૮-૨૦૧૪ **– પ્રા. જે. આઈ. પટેલ**

  (સરકારી કન્યા પોલિટેક્નીક, અમદાવાદ)

- "જે કૉલેજમાંથી સ્નાતક થયા હોઈએ તે જ કૉલેજમાં યોજાતી સ્પર્ધાઓમાંથી એક સ્પર્ધાના નિર્ણાયક તરીકે કામગીરી કરવાની તક મળે ત્યારે તેનો આનંદ કંઈક જુદો જ હોય છે. આ આનંદ મેં આજે અનુભવ્યો. મહેંદી સ્પર્ધાના નિર્ણાયક તરીકે મને બોલાવીને કૉલેજે મને એક પ્લેટફોર્મ આપ્યું છે. એનાથી મારો આત્મવિશ્વાસ વધ્યો છે અને મને ખૂબ આનંદ પણ થયો છે."

  તા. ૯-૭-૨૦૧૪ **– ઈશાની શાહ**

  (પૂર્વ વિદ્યાર્થિની; બ્યુટિશીયન સહેલી બ્યુટી પાર્લર, અમદાવાદ)

- "કૉલેજમાં યોજાયેલ મહેંદી સ્પર્ધાના જજ તરીકેનું આમંત્રણ મળ્યું ત્યારે કૉલેજના વાતાવરણથી પરિચિત ન હતી. અહીં આવ્યા પછી વિદ્યાર્થિનીઓનો Interest તેમજ પ્રાધ્યાપકોના પ્રોત્સાહનને જોઈને ખૂબ જ ખુશી થઈ. બહેનોની કલાઓને ખીલવવા આ કૉલેજમાં અનેકવિધ પ્રવૃત્તિઓને મહત્ત્વ અપાય છે તે જાણીને ખૂબ જ ગમ્યું.

  ભવિષ્યમાં પણ અહીં આવવાનું મને ગમશે જ !"

  તા. ૯-૭-૨૦૧૪ **– વૈભવી પરીખ**

  (મહેંદી નિષ્ણાત, અમદાવાદ)

- "એસ.એલ.યુ. કૉલેજમાં ઘણા વર્ષોથી ઑગસ્ટ મહિનામાં સંસ્થાના વિકાસમાં અગ્રેસર ભૂમિકા ભજવનાર ડૉ. ધ્રુમનબહેન દીવાનજીની સ્મૃતિમાં કવિસંમેલન યોજાય છે તે હું જાણું છું. વળી, મોટેભાગે તેમાં હું ઉપસ્થિત પણ રહું છું. અહીંનું વાતાવરણ કવિઓની રચનાઓને સમજીને દાદ આપનારું હોય છે. એટલે આવવું પણ ગમે... આજે પણ એવી જ... એ ય લીલાલહેર છે..."

  તા. ૧૨-૮-૨૦૧૪ — **કૃષ્ણ દવે**

  (કવિ)

- "કવિતાના પઠનની ઘડીએ – આજે લાગ્યું હજુ સંવેદના ટકી રહી છે."

  તા. ૧૨-૮-૨૦૧૪ — **પ્રફૂલ્લ રાવલ**

  (કવિ)

- "સર્જનનો પ્રસાર-પ્રચાર, એક શિક્ષણના પ્રાંગણમાં, એ સોનામાં સુગંધ જેવું છે."

  તા. ૧૨-૮-૨૦૧૪ — **મિત્તલ રાજગોર** 'એકાંત'

  (કવિયત્રી)

- "આ કૉલેજ શૈક્ષણિક ક્ષેત્રે તો અગ્રેસર છે જ, છે...
  સાંસ્કૃતિક ક્ષેત્રે પણ અગ્રેસર છે, આ સેતુમાં હું પણ જોડાયેલો છું. એનું ગૌરવ છે. સિરાલીબહેન જેવા આચાર્ય પણ એક ધન્ય ઘટના છે."

  તા. ૧૨-૮-૨૦૧૪ — **હરદ્વાર ગોસ્વામી**

  (કવિ)

- "એસ.એલ.યુ. કૉલેજના CWDC તથા અમારી GRC સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ૨-૩-૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન કૉલેજ કેમ્પસમાં 'મહિલાલક્ષી' પ્રદર્શન યોજ્યું છે. પોસ્ટર્સની સુંદર ગોઠવણી, વિદ્યાર્થિનીઓની ઉત્સુકતા, અધ્યાપકો તથા આચાર્યશ્રીના સહકારને લીધે અમારી સંસ્થાના હેતુઓ સિદ્ધ થતા અનુભવ્યાં. આ કૉલેજ હંમેશાં યુવતીઓને અલગ અલગ વિષયો પર Orient કરીને જાગૃત કરે છે તે અમે જાણીએ છીએ. આ કૉલેજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વ ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપીને ખરા અર્થમાં સમાજ ઉપયોગી કાર્ય કરે છે, જેમાં અમને પણ સામેલ કરે છે તેનો અમને આનંદ છે."

  તા. ૨-૯-૨૦૧૪ — **મીતા પટેલ**

  (ઑફિસર, જેન્ડર રિસોર્સ સેન્ટર, અમદાવાદ)

- "આજના સમયમાં વધતી જતી મહિલાલક્ષી સમસ્યાઓ, પ્રશ્નો તેમજ સામાજિક સમસ્યાઓ અંગે યુવા પેઢીમાં જાગૃતતા લાવવાના ઉમદા પ્રયાસના ભાગરૂપે કૉલેજના CWDC હેઠળ GRCનો સહયોગ લઈને 'મહિલાલક્ષી' પ્રદર્શન યોજવાના ડૉ. શૈલજાબહેનના વિચારને અમે આવકારીએ છીએ. સમાજની બદીઓને દૂર કરવામાં શૈક્ષણિક સંસ્થાઓનો સહકાર-સહયોગ મહત્ત્વપૂર્ણ રહ્યા છે અને રહેશે. કૉલેજ ખૂબ પ્રગતિ કરે તેવી શુભભાવના..."

  તા. ૩-૯-૨૦૧૪ — **દિપાલી જોશી**

  (આસિસ્ટન્ટ સ્ટેટ કૉ-ઓર્ડિનેટર SRCW - સ્ટેટ રિસોર્સ સેન્ટર ફોર વિમેન, GRC - અમદાવાદ)

- "એસ.એલ.યુ. કૉલેજમાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ આંતર કૉલેજ - ચેસ સ્પર્ધા સમિતિના અધ્યક્ષ તથા કૉલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એન. મહેતામેડમના અધ્યક્ષ સ્થાને ચેસ કમિટિની મિટીંગ મળી. કૉલેજનું સૌહાર્દપૂર્ણ વાતાવરણ અને સરસ વ્યવસ્થાની અનુભૂતિ સભ્યોએ અનુભવી. કૉલેજની પ્રગતિ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ..."

તા. ૨૦-૮-૨૦૧૪ **– ડૉ. ડી. બી. દેસાઈ**

(Jt. Section 'A' Zone ચેસ કમિટિ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)

- "શ્રીયુત લાલશંકર ઉમિયાશંકર સાથે જોડાયેલ ગુજરાતની આ મહાન સંસ્થા સાથે મારો જન્મથી નાતો રહ્યો છે. મહાન સંસ્થાના 'પાડોશી' હોવાને નાતે અવારનવાર મુલાકાત લેતો રહ્યો છું. પણ આજે વિદ્યાર્થિનીઓ સાથે વ્યાખ્યાન-સંવાદ કરતાં એ મહાન સુધારકોની યાદ તાજી થઈ."

તા. ૧૭-૯-૨૦૧૪ **– રિઝવાન કાદરી**

(ઍસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ
શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)

- "આજે કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત 'વર્તમાન આર્થિક પ્રવાહો' વિષયક વ્યાખ્યાન આપતા વિદ્યાર્થિનીઓની વિષયને અનુસંગિક રસ-રુચિ જોઈને આનંદ થયો. આમંત્રણ બદલ ખૂબ ખૂબ આભાર."

તા. ૧૯-૯-૨૦૧૪ **– હેમન્તકુમાર શાહ**

(ઍસોસિયેટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ
એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)

- "આજે આપની કૉલેજમાં ફરીથી આવવાનું થયું તેનો અમને આનંદ છે. આચાર્યશ્રી સિરાલીબહેનના સહકારને લીધે અમે કારકિર્દી ઘડતર માટે ઉપયોગી માહિતી વિદ્યાર્થિનીઓ સુધી પહોંચાડી શકીએ છીએ. વિદ્યાર્થિનીઓની સમાજસેવા તરફની દૃષ્ટિને બિરદાવીએ છીએ. સહકાર બદલ આપના આભારી છીએ."

તા. ૩૦-૩-૨૦૧૫ **– દામિની પટેલ**

**– લાભુ દેસાઈ**

(ટીચર્સ, જી.કે.ટી. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ)

- "આપની કૉલેજમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે વક્તવ્ય આપવાનું મને ખૂબ ગમ્યું. અધ્યાપકોની પ્રશ્નોત્તરીથી તેમની વિષયોચિત જ્ઞાન મેળવવાની કુતુહલતા દૃષ્ટિગોચર થતી અનુભવી. સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ."

તા. ૧-૪-૨૦૧૫ **– ડૉ. પ્રેરક શાહ**

(પંચ કર્મ વૈદ્ય, આયુલીંક આયુર્વેદ હૉસ્પિટલ, અમદાવાદ)

- “While on my visit to India, I discovered dynamic women, at SLU Women’s College. I am happy to see women enterpreneurs working with simplicity. I thank you for giving me your precious time. I wish you good luck for the work everyone is doing.
  I wish Good Luck to SLU College which will soon complete 100 years.
  Thanking You.”
  Date : 19-6-2014 **– Boli nee Djibo Bintou**
  (President, Chambre de Commerce ET. D’ Industrie Du, Burkina faso (Africa))
- “I am very much happy to visit SLU Women’s College with Madam Boli Bintou from Burkina faso. We really like the enthusiasm of the principal and members of SLU Women’s college.
  Wishing good luck to women’s of SLU college.
  Thank You.”
  Date : 19-6-2014 **– Harikishan S. Chanchlani**
  (Local Escort of Boli Bintou)
- “It is indeed a pleasure to see well – motivated and disciplined students who all are keen to join NCC. College Infrastructure is very well maintained. Nice to meet Principal Dr. Sirali Mehta who is keen to continue NCC activities in college for future also.
  – A very well Organized Campus.
  – Well done keep it up.
  With warm regards.”
  Date : 5-8-2014 **– C. Surhmag Khan**
  (Admin Officer, 1 Gujarat Girls Bu NCC, Ahmedabad)
- “I just like this college and the students where the principal Shree Siraliben is there to care for the students and to develop their inner strength and ability.
  Date : 12-8-2014 **– Raksha Shukla**
  (Poet)
- “The best academic environment and staff.”
  Date : 15-10-2014 **– Dr. Dilip M. Pandya**
  MD (Ayu.)
- “I thank the Principal and Anarben for their inspiration. I am pleased that students were happy to learn pattern making under my training for four months.
  Thank You.”
  Date : 15-10-2014 **– Shakeel Mohammad**
  (Expert – Clothing and Pattern Making)

- "The Institute has rich legacy of holistic and applied learing. I am glad it is on."

  Date : 25-11-2014 **– Urvish Kantharia**

  (Well-Known Writer, Speaker & Publisher)

- "We the Indian Red Cross Society Gujarat State Branch and Thalassemia Prevention Programme Project Team are cordially thankful for your great co-operation & hospitality given to us by you at your campus for counselling and sample collection of your students for Thalassemia Screening and prevention.

  We are also thankful to the college staff for their appreciable co-operation.

  Thank You."

  Date : 16-1-2015 **– Jaydnerasinh V. Zala**

  (Asst. Field Manager
  Thalassemia Prenatal Diagnosis Programme -
  Indian Red Cross Society - Gujarat State Branch)

- "It was so humblimg & inspiring experience to see so many daughters getting a value based graduation in such a historical institute is beautiful.

  Thank you and God bless you all for doing what you are doing."

  Date : 2-2-2015 **– Viren Joshi**

  (Social Worker, Manav Sadhana - Gandhi Ashram, Ahmedabad)

- "It was nice to have had an opportunity to interact with the Sociology Students of the college. Number of them had many things to ask and doubts.

  I would like to come again in the future."

  Date : 3-2-2015 **– Dr. P. S. Vivek**

  (Professor, Department of Sociology, University of Mumbai, Mumbai)

- "We have spent around 2 months at SLU college for the course of food production with students of Home Science.

  We really enjoyed working with teachers and students, All were Co-operative and students were enthusiastic to learn.

  We are looking forward to more courses like this kind regards."

  Date : 11-2-2015 **– Pradip Dey**

  (Chef and Technical Advisor Chocolate & Cakes, Ahmedabad)

- "In my opinion, I Soumyak Bhattacharjee had a spectacular batch in SLU college where we conducted Food Production Course of Craft / skills for a period of 2 months. Indeed the students were participative, Creative and zeal-riddon in all aspects. In short they learnt and made us satisfied in terms of fulfilling the need to continue the course for forthcoming days. We look forward for the same splendid and awesome environment.

  Thank you very much."

  Date : 11-2-2015 **– Soumyak Bhattacharjee**

  (Teaching Associate, Food Production, IHM, Ahmedabad)

- "It was a wonderful experience today, in doing skin related camp with the dermatologist Dr. Panna Shah at SLU college.
  Thanks to all the teachers, students who participated in this camp.
  Heartfelt thanks to Principal for giving us this opportunity and request for future camps.
  Thanks."
  Date : 13-3-2015 **– Dhananjay Singh**
  (Territory Business Manager, Derma Division, Abbott, Mumbai)
- ''एस. एल. यु. कॉलेज जो 93 वर्ष पुराना है, मुझे स्वतन्त्र दिवस पर ध्वजरोहण के लिए बुलाया, इसके लिये में कॉलेज के पदाधिकारियों को धन्यवाद करता हूँ। कॉलेज बहुत ही उत्तम लगा। जब महिला शिक्षा के प्रति समाज की रुचि नहीं थी तब १९२० में तीन महिला को शिक्षा देकर इस कॉलेज की शुरूआत हुई। ये जानकर मुझे बहुत खुशी हुई। आज यहाँ काफी मात्रा में लड़कियाँ शिक्षा ले रही है ऐसी SLU College में आकर में अपने आपको गौरान्वित महसुस कर रहा हूँ। धन्यवाद।''
  ता. १५-८-२०१४ **– डॉ. सुरेन्द्रसिंघ पोखरण**
  (पूर्व वैज्ञानिक, ISRO, अहमदाबाद)

❀ ❀ ❀

# Reports on the visit of the NAAC Peer Team
**and**
# KCG Academic and Administrative Audit Team
**to**
## S. L. U. Arts and H. & P. Thakore Commerce College for Women

– **Dr. Madhusudan Mukerjee** *(Co-Ordinator)*
– **Dr. Rashmi Soni** *(Co-Coordinator)*

The Re-accreditation report (RAR) for the second cycle of the NAAC assessment was sent on $14^{th}$ October, 2014. The report was a summary of all the achievements and activities carried out at the college over the last five years. The same report was also submitted for the Academic and Administrative Audit conducted by the Knowledge Consortium of Gujarat.

While the NAAC Peer team scheduled their visit on the $27^{th}$ and $28^{th}$ of February, 2015, the KCG team opted to visit the college on $18^{th}$ and $19^{th}$ February, 2015.

**AAA...**





The AAA (Academic and Administrative Audit) team consisted of the following members:

| | | |
|---|---|---|
| Dr. P. R. Chauhan | Chairperson | Associate Professor, Govt. Arts and Commerce College, Rajkot |
| Dr. Charudatt Gurjar | Co-ordinator | Associate Professor, VP & RPTP Science College, VallabhVidyanagar |
| Dr. Sanjay Bhayani | Member | Professor of Management, Saurashtra University, Rajkot |

Their visit was an inspiring and interactive one and several of their suggestions were incorporated before the NAAC peer team visit.

**NAAC...**







The NAAC(National Assessment and Accreditation Council ) team consisted of the following members:

| | | |
|---|---|---|
| Dr. P. K. Yadav | Chairperson | Former Pro-VC,<br>Head and Dean,<br>Mahatma Jyotiba Phule,<br>Rohilkhand University |
| Dr. L. TharaBhai | Member, Co-ordinator | Former Professor &<br>Head Department of Sociology,<br>Madurai Kamraj University,<br>Fellow of Institute of<br>Gerontological Studies, Trivandrum |
| Dr. Kiran Reddy | Member | CEO & Principal,<br>Acharya Institue of Management<br>& Sciences, Bangalore. |

The preparation of the report enabled us to consolidate our strengths and arrive at a comprehensive perspective of our accomplishments in the last five years. The critiques presented by the two teams helped to bring into focus our assets and shortcomings and will surely assist us in developing a more focused vision for the future and planning to augment our efforts in all the evaluative criteria.

The KCG AAA report has already come in and we are glad to state that the team has given us a CGPA of 2.60. The NAAC report has given us a CGPA of 2.59- Grade B.

The management, the Principal, Dr. Sirali Mehta, the teaching and non-teaching staff and all other stakeholders of the institution provided immeasurable guidance and support during the entire process of accreditation. We are deeply grateful to them.

❀ ❀ ❀

# વાર્ષિક અહેવાલ : ૨૦૧૪-૨૦૧૫

## ★ શૈક્ષણિક :

લગભગ ૧૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓની સંખ્યા ધરાવતી આ કૉલેજના પરિણામો પ્રતિ વર્ષની જેમ ઉજ્જવળ રહ્યાં.

## પરિણામો (૨૦૧૩-૨૦૧૪)

| | | % | % |
|---|---|---|---|
| આર્ટ્સ : | BA SEM I & II | 77.34 | 67.34 |
| | BA SEM III & IV | 68.10 | 72.78 |
| | B.A. SEM V & VI | 84.72 | 67.13 |
| કોમર્સ : | B.Com SEM I & II | 82.65 | 85.85 |
| | B.Com SEM III & IV | 88.18 | 90.03 |
| | B.Com SEM V & VI | 83.40 | 75.31 |

## કોલેજનું ગૌરવ

### નૂઝહત શેખ :



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર V (81.66%)માં ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર VI (91.33%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને.
- ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આર્ટ્સ વિભાગમાં SEM VIમાં પ્રથમ સ્થાને ત્રણ સુવર્ણચંદ્રકથી સન્માનિત
  - – મૂળીબા પી. જેટલી મૅડલ
  - – શ્રીમતી કાશીબા મૅડલ
  - – સંકૂબહેન બાલુભાઈ મૅડલ



### અપ્સરા શેખસિપાઈ :

- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર V (82.00%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર VI (86.50%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને.

**તન્ઝીમ પટેલવ્હોરા :**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર III (77.85%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર IV (71.90%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને.



**ઝાઉ સેલ્વીના :**

- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર IV (70.00%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને.

**ઉઝમા ખલીફા :**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર I (77.14%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર II (81.22%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને.

## ★ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ :

- શૈક્ષણિક વર્ષના પ્રત્યેક સત્રમાં પ્રતિવર્ષની જેમ Parents Meetingનું આયોજન કરવામાં આવ્યું.

  પ્રથમ સત્રના પ્રારંભમાં વિશેષ તો પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓને કૉલેજનો પરિચય આપવાના ઉદ્દેશથી યોજાયેલ મિટિંગમાં કૉલેજની શૈક્ષણિક તેમજ વ્યક્તિત્ત્વ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ વિશે તથા કૉલેજ પરિવારના તમામ સભ્યોનો પરિચય કરાવવામાં આવ્યો. કૉલેજના Vision, Mission ઉપરાંત કૉલેજની ઐતિહાસિક બાબતો તેમજ માળખાગત સુવિધા, સગવડો વિશે જાણકારી આપવામાં આવી.

  **નોંધ :** તા. ૫ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગરના નેજા હેઠળ 'ચલો કૉલેજ અભિયાન' અંતર્ગત કૉલેજમાં 'Meet-2014'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વાલીઓ તથા વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં.

  આ કાર્યક્રમમાં KCG (Knowledge Consortuim of Gujarat)ના પ્રતિનિધિરૂપે શ્રી જે.આઈ.પટેલ (પ્રાધ્યાપક, સરકારી કન્યા પોલિટેક્નીક, અમદાવાદ) ઉપસ્થિત રહ્યા.

  ઉચ્ચ શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસને કેન્દ્રમાં રાખી યોજાયેલ Meetમાં સૌએ વિષયોચિત માહિતીની આપ-લે કરી.

બીજા સત્રમાં વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્ત્વ વિકાસના અનુસંધાનમાં માહિતી મેળવવાના હેતુથી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓએ સાનંદ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "પારિવારિક ભાવના ધરાવતી આ કૉલેજ વર્ષોના પોતાના Vision અને Missionને કેન્દ્રમાં રાખી મહિલા ઉત્કર્ષ-વિકાસની કામગીરી કરી રહી છે તે અનુભવી શકાય છે. વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાના ભાગરૂપે આયોજિત પ્રવૃત્તિઓમાં આચાર્ય, શિક્ષકોનું માર્ગદર્શન ખૂબ ઉપયોગી નીવડ્યું છે."

## ★ UGC દ્વારા અનુદાનિત કેરિયર ઑરિએન્ટેડ કોર્સિસ (COC) :

UGCના અનુદાનથી Career Oriented Courses અન્વયે (Human Resource and Personnel Management) (HRM) કોર્સમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું.

**Human Resource and Personnel Management Course :**

શ્રી પલ્લવિકા ભટ્ટે વહીવટી-સહાયક તરીકે કામગીરી કરી.

**Guest Lectures :**

**In the Campus :** ડૉ. જયશ્રી ઠાકોર તથા શ્રી મૃણાલ મહેતાની નિશ્રામાં

- તા. ૧૨-૧૩ ઑગસ્ટ, ૨૦૧૪ દરમિયાન Shri Maulin Munshi (Programme Executive, All India Radio, Ahmedabad)ના Communication Skill Development વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યાં.
- તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ Shri Rohit Thaker (HRD Consultant)નું Challenges of HRM વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું.

પ્રત્યેક વ્યાખ્યાનો બાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓએ સવિશેષ માહિતી મેળવી.

**Outside the Campus :**

તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત Bharatiya Vidya Bhavan's - H. B. Institute of Communication and Management (HBICM)ના યજમાનપદે આયોજિત 'Changing Seenario in Management' (Speaker : Shri V. P. Mashroo – The president of Harsha Engnieers Limited) વિષયક Guest Lecturerમાં ડૉ. જયશ્રી ઠાકોર, શ્રી મૃણાલ મહેતા તથા FY, SY તથા TY (HRM)ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં.

વ્યાખ્યાનબાદ પ્રશ્નોત્તરી દ્વારા સૌએ સવિશેષ માહિતી મેળવી.

### શૈક્ષણિક મુલાકાત :

તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ FY, SY તથા TY HRMના વિદ્યાર્થીઓએ શ્રી હિરેન વ્યાસના નેતૃત્ત્વ હેઠળ કઠવાડા (જિ. અમદાવાદ) સ્થિત Pragati Garlic Industriesની શૈક્ષણિક મુલાકાત લીધી.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ Industryની કામગીરી તથા તેના વિકાસમાં HRMનું યોગદાન વિશે જાણકારી મેળવી.

★ **Job Placement :**

**અમદાવાદના કોર્પોરેટ ક્ષેત્રમાં / Self Proprietor તરીકે કાર્યરત વિદ્યાર્થીઓ...**

| | | | |
|---|---|---|---|
| • Daya Radadiya | Front Officer | Claris Otsuka Pvt. Ltd. | Changodar Plant, Ahmedabad |
| • Divya Wegada | Co-Ordinator | V. S .Hospital | Ellisbridge, Ahmedabad |
| • Hetal Thakkar | HR. Executive | MAS Financial Services Ltd. | Neherubridge, Ahmedabad |
| • Sanjay Parmar | C.S.E (Client Service Executive) | Medusind Pvt. Ltd. | Prahallad Nagar, S. G. Highway Ahmedabad |
| • Saddam Chauhan | Process Executive | Ikya Human Capital Solution Ltd. | Law Garden, Ahmedabad. |
| • Trupti Prajapati | HR-Opretion on Boarding Executive | Pkya Human Capital Solution Ltd. | Law Garden, Ahmedabad |
| • Shaila Jambhale | HR- Admin | Abhinandan Travels Agency | Rambaug, Maninagar, Ahmedabad |
| • Azaz Momin | Manager | Tuition (Noble) Group Tuition | Shahalam, Danilimda, Ahmedabad. |
| • Gautamkumar Babariya | SBO | Kintech Synergy Pvt. Ltd. | Ambawadi, Ahmedabad |
| • Mayank Makwana | Owner | C.P.M. Eng. | Shankar Est. Vastral, Ahmedabad. |
| • Jignesh Parmar | Operation S.H. | Bluedart Express Ltd. | Sarkhej, Ahmedabad. |
| • Vishal Patankar | Asst. Labour Laug Consultant | Mashar's Associates | Incometax, Ahmedabad. |
| • Pallavika Bhatt | HR, Executive | Aroma Realties Ltd. | Drive-in-Road, Ahmedabad |

## ★ Faculty Development Programme :

- તા. ૧૫ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ "Health for Holistic Development" વિષયક આંતરકૉલેજ Faculty Development Programmeનું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા Dr. Dilip Pandya (MD-Ayu.)એ ઋતુગત આહાર, આયુર્વેદિક જડીબુટ્ટીઓ વગેરે વિશે સદૃષ્ટાંત માહિતી પૂરી પાડી. વક્તવ્ય બાદ અધ્યાપકોએ વૈચારિક આદાન-પ્રદાન દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૮ એપ્રિલ, ૨૦૧૫ના રોજ Ancient Healing Methods and Life Skills વિષયક Intercollege Faculty Development Programmeનું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા Dr. Prerak Shah (BAMS Panchkarma Vaidya, Ayulink Ayurveda Hospital, Ahmedabad)એ વિષયોચિત સરળ, સહજ શૈલીમાં વક્તવ્ય દ્વારા માનવીની દિનચર્યા વિશે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ થકી માહિતી આપી. ખાસ કરીને પરંપરાગત તબીબી પદ્ધતિઓ, રહેણીકરણી સાથે આધુનિક જીવનશૈલીને સાંકળી, મનનીય વક્તવ્ય આપ્યું.

  વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી દ્વારા અધ્યાપકોએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

## ★ Remedial Coaching for SC/ST/OBC and Minorities :

વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમિયાન વિવિધ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો લાભ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લીધો.

- Accountancy, Statistics વિષયક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોમર્સની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- Economics, Geography, Sociology વિષયક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો આર્ટ્સની વિદ્યાર્થિનીઓએ લાભ લીધો.
- શ્રી સબા સૈયદ મેહસાનિયા દ્વારા English Improvement & Communication હેઠળ
  - તા. ૧૫ સપ્ટેમ્બર – ૨૦ નવેમ્બર, ૨૦૧૪ દરમિયાન તથા
  - તા. ૧૨ જાન્યુઆરી – ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન

  ...વર્ગો યોજવામાં આવ્યાં. જેનો વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર લાભ લીધો.

## ★ Career and Counseling Cell :

વર્ષ દરમિયાન સેમિનાર, વ્યાખ્યાન તથા Campus Interview, Campus Awerness Programmeનું આયોજન કરવામાં આવ્યું.

- તા. ૨૪-૨૫ જુલાઈ, ૨૦૧૪ દરમિયાન કૉલેજ કેમ્પસમાં Flip Kart નેજા હેઠળ Online Shopping ખાસ કરીને પુસ્તકોની માહિતી દર્શાવતા Exhibitionનું આયોજન કરવામાં આવ્યું. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લાભ લીધો.

- તા. ૧૬-૧૭ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન કૉલેજ કેમ્પસમાં [Reckitt & Colman (overseas) Ltd. દ્વારા ઉત્પાદિત] R B Consumer Careના સહયોગથી Veet : 'Beauty Care' વિષયક Exhibitionનું આયોજન કરવામાં આવ્યું. કંપની તરફથી વિના મૂલ્યે Sampleનું વિતરણ કરી, વિદ્યાર્થીનીઓને પ્રોડક્ટથી માહિતગાર કરવામાં આવી.
- તા. ૧૦-૧૨ માર્ચ, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં KCG (Knowledge Consortium of Gujarat)ના નેજા હેઠળ UDISHA (Universal Development of Integrated employability Skills through Higher education Agencies) અંતર્ગત આયોજિત Soft Skill Training Programme-2015નું આયોજન કરવામાં આવ્યું. જેમાં – રોમાનાબાનુ કુરેશી (SEM II), વિધિ શાહ (SEM II) તથા શ્રેયાંસી ચનગોઈવાલા (SEM IV) – વિદ્યાર્થિનીઓ સહભાગી બની.
- તા. ૩૦ માર્ચ, ૨૦૧૫ના રોજ Gujarat Kelavani Trust સંચાલિત Training College for the Teachers of the Mentally Retardedના નેજા હેઠળ Career and Social Work (કારકિર્દી અને સમાજસેવા) વિષયક કારકિર્દી ઘડતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

  શ્રી દામિનીબહેન પટેલ તથા શ્રી લાભુભાઈ દેસાઈ (શિક્ષકો, જી.કે.ટી. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ)એ વિદ્યાર્થિનીઓને ટ્રેનિંગ કૉલેજના કોર્સિસ, તાલીમ તેમજ રોજગાર વ્યવસ્થા વગેરે વિશે સવિસ્તર માહિતી આપી. માહિતી બાદ સવિશેષ માહિતી લઈ, Training Collegeમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થિનીઓએ Registration Form ભર્યાં.

## ★ Skill Development :

તા. ૧૧, ૧૪, ૧૮, ૨૧, ૨૫, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૫ – પ્રત્યેક દિવસે શ્રી અનારબહેન પરીખની નિશ્રામાં શ્રી મિસ્બા શેખ (નિષ્ણાત – Aari Work)ના માર્ગદર્શન હેઠળ Aari Work Workshopનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ આ Workshop દ્વારા Aariworkની વિવિધ પદ્ધતિઓ વિશે જાણકારી મેળવી, પ્રેક્ટિસ કરી.

## ★ IQAC (Internal Quality Assurance Cell) :

This cell functions as a quality assurance mechanism of the college. It has representatives of all stakeholders including management, principal, family memebers, students, parents / guardians, alumini and external educationists such as representatives from the Gujarat University. Dr. Madhusudan Mukerjee Co-ordinator NAAC and Dr. Rashmi Soni Co-coordinator NAAC have streamlined efforts to incorporate suggeations by the IQAC for the all round improvement of the college. This is a continuons ongoing activity of the college.

## ★ Fashion Design Course :

**કૉ-ઑર્ડિનેટર શ્રી અનારબહેન પરીખના** માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ Multi Media દ્વારા વૈજ્ઞાનિક ઢબે અભ્યાસક્રમ મુજબ તાલીમબદ્ધ શિક્ષણ મેળવ્યું.

- ૧૫ જુલાઈ – ૧૫ ઑક્ટોબર, ૨૦૧૪ દરમિયાન TY-FDCના ભાગરૂપે Fashion Design Pattern Making Course અંતર્ગત વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં. Mr. Shakeel Mohammad (Clothing and Pattern Making-expert)ના માર્ગદર્શન હેઠળ ડેમોસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થિનીઓએ વિષયોચિત અભ્યાસ કર્યો.
- ૧૧ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ Usha International Ltd.ના કર્મચારીઓ દ્વારા સિલાઈ મશીન વિશે ડેમોસ્ટ્રેશન દ્વારા માહિતી આપવામાં આવી.
- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ Arts-Craft અંતર્ગત Paper Flower Making Workshopનું આયોજન કરવામાં આવ્યું. શ્રી ભાવેશ ઝાલા (આર્ટ ક્રાફ્ટ-નિષ્ણાત - આકાર એકેડેમી, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ડેમોન્સ્ટ્રેશન દ્વારા માહિતી મેળવી, સ્વ-અનુભવ લઈ વિષયોચિત જ્ઞાન મેળવ્યું.

**શૈક્ષણિક મુલાકાત**

- તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ વિદ્યાર્થિનીઓએ શ્રી અનાર પરીખના નેતૃત્ત્વમાં અમદાવાદમાં ગુજરાત સરકારના નેજા હેઠળ આયોજિત ખાદી-પ્રદર્શનની શૈક્ષણિક મુલાકાત લીધી. આકર્ષક રંગો તથા વિવિધતાવાળા આ ખાદી પ્રદર્શનની મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ ખાદીના Fibre થી Fabric સુધીના વણાટકામને નિહાળ્યું. ચરખાને ચલાવીને સ્વ-અનુભવ મેળવ્યો.

### Exhibitions

વર્ષ દરમિયાન અભ્યાસક્રમ આનુષંગિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. 'ખાદી' અંતર્ગત પ્રદર્શનો યોજાયાં.

- તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં પ્રહલ્લાદનગર રોડ ઉપર આવેલ Anay's Galleryમાં Fashion Fiesta અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઈનર ખાદી વસ્ત્રોનું પ્રદર્શન / વેચાણનું આયોજન કરવામાં આવ્યું. શહેરીજનો દ્વારા તેમાં સારો પ્રતિસાદ મળ્યો. મુલાકાતી શહેરીજનોએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "પ્રવર્તમાન સમયમાં Brand વસ્ત્રોની બોલબાલા હોય ત્યારે યુવાવર્ગ દ્વારા 'ખાદી'ની હિમાયત કરતા વસ્ત્રો તૈયાર કરાવવા એ ખૂબ સરસ બાબત છે. આવા પ્રદર્શનથી વિદ્યાર્થિનીઓને વ્યવસાયિક તાલીમ પણ મળે છે."
- તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ કૉલેજ કેમ્પસમાં Fashion Fiesta અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ખાદીની ડિઝાઈનર કુર્તીઓનું પ્રદર્શન / વેચાણનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રદર્શન નિહાળનાર તમામ વ્યક્તિઓએ વિદ્યાર્થિનીઓને અભિનંદન આપી, પ્રોત્સાહન આપ્યું.

ઉપર્યુક્ત બન્ને પ્રદર્શનને પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા પ્રકાશિત અને પ્રસારિત કરવામાં આવ્યાં.

**ડૉક્યુમેન્ટરી**

તા. ૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ વિદ્યાર્થિનીઓને જીવન ઉપયોગી Mind Capabilities નિર્દેશિત કરતી 'The Secret' નામની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી. ડોક્યુમેન્ટરી નિહાળ્યા બાદ શ્રી અનાર પરીખે વિદ્યાર્થિનીઓને તેમાં નિર્દેશિત પ્રસંગોને ટાંકીને કારકિર્દીલક્ષી પ્રોત્સાહક માહિતી આપી.

★ **SCOPE (Society for creation of opportunity through proficiency in English) :**

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષા પરના મહાવરાને સુદૃઢ બનાવવાના હેતુથી આયોજિત SCOPEની Employment Schemeનો લાભ ૭૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ લીધો તેમજ પરીક્ષામાં પણ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યું.

★ તા. ૧૯ જૂન, ૨૦૧૪ના રોજ IWW-VGSના સહયોગથી BURKINA FASO (in Africa)થી પધારેલ Boli nee Djibo Bintou (President, Chambre de Commerce ET. D' Industrie Du, Burkina faso)એ કૉલેજ કેમ્પસની શુભેચ્છા મુલાકાત લીધી.

★ તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ડૉ. ધ્રુમનબહેન દીવાનજીની સ્મૃતિમાં **'મૌસમ છલકી શબ્દની'** અંતર્ગત કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી પ્રફૂલ્લ રાવલ, શ્રી કૃષ્ણ દવે, શ્રી મિત્તલ રાજગોર તથા શ્રી હરદ્વાર ગોસ્વામીએ પોતાની રચનાઓ દ્વારા શ્રોતાજનોને તર-બ-તર કરી 'દાદ' અને 'દુબારા'નો માહોલ સર્જ્યો.

આ કાર્યક્રમમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ – કૌસરબાનુ અન્સારી, જિજ્ઞા પરમાર, હેમલત્તા સોનારા-એ પણ કાવ્યનું પઠન કર્યું.

★ અન્ય કોઈ સ્રોતમાંથી આર્થિક રાહત ન મળતી હોય એવી જરૂરિયાતમંદ, આર્થિક સહયોગ ઈચ્છતી વિદ્યાર્થિનીઓને **'માનવ કલ્યાણ ટ્રસ્ટ'**ના સહયોગ દ્વારા આર્થિક સહાય આપવાનું આયોજન થયું, જેનાથી ઘણી વિદ્યાર્થિનીઓને સહાય મળી.

★ તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની ઓઢવ સ્થિત ધ્વનિ જનરલ હૉસ્પિટલના ડૉ. વસંત પટેલ તથા મદદનીશ બહેનો – જીગીશા પંચાલ અને સ્વાતિ પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ કરવામાં આવી.

★ **'ફોરમ'**ના નેજા હેઠળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વિભાગના સંયુક્ત સહકારથી વિદ્યાર્થિનીઓ દ્વારા સંસ્થાના બોર્ડ પર સુવિચાર લેખનની પ્રવૃત્તિનું આયોજન પ્રતિ વર્ષની જેમ થયું.

★ તા. ૨૫ નવેમ્બર, ૨૦૧૪ના રોજ પ્રત્યેક વર્ષની જેમ પ્રકાશિત **'આરસી'** (A Mirror of this college) મેગેઝિન : શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩-૨૦૧૪, અંક-૯ : કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિની ઝલક,

અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓ દ્વારા લિખિત 'પરિવર્તન' સંબંધિત લેખ/કૃતિઓ તથા કૉલેજની વિકાસગાથાને દર્શાવતા માહિતીપ્રદ – મેગેઝિનના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી ઉર્વીશ કંથારીયા (જાણીતા પ્રકાશક અને લેખક)એ **'આરસી'**નું વિમોચન કરી જણાવ્યું કે, ''ઝડપથી બદલાતા યુગને કેન્દ્રમાં રાખી પ્રકાશિત 'પરિવર્તન' સંબંધિત આ કૉલેજના મેગેઝિનના મુખપૃષ્ઠથી જ પરિવર્તનશીલતાની વાચનયાત્રા દૃષ્ટિપાત થાય છે. વળી, વર્ષ દરમિયાનની કૉલેજની પ્રવૃત્તિઓ, અધ્યાપકો, વિદ્યાર્થિનીઓની લેખનકળા તથા ઐતિહાસિક ઝાંખી કરાવતી કૉલેજની વિકાસગાથા કૉલેજના શૈક્ષણિક વાતાવરણને ઉજાગર કરતા જોઈ શકાય છે. કૉલેજ પરિવારને અત્યારથી જ શતાબ્દી વર્ષ માટેની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. પ્રિ. ડૉ. સિરાલીબહેન, સંપાદક મંડળ તેમજ સમગ્ર એસ. એલ. યુ. પરિવારને હાર્દિક અભિનંદન.''

આ સમારોહમાં શ્રી કંથારીયાએ વિશેષ કરીને પ્રકાશન ક્ષેત્રે થઈ રહેલા પરિવર્તન વિશે પણ વિગતવાર માહિતી આપી.

★ તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ કૉલેજ કૅમ્પસમાં રેડિયો મિર્ચીના નેજા હેઠળ આયોજિત Uninor Yuvastar-2014 અંતર્ગતની વિવિધ સ્પર્ધામાં પ્રા. નરવતસિંહ ડામોરની નિશ્રામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

જેમાં,

➡ **Singing Competitionમાં**

| | | |
|---|---|---|
| **પ્રથમ** | : | **પૂજા ગઢવી** |
| | | **અંજલિ ચૌહાણ** |
| **દ્વિતીય** | : | **રૂપા ગઢવી** |

➡ **Dance Competitionમાં**

| | | |
|---|---|---|
| **પ્રથમ** | : | **બીના ચુડાસમા** |
| **દ્વિતીય** | : | **ભારતી ચૌહાણ** |

...સ્થાને વિજેતા બન્યાં.

આ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે ડૉ. વર્ષા પ્રજાપતિએ ભૂમિકા ભજવી.

★ સપ્ટેમ્બર-૨૦૧૪માં કૉલેજના Aarsi – A Journal of Social Reflecation (ISSN : 2231-2897; Vol-2; No-2; September 2014)નો દ્વિતીય અંક પ્રકાશિત થયો.

★ તા. ૨૭-૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન એસ.એલ.યુ. કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના સંયુક્ત સહયોગથી સ્થાપિત એસ.એલ.યુ. ટીચર્સ ઍન્ડ કન્ઝુયમ કૉ-ઑપરેટિવ સોસાયટી લિમિટેડના નેજા હેઠળ ઉદેપુર, કુંબલગઢ તથા શ્રીનાથજી ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અધ્યાપક મિત્રો તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ સહભાગી થયાં.

★ તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ 'શિક્ષકદિન' નિમિત્તે આર્ટ્સ, કૉમર્સ, હોમસાયન્સ, HRM કોર્સની વિદ્યાર્થિનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ઉજવણી કરી.

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ભારત-ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત-સંધાન-જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ-અંતર્ગત પ્રસારિત ભારત – ગુજરાત સરકારના કાર્યક્રમને આચાર્યશ્રી, અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓએ નિહાળ્યો.

★ તા. ૧૧ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત Smt. N.H.L. Municipal Medical Collegeના Department of PSM (Prevention and Social Medicine)ના MBBS વિદ્યાર્થીઓ – Shri Shefali Solanki, Shri Soham Shah, Shri Pankti Shah તથા Shri Kishan Shiyal – દ્વારા Social Welfare Projectના નેજા હેઠળ 'Health related common problems prevalent among the teenage girls and their awareness of the same by a pretest' વિષયક Medical Awareness Programmeનું આયોજન કરવામાં આવ્યું. જેમાંથી વિદ્યાર્થિનીઓએ સ્વાસ્થ્ય સંબંધી ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી.

★ તા. ૧૫ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ **સ્વાતંત્ર્ય દિન** નિમિત્તે કૉલેજ કેમ્પસમાં ધ્વજવંદન કાર્યક્રમ તેમજ દેશભક્તિના ગીતો થકી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

**ધ્વજવંદન**

આઝાદ ભારતના 67મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે એસ.એલ.યુ. કેમ્પસમાં યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમમાં એસ.એલ.યુ. પરિવાર સહિત ગુ.સ્ત્રી.કે.મંડળના હોદ્દેદારો, ભગીની સંસ્થા SMNK Dalal Collegeના સૌ સભ્યો ત્રિરંગી વસ્ત્રો પરિધાન કરી સામેલ થયાં. રાષ્ટ્રીય ભાવનાથી સભર વાતાવરણમાં પ્રા. મુકેશ બારૈયાએ Master of Ceremoniesની ભૂમિકા અદા કરી, મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્રસિંઘ પોખરણ (પૂર્વ વૈજ્ઞાનિક, ISRO,, અમદાવાદ)ને સલામી આપી આવકાર્યા.

શ્રી સુરેન્દ્રસિંઘએ ધ્વજ ફરકાવી, સૌને ૬૭મા સ્વાતંત્ર્યદિનની શુભેચ્છા પાઠવી, જણાવ્યું કે, સમગ્ર વિશ્વમાં વૈવિધ્યતાવાળા આપણા ભારત દેશમાં ઐક્યની ભાવના માટે પ્રત્યેક નાગરિક જાગૃત રહે તે ખૂબ જરૂરી છે. જેમણે સ્વાતંત્ર્ય ચળવળમાં અગ્રગણ્ય ભૂમિકા ભજવી છે તેવા મહાત્મા ગાંધીજીના આશીર્વાદથી સ્થપાયેલ આ કૉલેજના પટાંગણમાં ધ્વજવંદન કરતા હું આનંદની લાગણી અનુભવું છું. ભારત દિન-પ્રતિદિન વિજ્ઞાનના ક્ષેત્રમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરતું જાય છે તે આનંદની વાત છે. સાથે આપણે વિજ્ઞાન અભિશાપ ન બની જાય, વૈજ્ઞાનિક ઉપકરણો સજીવ સૃષ્ટિને હાનિ ન પહોચાડે તે માટે આપણે સૌએ સજાગ રહેવું પડશે. આપણી ભારતભૂમિના ગૌરવને વધારે તેવા સત્ કાર્યો કરીને, દેશદાઝથી શહીદી વહોરનાર સૌને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ. સૌને સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ.'

ધ્વજવંદન કાર્યક્રમની પૂર્વ તૈયારીમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ તથા પ્રા. મુકેશ બારૈયાએ સક્રિય કામગીરી કરી.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે કૉલેજના આચાર્યશ્રી, વિદ્યાર્થિનીઓ, અધ્યાપકો તથા કર્મચારી ભાઈ-બહેનોએ દેશભક્તિના ગીતો ગાઈને રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી. ફિલ્મી, ગેરફિલ્મી રાષ્ટ્રીય ગીતોથી સમગ્ર વાતાવરણ ઉલ્લાસમય બની રહ્યું.

★ તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ **ગાંધી નિર્વાણ દિન** નિમિત્તે કૉલેજ કેમ્પસમાં સફાઈ અભિયાન યોજાયું. આચાર્યશ્રી, અધ્યાપકો, કર્મચારી ભાઈ-બહેનો, વિદ્યાર્થિનીઓએ અભિયાનમાં જોડાઈને પોતાના કાર્ય દ્વારા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પી.

સફાઈ કાર્ય બાદ બધા જ સભ્યો સભાના રૂપમાં ગોઠવાઈ ગયાં. પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ સૌને સફાઈનું મહત્ત્વ, ગાંધીજીના વિચારો અને કાર્યોમાં સફાઈની મહત્તા વિશે ઉદ્‌બોધન કરી જણાવ્યું કે, ''આપણે વ્યક્તિગત કક્ષાથી આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી સ્વચ્છતાને પ્રાધાન્ય આપીશું તો આરોગ્યની ઘણી બધી સમસ્યાઓ હલ થઈ જશે, સૌને આરોગ્યપ્રદ વાતાવરણનો લાભ મળશે.''

ત્યારબાદ ગાંધીજીના આત્માને શાંતિ અર્થે સૌએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી.

ડૉ. શૈલજા ધ્રુવે ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર, ગુજરાત રાજ્ય દ્વારા પ્રસારિત અને પ્રકાશિત સફાઈ સંકલ્પપત્રને આધારે સૌને સફાઈ અંગેના શપથ લેવડાવ્યાં.

- **વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિઓ :**

- **સપ્તધારા :** સમગ્ર વર્ષ દરમિયાન સપ્તધારા પ્રવૃત્તિઓના આયોજનમાં **પ્રા. નરવતસિંહ ડામોર (કન્વીનર)** અને **ડૉ. વર્ષા પ્રજાપતિ (કૉ. કન્વીનર)** તથા કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિના આયોજનમાં **પ્રા. ભરત પટેલ (કન્વીનર), ડૉ. જૂઈ શાહ (કૉ. કન્વીનર)** તથા **ડૉ. દર્શના અંજારિયાએ (સહાયક)** તરીકે કામગીરી કરી.

ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત સરકારના નિયમાનુસાર વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા 'સપ્તધારા-સંગમ'ના નેજા હેઠળ વિવિધ બૌદ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત સિદ્ધિ હાંસલ કરી, ઈનામો મેળવ્યાં. જેમાં...

➠ **વક્તૃત્ત્વ સ્પર્ધા :**

**પ્રથમ** : **હેમલત્તા સોનારા** (B.A. SEM-V)
**દ્વિતીય** : **કિંજલ દેસાઈ** (B.A. SEM-V)
**તૃતીય** : **ભારતી ચૌહાણ** (B.A. SEM-V)

➠ **શીઘ્ર વક્તૃત્ત્વ સ્પર્ધા :**

**પ્રથમ** : **હેમલત્તા સોનારા** (B.A. SEM-V)
**દ્વિતીય** : **ભારતી ચૌહાણ** (B.A. SEM-V)
**તૃતીય** : **કિંજલ દેસાઈ** (B.A. SEM-V)

➠ **ચર્ચા :**

**પ્રથમ** : **ભારતી ચૌહાણ** (B.A. SEM-V)
**દ્વિતીય** : **કિંજલ દેસાઈ** (B.A. SEM-V)
**તૃતીય** : **હેમલત્તા સોનારા** (B.A. SEM-V)

➠ **ક્વિઝ :**

**પ્રથમ વિજેતા ટીમ :** **કૌસરબાનુ અન્સારી** (B.A. SEM-V)

**ફાતેમા સુતરવાલા** (B.Com SEM-III)

**ફરહીન મલેક** (B.A. SEM-III)

➠ **પાદપૂર્તિ સ્પર્ધા :**

**પ્રથમ :** **કૌસરબાનુ અન્સારી** (B.A. SEM-V)

**દ્વિતીય :** **હેમલત્તા સોનારા** (B.A. SEM-V)

➠ **કાવ્યપઠન સ્પર્ધા :**

**પ્રથમ :** **હેમલત્તા સોનારા** (B.A. SEM-V)

**:** **રૂપા ગઢવી** (B.A., SEM-V)

**દ્વિતીય :** **પૂજા ગઢવી** (B.A. SEM-V)

**તૃતીય :** **કૌસરબાનુ અન્સારી** (B.A. SEM-V)

➠ **નિબંધ સ્પર્ધા :**

**પ્રથમ :** **હેમલત્તા સોનારા** (B.A. SEM-V)

**દ્વિતીય :** **મિત્તલ રબારી** (B.A. SEM-V)

**તૃતીય :** **ગઝલ મિર્ઝા** (B.A. SEM-I)

➠ **મહેંદી સ્પર્ધા :**

**પ્રથમ :** **આયેશા પઠાણ** (B.Com. SEM-III)

**દ્વિતીય :** **અનિષા ઘાંચી** (B.Com. SEM-III)

**તૃતીય :** **ડાબીરા સૈયદ** (B.A. SEM-I)

➠ **રંગોળી સ્પર્ધા :**

**પ્રથમ :** **સ્નેહા ધુગે** (M.Com. SEM-I)

**દ્વિતીય :** **અવની જાદવ** (B.Com. SEM-III)

**તૃતીય :** **ખુશ્બુ રાણા** (B.A. SEM-V)

**પ્રોત્સાહન :** **આરઝૂ પઠાણ** (B.A. SEM-V)

➡ **ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા :**

પ્રથમ : **ખુશ્બુ રાણા** (B.A., SEM-V)

દ્વિતીય : **તન્ઝીમ પટેલવ્હોરા** (B.A., SEM-V)

તૃતીય : **ધારા મહેતા** (B.A. SEM-III)

➡ **કાર્ટુનિંગ સ્પર્ધા :**

પ્રથમ : **ખુશ્બુ રાણા** (B.A. SEM-V)

➡ **કૉલાજ સ્પર્ધા :**

પ્રથમ : **ખુશ્બુ રાણા** (B.A. SEM-V)

દ્વિતીય : **ડાબીરા સૈયદ** (B.A. SEM-I)

તૃતીય : **મારીયા મોરીસ્વાલા** (B.A. SEM-III)

➡ **પોસ્ટર મેકિંગ સ્પર્ધા :**

પ્રથમ : **મારીયા મોરીસ્વાલા** (B.A., SEM-III)

દ્વિતીય : **તન્ઝીમ પટેલવ્હોરા** (B.A., SEM-V)

તૃતીય : **ખુશ્બુ રાણા** (B.A., SEM-V)

પ્રોત્સાહન : **હેમલત્તા સોનારા** (B.A., SEM-V)

➡ **સુગમ સંગીત સ્પર્ધા :**

પ્રથમ : **સોફિયા મલેક** (B.A. SEM-III)

દ્વિતીય : **કાજલ મકવાણા** (B.A. SEM-III)

તૃતીય : **પૂજા ગઢવી** (B.A., SEM-V)

- વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમિયાન **હેમલત્તા સોનારા** (B.A., SEM-V & VI)ને ઉત્કૃષ્ટ દેખાવ માટે **ભાગીરથી કલા-કૌશલ ટ્રોફી એનાયત** કરવામાં આવી.

➡ **નવરાત્રિ મહોત્સવ :**

તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ નવરાત્રિ મહોત્સવના ભાગરૂપે ડૉ. સુષ્મા વોરા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતા કૉલેજનું મેદાન પરંપરાગત પરિધાનોથી નવરાત્રિમય બની રહ્યું.

**શ્રેષ્ઠ પરિધાન :**

પ્રથમ : **ફોરમ આદેસરા** (B.A., SEM-III)

દ્વિતીય : **ધ્વનિ મકવાણા** (B.A, SEM-V)

તૃતીય : **શાલિની બુંદેલા** (B.Com. SEM-I)

**શ્રેષ્ઠ અભિવ્યક્તિ :**

**પ્રથમ : ફોરમ આદેસરા** (B.A., SEM-III)

**દ્વિતીય : ધ્વનિ મકવાણા** (B.A., SEM-V)

**તૃતીય : જ્હાનવી શુક્લ** (B.Com. SEM-III)

- **ફોરમ આદેસરાએ શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા પુનઃ ડૉ. સુષ્મા વોરા ટ્રોફી પ્રાપ્ત કરી.**

**વિશેષ પુરસ્કાર :**

- **શૈક્ષણિક સ્ટાફ**
  - **શ્રેષ્ઠ અભિવ્યક્તિ : ડૉ. જૂઈ શાહ**
  - **શ્રેષ્ઠ પરિધાન : ડૉ. વર્ષા પ્રજાપતિ**
- **બિન-શૈક્ષણિક સ્ટાફ : શ્રી માયા સોની**
- **વિશેષ ઉત્સાહ પ્રદાન : ડૉ. દર્શના અંજારિયા**
- **ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ : કિર્તી જડિયા**
- **HRM કોર્સ : પલ્લવિકા ભટ્ટ**
- **ફેશન ડિઝાઈન કોર્સ : નિધિ ત્રિવેદી**
- **ICT સેન્ટર : નિકીતા મકવાણા**

## આંતર કૉલેજ / આંતર વિભાગ / રાજ્યકક્ષા / રાષ્ટ્રીય કક્ષાએ...

- તા. ૨૫-૨૮ ઑગસ્ટ, ૨૦૧૪ દરમિયાન GLS (Smt. M. R. Parikh) Institute of Commerce Collegeના યજમાનપદે આયોજિત Rang Bahar Inter-Collegiate Creative Art Competition અંતર્ગત...
  - **કાર્ટુનિંગ સ્પર્ધામાં તન્ઝીમ પટેલવ્હોરા** (B.A. SEM-V) **દ્વિતીય સ્થાને** વિજેતા બની, ટ્રોફી પ્રાપ્ત કરી.
  - ઑન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધામાં ખુશ્બુ રાણા (B.A., SEM-V)એ ભાગ લીધો.
  - પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં હનાન કાગઝી (B.A., SEM-III)એ ભાગ લીધો.
  - કૉલાજ સ્પર્ધામાં ખુશ્બુ રાણા (B.A., SEM-V)એ ભાગ લીધો.

- તા. ૫-૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન SAMANVAY-2014 – The Confluence of Talent અંતર્ગત New L. J. College of Commerceના યજમાનપદે આયોજિત ગુજરાત યુનિવર્સિટી, એલિસબ્રીજ દક્ષિણ વિભાગના યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ST. Xavier's Collegeના Diamond Jubilee Celebrationના ભાગરૂપે CWDC દ્વારા 'Women Empowerment' વિષય અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. જેમાં...
  - કૉલાજ સ્પર્ધામાં ખુશ્બુ રાણા (B.A. SEM-V)ને આશ્વાસન ઈનામ એનાયત થયું.
  - પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં આરઝુ પઠાણ (B.A. SEM-III)એ ભાગ લીધો.
- તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીનગર સ્થિત ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ, કૉલેજમાં ડૉ. પિંકેશકુમારી ગર્ગની નિશ્રામાં 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષયક Drawing Competition યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સ્પર્ધકોના નામ KCG E-mail : reportkcg30@gmail.com પર send કરવામાં આવ્યાં.

  Drawing Competition Committee દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં...

  **પ્રથમ** : **મુસ્કાન પઠાણ** (B.A., SEM-II)

  **દ્વિતીય** : **આરઝુ પઠાણ** (B.A, SEM-III)

  **તૃતીય** : **ડબીરા સૈયદ** (B.A. SEM-II)

  ...સ્થાને વિજેતા બન્યાં.
- તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદની K. K. Shah, Jarodwala Maninagar Science Collegeના યજમાનપદે 'Fine Arts Competition for UG Students' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. જેમાં...
  - **કાર્ટુનિંગ સ્પર્ધામાં તન્ઝીમ પટેલવ્હોરા** (B.A. SEM-VI) **પ્રથમ સ્થાને** વિજેતા બની, ટ્રોફી પ્રાપ્ત કરી.
  - **કૉલાજ સ્પર્ધામાં ખુશ્બુ રાણા** (B.A. SEM-VI) **પ્રથમ સ્થાને** વિજેતા બની, ટ્રોફી પ્રાપ્ત કરી.
- તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ દૃષ્ટિ સંસ્થાના 'નઝરિયા-ક્લબ' દ્વારા આયોજિત **વાર્તાલેખન સ્પર્ધામાં હેમલત્તા સોનારા** (SEM-VI)એ ભાગ લઈ, **વિશેષ ઈનામ** પ્રાપ્ત કર્યું.

- વિદ્યાર્થિનીઓની લાગણીને માન આપી, શિસ્ત તથા રાષ્ટ્રીય ગૌરવને કેન્દ્રમાં રાખી વિવિધ Days ઉજવાયાં. જેમ કે,

| **Day** | **ડ્રેસિંગ** | **ત્રીજા પિરિયડ પછી કરવાની પ્રવૃત્તિ** |
|---|---|---|
| Environment Day | લીલા-પીળા વસ્ત્રો પરિધાન | પર્યાવરણ જાગૃતિની પ્રવૃત્તિઓ |
| Mismatch Day | પંચરંગી વસ્ત્રો પરિધાન | ગૌરવપ્રદ રમુજી પ્રવૃત્તિઓ |
| National Unity Day | એકસરખા વસ્ત્રો પરિધાન | સમૂહ શક્તિને દર્શાવતી પ્રવૃત્તિઓ |
| Cultural Awarness Day | પાર્ટી વસ્ત્રો પરિધાન | ભારતીય સંસ્કૃતિને ઓપતી પ્રવૃત્તિઓ |
| Indian Traditional Day | સાડી, પ્રાદેશિક વસ્ત્રો પરિધાન | પ્રાદેશિક ઐક્ય દર્શાવતી પ્રવૃત્તિઓ |

- તા. ૭ એપ્રિલ, ૨૦૧૫ના રોજ **ત્રિવિધ કાર્યક્રમ –** અભિવ્યક્તિ ૨૦૧૫, ઈનામ વિતરણ, ટી.વાય. શુભેચ્છા-નું આયોજન કરવામાં આવ્યું.

**અભિવ્યક્તિ : ૨૦૧૫**

વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંયુક્ત ઉપક્રમે Annual Day યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓએ Solo Dance, Group Dance, Skit, Garba, Fashion Show વગેરે રજૂ કર્યા.

**ઈનામ વિતરણ :**

શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને બિરદાવવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્‌મંત્રી, ગુ.સ્ત્રી.કે. મંડળ), શ્રી સોમાભાઈ પટેલ (સહનિયામકશ્રી, ગુ.સ્ત્રી.કે.મંડળ), Shri Hemltta Punch તથા Shri Hemltta Solanki (Teachers, Eklavya Education Foundation, Ahmedabad) ઉપસ્થિત રહ્યાં.

મહેમાનો, આચાર્યશ્રી તેમજ અધ્યાપકોના શુભહસ્તે શૈક્ષણિક, સાંસ્કૃતિક, એન.સી.સી., રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને મેડલ, ટ્રોફી તથા ઈનામ આપી, સન્માનવામાં આવી. વિશેષમાં Eklavya Education Foundation દ્વારા Eklavya Scholorships of Excellence અંતર્ગત કૉલેજમાં First Year Arts તથા Commerceમાં Englishમાં Highest Marks મેળવનાર વિદ્યાર્થીઓ– હનાન મસૂદઅહેમદ કાગઝી (Arts) તથા શેખ લુબ્ના મહમ્મદયાસીન (Commerce) – ને Cheque, Medal and Certificate એનાયત કરવામાં આવ્યાં. સાથે તેમના Parentsને શ્રીફળ તથા ચાંદીના સિક્કા આપી સન્માનવામાં આવ્યાં.

**શુભેચ્છા :**

કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરનાર Arts તેમજ કૉમર્સની તમામ વિદ્યાર્થિનીઓને પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "વ્યક્તિત્વ ઘડતરમાં શિક્ષણ અને શિક્ષણ સાથે જોડાયેલ

પ્રવૃત્તિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. કૉલેજમાં આયોજિત વિવિધ પ્રવૃત્તિઓમાં આપણા સૌના સહિયારા પ્રયત્નોથી સાનુકુળ વાતાવરણ સર્જાતું રહ્યું તેનો મને આનંદ છે. સકારાત્મક વલણ હંમેશાં ધ્યેય-સિદ્ધિને ગતિ આપે છે, તેની પ્રતીતિ તમને અહીંથી થઈ જ હશે તેની મને ખાતરી છે. સમગ્ર એસ.એલ.યુ. પરિવાર વતીથી આપ સૌને પરીક્ષામાં ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત થાઓ તેમજ જીવનના પ્રત્યેક તબક્કે હંમેશાં ખુશ રહો તેવી શુભેચ્છા પાઠવું છું.

Best wishes for your future.”

## ● વિભાગીય પ્રવૃત્તિ :

વર્ષ દરમિયાન પ્રત્યેક વિભાગમાં તેમજ વિભાગીય અધ્યાપકો દ્વારા વ્યક્તિગત રીતે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ તેમજ આંતરવિભાગીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થયું. જેની વિગત આંતરવિભાગીય વિભાગમાં તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દૃષ્ટિગોચર થાય છે.

### ★ કોમર્સ વિભાગ :

- વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના શૈક્ષણિક વર્ષથી ગુજરાત યુનિવર્સિટીની મંજૂરીથી જુલાઈ, ૨૦૧૪થી કૉલેજમાં **કૉમર્સનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ થયું.** વિદ્યાર્થીઓએ યથોચિત English Medium કે Gujarati Mediumમાં પ્રવેશ મેળવ્યો.

  **પ્રા. ભરત પટેલ અનુસ્નાતક (M.Com) કેન્દ્રના કૉ-ઑર્ડિનેટર** તરીકે ફરજ બજાવે છે.

- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ડૉ. જૂઈ શાહ (અધ્યક્ષ, હોમસાયન્સ વિભાગ, એસ.એલ.યુ.કૉલેજ)નું SEM-Vની વિદ્યાર્થિનીઓ માટે Women Empowerment and Entrepreneurship વિશે વ્યાખ્યાન યોજાયું.

  વ્યાખ્યાન બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.

- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે ‘Banking Exam’ વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. શ્રી વિનોદ મોદી તથા શ્રી વિક્રમ જોશી (બેંક કામગીરી નિષ્ણાત)એ બેંકની પરીક્ષા સંબંધિત વિગતવાર માહિતી આપી. વ્યાખ્યાનબાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિસ્તર માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે Snowflakes Academyના નેજા હેઠળ Travel & Tourisium Management વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

  Smowflakes Academyના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થિનીઓને Earn While you learn... B.Com સાથે ટ્રાવેલ અને ટુરિઝમમાં પણ Career બનાવી શકાય એ દૃષ્ટિના વ્યાખ્યાન આપી, માહિતગાર કરવામાં આવી. વ્યાખ્યાનબાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદની C. U. Shah City Commerce Collegeના યજમાનપદે **Commerce Idol**ના નેજા હેઠળ **State Level Competition**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-VIની વિદ્યાર્થિનીઓ – આયેશા સિલાવત, ઝહરીન પઠાણ તથા સના શેખ એ ભાગ લીધો.

  જેમાં **આયેશા સિલાવત દ્વિતીય સ્થાને** વિજેતા બની.
- તા. ૭ માર્ચ, ૨૦૧૫ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે Amity Global Business Schoolના નેજા હેઠળ 'Carreer Guidance & Future Prospects' વિષયક સેમિનારનું આયોજન થયું. જેમાં શ્રી અવિનાશ ચંદ્રા (Faculty, Amity Global Business School, Ahmedabad)એ વિદ્યાર્થિનીઓને વિષયોચિત્ત વ્યાખ્યાન આપ્યું.

  વ્યાખ્યાનબાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ વિશેષ માહિતી મેળવી.

### ❑ પ્રા. ભરત પટેલ :

- તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત Gujarat Commerce Collegeના યજમાનપદે આયોજિત Management Practices and Research – Culture, Design and Business in Emerging, Markets વિષયક National Conferenceમાં 'Corporate Social Responsibility' વિશે પેપર રજૂ કર્યું.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં સક્રિયપણે કાર્યરત્.

  **પ્રકાશન :**

  **આર્ટિકલ :**

  'Carbon Credit' (ISBN : 978-81-929330-9-2) in Management Practices and Research, Dr. Pravin R. Patel & others (ed.), Published by Gujarat Commerce College, Ahmedabad, Year : 2015, Page : 30-33.

### ★ અર્થશાસ્ત્ર વિભાગ :

તા. ૨૧-૨૬ જુલાઈ, ૨૦૧૪ દરમિયાન શ્રી મિનેષ હઠીલાની નિશ્રામાં અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, અમદાવાદ તથા અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે 'યુવા સહકારી શિક્ષણ અને તાલીમ' અંતર્ગત સહકારના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. 'સહકાર' વિષયના નિષ્ણાતોના વ્યાખ્યાન દ્વારા SEM-I, III, Vની (અર્થશાસ્ત્ર) તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ માહિતી મેળવી.

**શૈક્ષણિક મુલાકાત :**

- તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ શ્રી મિનેષ હઠીલા તથા શ્રી અનિતા પટેલના નેતૃત્ત્વ હેઠળ અર્થશાસ્ત્ર વિષય આનુસંગિક અમદાવાદ સ્થિત ખેત ઉત્પાદન બજાર સમિતિની શૈક્ષણિક મુલાકાત લીધી.

  મુલાકાત દરમિયાન શાકભાજીની બજારવ્યવસ્થા વિશે સવિશેષ માહિતી મેળવી.

**Guest Lecture**

તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પ્રા. હેમન્તકુમાર શાહ (ઍસોસિયેટ પ્રોફેસર – એચ. કે. આટ્ર્સ કૉલેજ, અમદાવાદ; અર્થશાસ્ત્ર નિષ્ણાત; પત્રકાર)એ 'વર્તમાન આર્થિક પ્રવાહો' વિશે વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાન બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા વિશેષ માહિતી પ્રાપ્ત કરી.

❑ **પ્રિ. ડૉ. સિરાલી મહેતા :**

- ગુજરાત ચેમ્બર્સ ઑફ કૉમર્સની એજ્યુકેશન કમિટીના સભ્ય તરીકે નિયુક્ત.
- વિશ્વ ગુજરાતી સમાજ, આંતરરાષ્ટ્રીય મહિલા વિંગ (VGS-IWW)ની સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિયુક્ત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કામગીરી...
  - વિવિધ પરીક્ષાઓ સંબંધિત હોદ્દેદાર તરીકે
  - ગુજરાત યુનિવર્સિટીની વિવિધ સ્થાનિક તપાસ સમિતિના સભ્ય તરીકે
  - ગુજરાત યુનિવર્સિટી આંતરવિભાગીય યુવક મહોત્સવના આયોજન સમિતિના સભ્ય તરીકે

❑ **ડૉ. એમ. એમ. કોઠારિયા :**

- તા. ૧૩-૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના Agro-Economic Research Centre – Ministry of Agriculture, Govt. of India)ના યજમાનપદે Gujarat Economic Associationની 45th Annual Conferenceમાં સહભાગી થયાં.

★ **હોમસાયન્સ વિભાગ :**

આ વિભાગ દ્વારા તમામ પ્રવૃત્તિઓ **ભૂતપૂર્વ અધ્યક્ષા સ્વ.શ્રી ગીતાબહેન દીક્ષિતની સ્મૃતિમાં** કરવામાં આવે છે.

**Workshop**

- તા. ૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ SEM-Vની વિદ્યાર્થિનીઓએ પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં આયોજિત 'સ્પેસ ડીઝાઈનીંગ અને હાઉસ પ્લાનીંગ' વિષયક workshopમાં ભાગ લીધો.

  શ્રી ભાવિષા શાહ (સ્પેસ ડિઝાઈનર, હાઉસ પ્લાનર)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ હાઉસ પ્લાનનાં મૉડેલ તેમજ ઘરમાં જગ્યાઓના મહત્તમ ઉપયોગ વગેરે વિશે વિષયોચિત માહિતી મેળવી.
- પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં અને શ્રી મંજુ ગોયેન્કા (આર્ટિસ્ટ, નેચરલ હોબી ક્લાસ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક workshopમાં ભાગ લીધો.

જેમાં...

– તા. ૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ ફેબ્રીક પેઇન્ટિંગ વિશે.

– તા. ૨ જુલાઈ, ૨૦૧૪ના રોજ કેન્ડલ મેકિંગ વિશે જાણકારી મેળવી, સ્વ-અનુભવ લીધો.

- તા. ૮ જુલાઈ, ૨૦૧૪ના રોજ પ્રા. સ્મિતા દવેની નિશ્રામાં બ્રધર કંપનીના સહયોગથી 'આધુનિક એમ્બ્રોયડરી મશીન' અંતર્ગત workshopનું આયોજન કરવામાં આવ્યું. SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓને શ્રી મોહન પૂરી (રિજીયોનલ મેનેજરશ્રી, બ્રધર કંપની)એ અદ્યતન એમ્બ્રોઈડરી મશીનની સવિસ્તર માહિતી આપી. માહિતી બાદ વિદ્યાર્થિનીઓએ અદ્યતન મશીન દ્વારા એમ્બ્રોયડરીનો સ્વ-અનુભવ મેળવ્યો.

- તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં SEM-Vની વિદ્યાર્થિનીઓ માટે 'Furniture Design' અંતર્ગત workshopનું આયોજન કરવામાં આવ્યું.

  શ્રી ક્રિષ્ના મશરૂવાલા (આર્કિટેક્ટ અને ઇન્ટીરીયર ડિઝાઈનર)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ફર્નિચરની ડિઝાઈનીંગ ટેક્નિક અને આર્ટીસ્ટીક સ્કીલ વિશે માહિતી મેળવી.

- તા. ૧૪ અને ૧૬ માર્ચ, ૨૦૧૫ના રોજ પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં SEM-IVની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમને અનુલક્ષીને 'બ્યુટી કેર' અંતર્ગત workshopનું આયોજન કરવામાં આવ્યું.

  શ્રી ઈશાની શાહ (પૂર્વ વિદ્યાર્થિની; બ્યુટીશીયન – સહેલી બ્યુટી પાર્લર, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ હર્બલ ફેશીયલ, હર્બલ હેર મસાજ અને હેર પેક, વેક્સીંગ, થ્રેડીંગ, ટેટુ, નેઇલ આર્ટ, મહેંદી મેકિંગ વગેરે વિશે સ્વ-અનુભવ દ્વારા માહિતી મેળવી.

### સેમિનાર

- તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ડૉ. જૂઈ શાહની નિશ્રામાં SEM-Vની વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં મેડીલિંક હૉસ્પિટલ રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત 'Dietician C. N. E.-2014' વિષયક સેમિનારમાં સહભાગી થઈ.

  **નોંધ :** ડૉ. જૂઈ શાહ – મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી, વિષયોચિત વક્તવ્ય આપ્યું.

### ➠ હોમસાયન્સ વિભાગના યજમાનપદે Skin and Hair Care Camp :

તા. ૧૩ માર્ચ, ૨૦૧૫ના રોજ કૉલેજના હોમસાયન્સ વિભાગના યજમાનપદે Skin and Hair Careનો Free Camp યોજવામાં આવ્યો. Abotte Companyના Shri Dananjay Singh (Territory Business Manager, Derma Division)ના સહયોગ દ્વારા આયોજિત આ કેમ્પનો લાભ અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓએ લીધો.

ડૉ. પન્ના એમ. શાહ (સ્કીન અને હેર સ્પેશિયાલીસ્ટ; સ્કીન કેર ક્લિનીક, અમદાવાદ) દ્વારા લાભાર્થીઓએ વ્યક્તિગત રીતે સ્કીન અને વાળની સમસ્યા અને ઉપાય વિશે વિના મૂલ્યે જાણકારી મેળવી. તદ્ઉપરાંત Abotte Company દ્વારા લાભાર્થીઓને જરૂરિયાત મુજબ દવાઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

**ડેમોન્સ્ટ્રેશન**

તા. ૧૫ જુલાઈ, ૨૦૧૪ના રોજ ડૉ. જૂઈ શાહની નિશ્રામાં SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ 'માઈક્રોવેવ વાનગીઓ' અંતર્ગત શ્રી અમી દવે (રસોઈ નિષ્ણાત)ના માર્ગદર્શન હેઠળ ડેમોન્સ્ટ્રેશન દ્વારા માઈક્રોવેવ સંબંધિત અનેક વાનગીઓ વિશે જાણકારી મેળવી.

**હોમસાયન્સ વિભાગના યજમાનપદે Hospitality Training Programme (હુન્નર સે રોજગાર) અંતર્ગત Food Production Course :**

તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૪ થી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન ડૉ. જૂઈ શાહની નિશ્રામાં SEM-IV તથા VIની વિદ્યાર્થિનીઓએ કૉલેજમાં ભારત સરકારની CBSP Scheme અંતર્ગત ઉદ્યોગ સાહસિકતાની તાલીમના નેજા હેઠળ આયોજિત 'Hospitality Training Programme' 'હુન્નર સે રોજગાર' અંતર્ગતના Food Production Courseમાં ઉત્સાહભેર ભાગ લીધો.

વિભાગીય અધ્યાપકોના સહકાર તેમજ અમદાવાદ સ્થિત Institute of Hotel Management Catering & Nutritionના શૅફ – શ્રી પ્રદીપજી, શ્રી ભટ્ટાચાર્યજી તેમજ આસિસ્ટન્ટ શ્રી રાગ્નેશજીના માર્ગદર્શન હેઠળ ડેમોન્સ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થિનીઓએ વિષયોચિત તાલીમ મેળવી. તાલીમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ National and International Cuisine અંતર્ગત અનેકવિધ વાનગીઓ દ્વારા વાનગી બનાવવાની ધંધાકીય આવડત કેળવી.

ભારત સરકારની CBSP Scheme દ્વારા આયોજિત આ Free Training Programmeના તાલિમાર્થી વિદ્યાર્થિનીઓને Government of Indiaનું ઉદ્યોગ સાહસિકતાની તાલિમ – કુકરી અંગેનું સર્ટિફિકેટ ઉપરાંત એપ્રનના ૨ સેટ્સ, કુકરી ટુલ કીટ, ફ્રી લંચ તેમજ stipend (રૂા. ૨૦૦૦/-) આપી પ્રોત્સાહિત કરવામાં આવી.

ડિસેમ્બર-ફેબ્રુઆરી – બે મહિના સુધી યોજાયેલ આ Training Programme સૌહાર્દપૂર્ણ વાતાવરણને લીધે સફળતાપૂર્વક સંપન્ન થયો.

## શૈક્ષણિક મુલાકાત

- ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૪ના પ્રત્યેક શનિવારના રોજ પ્રા. રૂપલ દેસાઈના માર્ગદર્શન હેઠળ SEM-Vની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક (હાઉસીંગ ઍન્ડ સ્પેસ ડિઝાઈનીંગ) અમદાવાદના વિવિધ સ્થળોની શૈક્ષણિક મુલાકાત, પૉટલક પાર્ટી સહિત લીધી. જેમાં...

Art Palace – સુશોભન આર્ટિકલ્સ; નેપ્ચ્યુન હાઉસ – ટેપેસ્ટ્રી; વિક્રમ ચેમ્બર્સ – સેનેટરી વેર; કપાસી – હેન્ડીક્રાફ્ટ; ગુર્જરી – હેન્ડીક્રાફ્ટ; એરોડ્રેપ – ફર્નિશિંગ; એટહોમ – ફર્નિશિંગ; હોમ ટાઉન – ફર્નિશિંગ મટીરિયલ્સ; સંસ્કૃતિ – ટેપેસ્ટ્રી; લેમ્પ હાઉસ – લાઈટીંગ; ગ્રાન્ડ ભગવતી – ફર્નિશિંગ; ઈન સાઈડ આઉટ સાઈડ શો – ફર્નિશિંગની શૈક્ષણિક મુલાકાત લઈ વિષયોચિત વ્યવહારુ તેમજ વ્યવસાયિક માહિતી મેળવી.

- તા. ૩૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ ડૉ. પિંકેશકુમારી ગર્ગના નેતૃત્ત્વ હેઠળ SEM-Vની વિદ્યાર્થિનીઓએ અમદાવાદના પાલડી વિસ્તારમાં ગુજરાત સરકારની બાગાયત નિયામક કચેરીના નેજા હેઠળના ફૂડ પ્રિઝર્વેશન સેન્ટરની શૈક્ષણિક મુલાકાત લીધી.

  મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ ફૂડ પ્રિઝર્વેશનમાં વપરાતા ફૂડ પ્રિઝર્વેટિસ, વિવિધ ફળ તેમજ શાકભાજીના જ્યુસ કાઢવાના મશીન, પલ્પ કાઢવાનું મશીન, કેનિંગ-બોટલીંગ કરવાની પદ્ધતિ વગેરે વિશે જાણકારી મેળવી.

  વિશેષમાં આ સેન્ટર દ્વારા વિદ્યાર્થિનીઓએ જામ, જેલી અને નેક્ટર બનાવવાની તાલિમ પણ લીધી.

- તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ ડૉ. જૂઈ શાહના નેતૃત્ત્વ હેઠળ જીવરાજ મહેતા હૉસ્પિટલની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી નિધિ શાહે (ડાયેટ કીચન – મેનેજર; પૂર્વ વિદ્યાર્થિની – એસ.એલ.યુ. કૉલેજ) વિદ્યાર્થિનીઓને ડાયટિશિયન, ડાયટ કીચન, ડાયટેટિક મેનેજમેન્ટ, કિચન સુપરવાઈઝર વિશે સવિસ્તર માહિતી આપી.

## સ્પર્ધાઓ

- તા. ૩ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ National Nutrition Week Celebration અંતર્ગત Marico Company, Ahmedabadના નેજા હેઠળ આયોજિત…
  - ‘ઓમેગા-૩ સેચ્યુરેટેડ ફેટીએસિડ વર્સીસ સિમ્પલ કાર્બ’ વિષય ઉપર નિબંધ સ્પર્ધામાં

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **ધરતી સોની** | SEM-I |
| **દ્વિતીય** | : | **સકિના ગોધરાવાલા** | SEM-I |
| **તૃતીય** | : | **બુશરા મીઠાવાલા** | SEM-I |

  … સ્થાને વિજેતા બની.

  - સફોલા વિષયક **ક્વિઝ**માં **તન્ઝીમ પટેલવ્હોરા** (SEM-V) **પ્રથમ સ્થાને; બુશરા મીઠાવાલા** (SEM-I) અને **વિમલા પટેલ** (SEM-I) **દ્વિતીય સ્થાને; સકિના ગોધરાવાલા** (SEM-I) અને **દિપલ ગજ્જર** (SEM-V) **તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.

- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ગાંધીનગરની પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમસાયન્સ વિભાગ દ્વારા ‘હેલ્ધી રેસીપીઝ – સ્વાસ્થ્યપ્રદ વાનગીઓ’ અંતર્ગત આયોજિત આંતરકૉલેજ **વાનગી**

**સ્પર્ધામાં** અમી શાહ (SEM-V), યાસીરા મન્સૂરી (SEM-I) તથા મુનિરા વાસણવાળા (SEM-I)એ ડૉ. જૂઈ શાહની નિશ્રામાં ભાગ લીધો. જેમાં **અમી શાહ** (SEM-V) **દ્વિતીય સ્થાને વિજેતા બની.**

- તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે 'સ્વાસ્થ્યપ્રદ વાનગીઓ' અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ સ્પર્ધામાં Hotel Management Catering & Nutritionના શૅફ – શ્રી પ્રદીપજી તથા શ્રી રાગ્નેશજી એ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી. આ સ્પર્ધામાં.

  **પ્રથમ** : **અમી શાહ** (SEM-VI)

  **દ્વિતીય** : **સમા રાહીન** (SEM-IV)

  **તૃતીય** : **અભિતી પટેલ** (SEM-IV)

  **ઉઝમા ખલીફા** (SEM-IV)

  ...સ્થાને વિજેતા બન્યા.

**જાગૃતિ કાર્યક્રમ :**

પર્યાવરણ દિન નિમિત્તે વિદ્યાર્થિનીઓએ પ્રા. ડૉ. દર્શના અંજારિયાના નેતૃત્ત્વ હેઠળ વૃક્ષારોપણ કર્યું. સાથોસાથ પર્યાવરણ સાચવણીની મહત્તા વિશે માહિતી પ્રાપ્ત કરી.

### ❑ ડૉ. જૂઈ શાહ :

- ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત 'સંધાન' જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ અંતર્ગત...
  - તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ Importance of Food, Nutrition and Nutrients વિશે,
  - તા. ૨૭ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ Food Groups and their Functions વિશે,
  - તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ Major Nutrients – Protein, Carbohy dvates, Fat and Water વિશે વ્યાખ્યાનો આપ્યાં.
- તા. ૨ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ જયપુર (રાજસ્થાન)માં ICMBSના યજમાનપદે આયોજિત Management and Behavioral Science વિષયક International Conferenceમાં Women Enterpreneorsship : Challenges and Opportunities વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૫ માર્ચ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં ગુજરાત સરકારના આહાર અને પોષણ વિભાગ, ICDM વિભાગના નેજા હેઠળ આંગણવાડીની બહેનો માટે આયોજિત કાર્યક્રમમાં 'એનિમિયા' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું.

- તા. ૯ એપ્રિલ, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત ગર્લ્સ પોલિટેકનીકના ક્લોધીંગ ઍન્ડ ટેક્ષટાઈલ્સ વિભાગ દ્વારા આયોજિત પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કામગીરી કરી.
- વર્ષ ૨૦૧૪-૨૦૧૭ના સમયગાળા માટે બરોડા સ્થિત M. S. Universityના…
  - બોર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)
  - ડિપાર્ટમેન્ટ ઑફ હોમસાયન્સ એક્ષટેન્શન અને કોમ્યુનિકેશન
  - ફેકલ્ટી ઑફ ફેમિલી અને કોમ્યુનિટી સાયન્સ

  …માં વિષય-નિષ્ણાંત સભ્ય તરીકે નિયુક્ત થયાં.
- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)ના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં Ph.D. (હોમસાયન્સ) ગાઈડ તરીકે કાર્યરત.
- મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર – Ph.D. (હોમસાયન્સ)ના રેફરી તરીકે કાર્યરત.
- વિવિધ યુનિવર્સિટીમાં વિષય નિષ્ણાંત (હોમસાયન્સ) તરીકે શિક્ષણ તથા પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની એમ.ફિલ., પીએચ.ડી. પ્રવેશ (હોમસાયન્સ) કાર્યવાહી સમિતિના સભ્ય તરીકે કાર્યરત.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા પ્રકાશિત પુસ્તકના (હોમસાયન્સ) લેખિકા તરીકે કાર્યરત.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સંચાલિત સર્ટિફિકેટ ઇન ફૂડ ઍન્ડ ન્યુટ્રીશન કોર્સમાં હોમસાયન્સ – વિષય નિષ્ણાત તરીકે કાર્યરત.

  **પ્રકાશન :**

  **આર્ટિકલ :** 'Assessment of the Nutritional Status of Pregnant Women in Ahmedabad City' : (ISSN-2231-2897); AARSI – A Journal of Social Reflection; Published by S.L.U. College; Vol. 2, No. 2, September-2014. Pg. No. 149-168.

## ❑ પ્રા. સ્મિતા દવે :

ગુજરાત યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહ ભાવનગર યુનિવર્સિટી તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)ના સભ્ય તરીકે કાર્યરત.

## ❑ ડૉ. પિંકેશકુમારી ગર્ગ :

તા. ૨૯-૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના સ્કૂલ ઑફ સાયન્સીસના Department of Botanyના યજમાનપદે આયોજિત 'Strategies to understand Sustainable Utilization of Plant Welth (SUSUP-2014) વિષયક National Seminarમાં સહભાગી થયાં.

### ❑ પ્રા. નયના પ્રજાપતિ :

તા. ૬ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ગવર્મેન્ટ પોલિટેકનિક ફોર ગર્લ્સમાં

– 'કૉર્સ ઑફ માલ ન્યુટ્રીશન ઍન્ડ ઇમ્પોર્ટન્સ ઑફ બેલેન્સ ડાયટ' વિશે વ્યાખ્યાન આપ્યું.

– 'સસ્તી પૌષ્ટિક વાનગી' અંતર્ગતની વાનગી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કામગીરી કરી.

## ★ ગુજરાતી વિભાગ :

- **માતૃભાષા વંદના દિવસની ઉજવણી**

તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ માતૃભાષા વંદના દિવસ નિમિત્તે SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્ત્વ હેઠળ માતૃભાષા વંદના દિવસ અંતર્ગત **ત્રિવિધ કાર્યક્રમ** – વ્યાખ્યાન, કાવ્યપઠન, ચાર્ટ પ્રદર્શનનું આયોજન કર્યું.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ ગુજરાતી વિભાગને અભિનંદન આપી જણાવ્યું કે, "સાંપ્રત સમયમાં વૈશ્વિકરણની પ્રક્રિયા ખૂબ ઝડપથી ગતિ કરી રહી છે, એવા સમયે માતૃભાષાના અસ્તિત્વને ટકાવી રાખવામાં સઘન પ્રયત્નો થવા ખૂબ જરૂરી છે. મને આનંદ છે કે, ગુજરાતી વિભાગે આજે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરીને આપણી માતૃભાષા – ગુજરાતીના જતન અને પ્રસરણના વિચારને વેગવંતો કર્યો. સૌને માતૃભાષા વંદના દિવસની હાર્દિક શુભેચ્છાઓ."

**➠ વ્યાખ્યાન :**

વ્યાખ્યાન કાર્યક્રમમાં ત્રણ અધ્યાપકોએ માતૃભાષાના મહત્ત્વ વિશે માહિતી આપી.

– ડૉ. જલ્પા ગજ્જર (ઍસોસિયેટ પ્રોફેસર, એસ.એમ.એન.કે.દલાલ કૉલેજ ફોર વિમેન) એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિને જ્યારે પોતાની વાત સહજતાથી કહેવી હોય ત્યારે તેમાં સ્વાભાવિક રીતે જ તેની માતૃભાષા સહાયક બને છે. વળી, Teaching & Learningની બાબતમાં આપણે સૌ અનુભવીએ છીએ કે માતૃભાષા દ્વારા વ્યક્ત થતી અભિવ્યક્તિથી આપણે જે તે બાબતને ખૂબ ઝડપથી સમજી શકીએ છીએ. 'જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત' – આ ઉક્તિ જ દર્શાવે છે કે પ્રદેશ સાથે ભાષા કેટલી ગાઢ રીતે સંકળાયેલી છે. વિશ્વભરમાં માત્ર 'કેમ છો ?' વાક્યથી જ ભલભલા કાર્યો થતા આપણે જોઈ શકીએ છીએ. માતૃભાષા વંદના એટલે આપણી સંસ્કૃતિનું જતન. આપણે સૌ તેના જતનમાં યોગદાન આપતા રહીએ."

– ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ (ઍસોસિયેટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, એસ.એલ.યુ.કૉલેજ)એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, 'ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો, જ્યારથી માનવસમાજમાં ભાષાનો

ઉદ્ભવ-વિકાસ થતો ગયો તેમ તેમ સમયાંતરે પ્રત્યેક પ્રાદેશિક ભાષાઓમાં ભાષા સાથે બોલીઓ પણ વિકસી. જેણે ભૌગોલિક ઓળખ પણ આપી. વ્યક્તિને કોઈપણ પાયાગત બાબતો જાણવા, શીખવા કે સમજવામાં માતૃભાષા હંમેશાં સહાયરૂપ નિવડે છે. શાળા-કૉલેજમાં માતૃભાષા વંદના દિવસની ઉજવણી દ્વારા માતૃભાષા સાથે સંબંધિત બાબતોની ચર્ચા-વિચારણા કરવાનું પ્લેટફોર્મ મળી રહે છે. વળી, તેના દ્વારા જ આપણે માતૃભાષાનું ગૌરવ કરીએ છીએ. આપણે સૌ આપણી માતૃભાષા ગુજરાતીની વંદના કરતા રહીએ એવી શુભેચ્છાઓ.''

– પ્રા. મુકેશ બારૈયા (અધ્યાપક સહાયક, રમતગમત વિભાગ, એસ.એલ.યુ.કૉલેજ)એ રમતો અને માતૃભાષાના સહસંબંધને દર્શાવતા જણાવ્યું કે, ''રમતજગતમાં ખાસ કરીને પડતા-આખડતા સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે ખેલાડીના મુખેથી હંમેશાં તેની માતૃભાષામાં જ ઉદ્ગારો અભિવ્યક્ત થાય છે. માતૃભાષા વ્યક્તિગત જીવનઘડતર તેમજ વિકાસમાં અનન્ય ફાળો આપે જ છે. માટે તેની વંદના કરવી જરૂરી નહીં પણ આવશ્યક છે. આપણી માતૃભાષા ગુજરાતીની મહત્તાને હંમેશાં વિજયપથ તરફ દોડાવતાં રહીએ એવી શુભેચ્છાઓ.

**➠ કાવ્યપઠન :**

વિભાગીય અધ્યાપકો – ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. વર્ષા પ્રજાપતિ અને SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ વિવિધ સર્જકો દ્વારા ગુજરાતી ભાષામાં રચાયેલ કાવ્યોનું પઠન કરીને, પ્રાચીન-અર્વાચીન ગુજરાતી કાવ્યોનો આસ્વાદ સૌ શ્રોતાજનોને કરાવ્યો.

**➠ ચાર્ટ પ્રદર્શન :**

વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ ગુજરાતી સર્જકો – સાહિત્યકારોના જીવનકવન, પ્રાચીન-અર્વાચીન કાવ્યો, ગુજરાતી વિષયમાં ભાષા-વિજ્ઞાનના પેપર સંબંધિત પાસાઓ વગેરેને લગતા ચાર્ટ્સ તૈયાર કર્યા.

વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર થયેલા ચાર્ટ્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું. જેનો લાભ કૉલેજ કેમ્પસના સૌ સદસ્યોએ લીધો.

માતૃભાષા વંદના દિવસની પારસ્પરિક શુભેચ્છા દ્વારા ત્રિવિધ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

**શૈક્ષણિક મુલાકાત :**

- તા. ૨૭ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્ત્વ હેઠળ SEM-III (અભ્યાસક્રમ : ૨૦૩ : મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય) અને SEM-V (અભ્યાસક્રમ : ૩૦૨ : ભાષા વિજ્ઞાન)ની

વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમના અનુસંધાનમાં અમદાવાદ સ્થિત લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલયની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન હસ્તપ્રતો ઉપરાંત પ્રાચીન સિક્કા, શિલ્પ-સ્થાપત્યના નમૂના તથા ચિત્રકળા વિશે માહિતી મેળવી.

- તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્ત્વ હેઠળ SEM-Vની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ : ૩૦૨ : ભાષાવિજ્ઞાનના અનુસંધાનમાં અમદાવાદ સ્થિત M. J. Libraryની શૈક્ષણિક મુલાકાત લઈ, વિવિધ પ્રકારના પ્રાચીન-અર્વાચીન સાહિત્યિક પુસ્તકો વિશે માહિતી મેળવી.
- તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્ત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ...
  - અભ્યાસક્રમ : ૩૧૨ : ભાષાવિજ્ઞાનના અનુસંધાનમાં અમદાવાદના ગુજરાતી સાહિત્ય પરિષદની શૈક્ષણિક મુલાકાત લીધી.

    પ્રા. ઈતુભાઈ કુરકુરિયાના માર્ગદર્શન હેઠળ ગ્રંથાગાર અને પુસ્તકાલયની મુલાકાત લઈ સાહિત્ય સર્જકોની સર્જનકલા વિશે માહિતી મેળવી. તદ્‌ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા થતા સાહિત્ય આનુસંગિક કાર્યો - પ્રવૃત્તિ વિશે જાણકારી મેળવી.

    વિશેષ : સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત પુસ્તક મેળા દ્વારા અનેકવિધ પુસ્તકોનું અવલોકન કર્યું.
  - અભ્યાસક્રમ : 315-B : 'સત્યના પ્રયોગો'ના અનુસંધાનમાં અમદાવાદના સાબરમતી આશ્રમની શૈક્ષણિક મુલાકાત લીધી.

    મુલાકાત દ્વારા ગાંધીજીના સાદગીસભર જીવન અને કાર્યોની સવિશેષ સમજ મેળવી.

### ફિલ્મ શો / ડોક્યુમેન્ટરી :

વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસક્રમ અનુસાર ફિલ્મ / ડોક્યુમેન્ટરી બતાવીને વિશેષ માહિતી આપવામાં આવી.

- Sem-I : 'ઝેર તો પીધા છે જાણી જાણી'ના સર્જક મનુભાઈ પંચોલી 'દર્શક'ના જીવનકવન આધારિત DVD બતાવવામાં આવી.
- SEM-II : પૃથિવી વલ્લભ નવલકથા પર આધારિત 'માલવપતિ મુંજ' ફિલ્મ બતાવવામાં આવી.
- SEM-VI : 'સત્યના પ્રયોગો'ના અનુસંધાનમાં 'ગાંધી' ફિલ્મ બતાવવામાં આવી.

વર્ષ દરમિયાન સમયાંતરે ગુજરાતી સાહિત્ય અકદામી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ સાહિત્ય સર્જકોની જીવન-ઝરમરની DVD બતાવવામાં આવી.

**વ્યાખ્યાન :**

તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે 'ગઝલ' અનુસંધાનમાં વ્યાખ્યાન યોજવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી હરદ્વાર ગોસ્વામી (જાણીતા કવિ તથા લેખક)એ વિષયોચિત વક્તવ્યમાં ગઝલના ઉદ્‌ભવ-વિકાસ વિશે વિસ્તૃત માહિતી આપી. વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી દ્વારા ગઝલવિષયક વિશેષ માહિતીનું આદાન-પ્રદાન થયું.

## ❑ ડૉ. અર્ચના પંડ્યા :

**પ્રકાશન :**

**આર્ટિકલ :**

Department of Higher Education, Gujarat State દ્વારા KCG (Knowledge Consortium of Gujarat)ના નેજા હેઠળ પ્રસારિત E-Journal of Humanities (ISSN : 2279-0233)માં…

– 'ત્રણ સવાલ' લેખ (May-June-2014) પ્રકાશિત / પ્રસારિત
– 'સુન્દરમ્‌ની બાલ કવિતામાં ગુજરાતી વ્યાકરણ' લેખ (March-April-2014) પ્રકાશિત / પ્રસારિત

## ❑ ડૉ. વર્ષા પ્રજાપતિ :

– UGC Sponsored Minor Research Project અંતર્ગત 'A study of three noteworthy Dramatists in Contemporary Gujarati Literature (Selected Plays) વિષય પર સંશોધન કાર્ય કર્યું.

**પ્રકાશન :**

**આર્ટિકલ :**

– 'અજાણ્યો જણ – હૃદયઉર્મિઓની ગીતમંજરી' (ISSN : 2278-4640); તાદર્થ્ય; અંક-૯; વર્ષ-૯; ફેબ્રુઆરી-૨૦૧૫; પાના નં. ૪૦-૪૬.

**પુસ્તકમાં આર્ટિકલ :**

– 'લાવણ્ય'-કૃતિવિવેચન (ISBN : 978-938-012-5589); અમૃતાથી ધરાધામ-ભાગ-૧; દૃષ્ટિ પટેલ, સુનિતા ચૌધરી (સં.), પ્રકરણ-21, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પાના નં. 221-226.
– 'અંગુલિમાલ – પુરાકલ્પનનો આધુનિક પ્રયોગ' – નાટ્યકૃતિ (ISBN : 978-938-261-4456); નાટ્યસર્જક સતીશ વ્યાસ; ચિમનભાઈ કોળી (સં.); આદર્શ પ્રકાશન, અમદાવાદ, પાના નં. ૧૧૮-૧૨૮

## ★ हिन्दी विभाग :

**हिन्दी दिवस (१४ सितंबर)**

प्रति वर्ष की तरह इस साल भी हिन्दी दिवस के उपलक्ष्य में आयोजित कार्यक्रमों में छात्राओं ने हिस्सा लिया ।

➠ **रेली :**

ता. १४ सितंबर, २०१४ को हिन्दी दिवस के उपलक्ष्य में राष्ट्रभाषा कॉलेज से गुजरात विद्यापीठ तक प्रति वर्ष आयोजित भव्य रेली के अन्तर्गत इस वर्ष की रेली १४ सितंबर को रविवार होने के कारण १६ सितंबर को निकाली गई । इस रेली में डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल के नेतृत्त्व में छात्राओं ने बढ़ चढ़ कर भाग लिया । छात्राएँ काफी उत्साहित नज़र आ रही थी ।

➠ **काव्य पठन :**

ता. १९ सितंबर, २०१४ को हिन्दी दिवस के उपलक्ष्य में काव्यपठन का आयोजन किया गया। विभागीय अध्यापकों की निश्रा में SEM-I, III तथा V की छात्राओं ने हिन्दी के जाने-पहचाने और उभरते कविओं की रचना का पठन किया ।

❑ **डॉ. निशा जोशी और डॉ. रावजी कोटवाल :**

- ता. ३१ अगस्त, २०१४ के दिन अहमदाबाद में एम. बी. पटेल राष्ट्रभाषा विनयन और वाणिज्य महाविद्यालय के हिन्दी विभाग द्वारा आयोजित 'हिन्दी की वर्तमान चुनौतियाँ' विषयक राष्ट्रीय संगोष्ठि में हिस्सा लिया । जिसमें...
  - डॉ. निशा जोशी ने 'समकालीन हिन्दी कहानी – गुजरात के संदर्भ में' विषय पर
  - डॉ. रावजी कोटवाल ने 'गुजरात में लिखे गये स्वातंत्र्योत्तरकालीन हिन्दी उपन्यास' विषय पर

  ...प्रपत्र प्रस्तुत किये ।
- ता. ९-१० मार्च, २०१५ दरमियान अहमदाबाद में गुजरात आर्ट्स एन्ड कॉमर्स कॉलेज (सायं) तथा केन्द्रीय हिन्दी संस्थान, आगरा (मानवसंसाधन विकास मंत्रालय, भारत सरकार) के संयुक्त उपक्रम से 'अनुवाद : सिद्धांत और व्यवहार' विषय पर आयोजित राष्ट्रीय संगोष्ठि में हिस्सा लिया । जिसमें...
  - डॉ. निशा जोशी ने 'अनुवाद : स्वरूप और प्रक्रिया' विषय पर
  - डॉ. रावजी कोटवाल ने 'अनुवाद : स्वरूप और महत्त्व' विषय पर

  ...प्रपत्र प्रस्तुत किये ।

★ **English Department :**

❑ **Dr. Rashmi Soni**

Submitted Ph.D. thesis entitled 'Unfolding Cultural Dilemma : A Comparative Study of Manju Kapur's and Jhumpa Lahiri's Fiction' and received Ph.D. degree from Gujarat University on 23rd May, 2014.

## ★ ભૂગોળ વિભાગ :

- વર્ષારંભમાં SEM-III તથા Vની વિદ્યાર્થિનીઓએ પ્રવેશ મેળવનાર SEM-I (ભૂગોળ)ની વિદ્યાર્થિનીઓ માટે 'ભૂગોળ પ્રવેશોત્સવ'નું આયોજન કરી, આગંતુક વિદ્યાર્થિનીઓને વિષયાનુષંગિક – ભૂગોળના પેપર્સ, પ્રાયોગિક કાર્ય, જનરલ લેખન વગેરે વિશે માહિતી આપી.
- વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓ માટે વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કમ્પ્યુટર દ્વારા Google Earth, Remote Sensing, Satellite Image વગેરે વિશે માહિતીપ્રદ વ્યાખ્યાનો યોજાયાં. વિદ્યાર્થિનીઓએ માહિતીના આદાન-પ્રદાન દ્વારા સવિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું.
- તા. ૫-૭ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે પ્રા. ઘનશ્યામ અંજારાના નેતૃત્ત્વ હેઠળ 'DIV Island' એક ભૌગોલિક સર્વેક્ષણ અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવાસ દરમિયાન દિવના ઘોઘલા બીચ, નાગલા બીચ, જલંધર બીચ, ચક્રધર બીચ, ગોમતી બીચ ઉપરાંત દિવના કિલ્લા, ચર્ચ, મ્યુઝિયમ તથા નાયદા ગુફાની મુલાકાત લઈ, સમગ્ર Div વિસ્તારના ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ, ખેતી, વ્યવસાય, રહેણી-કરણી, પહેરવેશ, સામાજિક-સાંસ્કૃતિક રીતિ-નીતિ વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી.

### ❑ પ્રા. ઘનશ્યામ અંજારા :

- ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્ય તરીકે કાર્યરત્.
- ગુજરાત ભૂગોળ મંડળના સેક્રેટરી તરીકે સક્રિય પણે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી દ્વારા B.A. SEM-V (ભૂગોળ)ના Chairman તરીકે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં સક્રિયપણે કાર્યરત્.

## ★ ઈતિહાસ વિભાગ :

તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓ માટે 'અમદાવાદ : ઈતિહાસ અને તવારીખ' વિષયક વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો.

મુખ્ય વક્તા ડૉ. રિઝવાન કાદરી (ઍસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)એ Multi Media દ્વારા પોતાની સંશોધનાત્મક માહિતીને આધારે વિદ્યાર્થિનીઓને અમદાવાદના ઉદ્ભવ-વિકાસ, તેના સ્થાપત્યો વગેરે વિશે રસપ્રદ માહિતી આપી.

વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ અમદાવાદ વિશે સવિશેષ માહિતી મેળવી.

### ❑ ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ :

- ગુજરાત ઈતિહાસ પરિષદની કારોબારી (૨૦૧૪-૨૦૧૬) ચૂંટણીમાં જંગી બહુમતીથી ચૂંટાઈ આવતા, પરિષદના ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થયાં.

- તા. ૨૩ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ આણંદ સ્થિત શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજના યજમાનપદે આયોજિત 'Modernization and Human Relation' વિષયક National Semiarમાં 'Media and Woman' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૧ નવેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ઇતિહાસ અધ્યાપક મંડળ તથા એચ. કે. આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'આધુનિક ભારતના ઘડતરમાં જવાહરલાલ નહેરુનું પ્રદાન' વિષયક રાજ્યકક્ષાના સેમિનારમાં સહભાગી થયાં.
- તા. ૧૮ એપ્રિલ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં KCG (Knowledge Consortium of Gujarat) અને ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'NAAC Awarness' વિષયક સેમિનારમાં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં સક્રિયપણે કાર્યરત્.

## ❑ ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ તથા ડૉ. દક્ષિણા શાહ :

તા. ૧૩-૧૪ ડિસેમ્બર, ૨૦૧૪ દરમિયાન માંડવી (જિ. કચ્છ)માં સ્વામી વિવેકાનંદ સંશોધન કેન્દ્રના યજમાનપદે આયોજિત ગુજરાત ઇતિહાસ પરિષદના ૨૬મા અધિવેશનમાં સહભાગી થયાં. જેમાં...

– ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટે 'કડવા પાટીદાર સુધારક ભેરાવરસિંહજી' વિશે,

– ડૉ. દક્ષિણા શાહે 'નરસિંહ અને મીરાંના પદોમાં વ્યક્ત થતી કૃષ્ણભક્તિ' વિશે

...પેપર રજૂ કર્યા.

## ★ માનસશાસ્ત્ર વિભાગ :

**પ્રોજેક્ટ કાર્ય :**

વર્ષ ૨૦૧૪-'૧૫ દરમિયાન SEM-III & IVની વિદ્યાર્થિનીઓએ ડૉ. નીતા પટેલના માર્ગદર્શન હેઠળ 'બાળકનો માનસિક વિકાસ : ગર્ભાવસ્થાથી બાલ્યાવસ્થા' અંતર્ગત પ્રોજેક્ટ કાર્ય કર્યું. વિષયોચિત પ્રકાશિત અને પ્રસારિત માહિતીનું સંકલન કરી, બાળમાનસ પર થતી અસરો વિશે જાણકારી મેળવી.

**શૈક્ષણિક મુલાકાત :**

- તા. ૨૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ ડૉ. નીતા પટેલના નેતૃત્ત્વ હેઠળ SEM-Iની વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સ્થિત બી.એમ.ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થની શૈક્ષણિક મુલાકાત લીધી.
- તા. ૨ એપ્રિલ, ૨૦૧૫ના રોજ World Autism Day નિમિત્તે અમદાવાદમાં B. M. Institute of Mental Health દ્વારા આયોજિત Autism Awareness Programmeમાં વિદ્યાર્થિનીઓ સહભાગી બની.

## ❑ ડૉ. નીતા પટેલ :

- તા. ૧૫-૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન ભૂજમાં (કચ્છ) Education Department, Government of Gujarat દ્વારા સંચાલિત Shri Ramji Ravji Lanan Collegeના યજમાનપદે 'Holistic Living : An Indian Perspective' વિષયક International Seminarમાં 'Emotional Adjustment of M.A. and M.Sc. Students in Ahmedabad District' વિશે પેપર રજૂ કર્યું.

**પ્રકાશન :**

**આર્ટિકલ :**

- 'A study of effects of stress, on Yogic and Non-Yogic person' in Research Review Referred International Journal (ISSN : 2321-4708); Published by – The DPCBL Arts and Commerce College, Dhansura (Dist. Aaravalli), Issue-17, Year-2, September-2014, Page : 62-65.
- 'A Study of Social Adjustment of Primary and Secondary School Teachers' in International Journal of Education for Human Services (ISSN : 0976-1128); Published by Pruthaviraj Group of Education, Ahmedabad; Vol. 5, No. 1, December-2014; Page : 61-63.

## ★ સમાજશાસ્ત્ર વિભાગ :

Samaj Setu...We create Relations અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

### પ્રોજેક્ટ કાર્ય :

- વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સેમેસ્ટર II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રમાં 'સમુદ્રમંથન' કૉલમ હેઠળ સામાજિક મુદ્દાઓના અનુસંધાનમાં ડૉ. વિદ્યુત જોષી દ્વારા લિખિત આર્ટિકલનું સંકલન કરી, વિષયોચિત મુદ્દાઓની ચર્ચામાં સક્રિય ભાગ લીધો.
- ડૉ. ચંદ્રિકા રાવલના (પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) માર્ગદર્શન હેઠળ વિભાગીય અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓએ 'Social Profile of Sociology Students : SLU Arts and H & P Thakore Commerce College for Women' અંતર્ગત સંશોધન કાર્ય કર્યું.
- વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ 'Women Empowerment' વિષયક પ્રોજેક્ટ કાર્ય કર્યું.

### ક્ષેત્રકાર્ય :

તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. હિના પટેલના નેતૃત્ત્વ હેઠળ 'બલદાણા (તા. બાવળા, જિ. અમદાવાદ) ગામનો સમાજશાસ્ત્રીય

અભ્યાસ' અંતર્ગત ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરવા 'બલદાણા' ગામની શૈક્ષણિક મુલાકાત લીધી. આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ગ્રામીણ જીવનના વિવિધ પાસાંઓ વિશે જાણકારી મેળવી.

તદ્ઉપરાંત બલદાણાથી ૩ કિ.મી.ના અંતરે આવેલ International Golf Clubની મુલાકાત લઈ, ગોલ્ફની રમત વિશેની સામાન્ય જાણકારી મેળવી.

**Presentation Competition :**

- SEM-IVની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર : 213 ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતા : ડૉ. આઈ.પી.દેસાઈ) અનુસંધાનમાં 'ડૉ. આઈ. પી. દેસાઈ - સામાજિક ચિંતક' વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં... **જયા રમાભાઈ સોલંકી પ્રથમ સ્થાને; આલિશાબાનુ મહમ્મદઈલ્યાસભાઈ મેમણ દ્વિતીય સ્થાને; અનિકાબાનુ મહમ્મદહનિફ સિપાઈ અને શાહિનબાનુ સિકંદરખાન પઠાણ તૃતીય સ્થાને વિજેતા બન્યાં.**
- SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર : 312, સામાજિક વસ્તીશાસ્ત્ર)) અનુસંધાનમાં 'ભારતની વસ્તી - સામાજિક સમસ્યા' વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં **દિક્ષા બાબુભાઈ સોલંકી પ્રથમ સ્થાને; કાજલ બાબુભાઈ રાઠોડ દ્વિતીય સ્થાને; જનક મહેન્દ્રભાઈ સુથાર અને હર્ષિદા રમેશભાઈ ઠાકોર તૃતીય સ્થાને વિજેતા બન્યાં.**

**Guest Lecture :**

- તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ડૉ. ચંદ્રિકા રાવલે (પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) SEM-I, III, Vની વિદ્યાર્થિનીઓને 'Women Empowerment' વિશે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું. વિષયોચિત Project Work માટે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું.

  **વિશેષ :**

  આજના દિવસે

  – વિદ્યાર્થિનીઓએ Pink વસ્ત્રો પરિધાન કરી, Pink Day પણ ઉજવ્યો.

  – વિદ્યાર્થિનીઓને 'ગુલાબ ગેંગ' ફિલ્મ બતાવવામાં આવી.
- તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ Dr. P. S. Vivek (Professor, Department of Sociology, Mumbai University, Mumbai)એ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓને 'New Branches of Sociology' વિષય અંતર્ગત માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

  વ્યાખ્યાન બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી બાદ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ ડૉ. ચંદ્રિકા રાવલે (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) SEM-VIની વિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસક્રમના (પેપર : 311 : ભારતનો સામાજિક ઇતિહાસ) અનુસંધાનમાં 'ગાંધીજી : સામાજિક ચિંતક' વિશે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

**નોંધ :** આ વ્યાખ્યાન કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત એમ. પી. આર્ટ્સ એન્ડ એમ. એચ. કોમર્સ કૉલેજ ફોર વિમેનની SEM-VIની (સમાજશાસ્ત્ર) વિદ્યાર્થિનીઓ પણ સહભાગી બની.

વૈચારિક આદાન-પ્રદાન દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

**શૈક્ષણિક મુલાકાત :**

વર્ષારંભે SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ' સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લઈ, તેના નેજા હેઠળ યોજાતા સેવાકાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી.

તદ્ઉપરાંત 'અખંડ જ્યોત ફાઉન્ડેશન'ની શૈક્ષણિક મુલાકાત લઈ, HIV / AIDS સંબંધિત સચોટ માહિતી પ્રાપ્ત કરી તેમજ વર્ષ દરમિયાન અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં લોકજાગૃતિ માટે પેમ્ફલેટ વિતરણ તથા સમજાવટની કામગીરી કરી.

- તા. ૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ ડૉ. શૈલજા ધ્રુવના નેતૃત્ત્વ હેઠળ SEM-Iની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક (પેપર : 102 : ભારતીય સમાજનું માળખું) 'નગર સમુદાય' મુદ્દાના અનુસંધાનમાં અમદાવાદના સંસ્કાર કેન્દ્રમાં સ્થાપિત કર્ણાવતી અતીતની ઝાંખી હેઠળ અમદાવાદ : ઈતિહાસ અને તવારીખ વિષયક પ્રદર્શન નિહાળી, પ્રાચીન તથા અર્વાચીન અમદાવાદના ચિત્રો, ચીજવસ્તુઓ, જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી.

  'પતંગ' – 'અમદાવાદની ઓળખ' સંદર્ભના પ્રદર્શનને નિહાળી વિવિધ પ્રકારના પતંગો, પતંગોના ઉદ્ભવ-વિકાસ વિશે જાણકારી મેળવી તેમજ પતંગ-મેકિંગની ડૉક્યુમેન્ટરી પણ નિહાળી.
- તા. ૨ જુલાઈ, ૨૦૧૪ના રોજ પ્રા. હિના પટેલના નેતૃત્ત્વ હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 202 : ભારતના આદિવાસીઓ) અનુસંધાનમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં સ્થાપિત 'આદિવાસી મ્યુઝિયમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, આદિવાસીઓની પ્રાદેશિક ભિન્નતા, ચીજવસ્તુઓ તથા જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી.

  તદ્ઉપરાંત વિદ્યાપીઠમાં જ સ્થાપિત શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ ભવન તેમજ વિજ્ઞાન ભવનની શૈક્ષણિક મુલાકાત લઈ અનુક્રમે શ્રી મોરારજી દેસાઈના જીવન-કવન તથા વૈજ્ઞાનિક સાધનો વિશે જાણકારી પ્રાપ્ત કરી.
- તા. ૨૫ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 203 : સામાજિક સંશોધન પરિચય) સંદર્ભે 'ગ્રંથાલયની ઉપયોગિતા - ગોઠવણી' અંતર્ગત કૉલેજના શ્રી મિનલ કોઠારી ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી મમતા પાંડે (ઈનચાર્જ ગ્રંથપાલ)એ વિદ્યાર્થિનીઓને સવિસ્તર માહિતી આપી.

- તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ તથા શ્રી ધર્મિષ્ઠા કરડાણીના નેતૃત્ત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 315 : સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં અમદાવાદના પાલડી વિસ્તાર સ્થિત ગુજરાત સ્ત્રી પ્રગતિ મંડળ સંચાલિત 'ઉત્થાન' સંસ્થાની શૈક્ષણિક મુલાકાત લઈ, સંસ્થાના ઉદ્ભવ-વિકાસ, તેમજ સામાજિક પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી.
- તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 311 : ભારતનો સામાજિક ઇતિહાસ) સંદર્ભે અમદાવાદ સ્થિત 'ગાંધી આશ્રમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીની જીવન-ઝરમર સંબંધિત માહિતીપ્રદ ચિત્રો ઉપરાંત તેને સંલગ્ન પુસ્તકાલય પણ નિહાળ્યું.

**ચર્ચા :**

- તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ 'રાષ્ટ્રીય કન્યાદિન' નિમિત્તે SEM-II, IV & VIની વિદ્યાર્થિનીઓ દ્વારા 'સાક્ષરતા અભિયાન અને કન્યાકેળવણી' વિષયક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ કન્યાશિક્ષણ અંગે સરકારના જાગૃતિ કાર્યક્રમો તેમજ સમાજનો દષ્ટિકોણ વિશે વિચારો રજૂ કરી, ચર્ચામાં સક્રિય ભાગીદારી નોંધાવી.
- તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ 'રાષ્ટ્રીય મતદાર દિવસ' (૨૫ જાન્યુઆરી, ૨૦૧૫-રવિવાર)ની ઉજવણીના ભાગરૂપે SEM-IV અને VIની વિદ્યાર્થિનીઓ માટે 'મતદાતાઓ અને ચૂંટણી ઢંઢેરો' વિષયક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ બંધારણ દ્વારા અપાયેલ મતદાન અધિકાર, પક્ષો દ્વારા અપાતા વચનો – તેના અમલની બાબતો વિશે રજૂઆત કરી, ચર્ચામાં સક્રિય રસ લીધો.

## ● સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી' વિશે પુસ્તક પ્રદર્શન (Book Exhibition on Father of the Nation Mahatma Gandhiji) :

તા. ૨-૫ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે 'ગાંધીજી'ના સંદર્ભમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. પ્રિ. ડૉ. સિરાલી મહેતા; વિભાગીય અધ્યાપકો – ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. હિના પટેલ; ઇનચાર્જ ગ્રંથપાલ – શ્રી મમતા પાંડે તથા સમાજશાસ્ત્રની વિદ્યાર્થિનીઓએ સક્રિય રસ લઈને સંયુકતતાથી પુસ્તક પ્રદર્શનનું આયોજન કર્યું.

ગાંધીજી વિષયક અલભ્ય પુસ્તકો – ગાંધીજી દ્વારા રચિત તેમજ ગાંધીજી માટે લખાયેલા પુસ્તકોની સુવ્યવસ્થિત ગોઠવણીને લીધે સમગ્ર પ્રદર્શન ધ્યાનાકર્ષક બની રહ્યું.

ચાર દિવસ દરમિયાન યોજાયેલ આ પ્રદર્શનને એસ.એલ.યુ. પરિવારજનો ઉપરાંત ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના સભ્યો; ભગીની સંસ્થા એસ.એમ.એન.કે.દલાલ કૉલેજ તથા અમદાવાદ સ્થિત વિવિધ કૉલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં નિહાળ્યું.

પુસ્તક પ્રદર્શનના પ્રથમ દિવસે – ૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ કૉલેજના મિનલ કોઠારી ગ્રંથાલયમાં યોજિત આ પ્રદર્શનને વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું.

ગાંધીવાદી વિચારધારાથી પ્રેરાયેલ યુવા સામાજિક કાર્યકર શ્રી વિરેન જોશીએ પ્રદર્શનને વિધિવત રીતે ખુલ્લું મૂકી જણાવ્યું કે, "ગાંધીજીની પ્રેરણાથી ૧૯૨૦માં સ્થાપિત આ કૉલેજની ભૂમિમાં પ્રવર્તમાન ભૌતિકવાદી વાતાવરણમાં જ્યારે 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી'ને કેન્દ્રમાં રાખી પુસ્તક પ્રદર્શન યોજાતું હોય તે બાબત જ સ્વયં સ્પષ્ટ કરે છે કે આજે પણ યુવાનોમાં ખાસ કરીને બહેનો પણ ગાંધી વિચારધારાના પ્રસાર અને પ્રચારમાં ફાળો આપી, સમાજઉપયોગી કાર્યો કરે છે. મારા થકી આ પ્રદર્શનને નિહાળવાની શરૂઆત થાય છે તેને હું મારું સદ્‌ભાગ્ય ગણું છું. આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું."

સમાજશાસ્ત્રના અધ્યક્ષ ડૉ. શૈલજા ધ્રુવે પ્રદર્શનના વિચારબિંદુના પ્રારંભથી સહકાર આપનાર સૌને બિરદાવી જણાવ્યું કે, SEM-VIના પેપર 311 : ભારતનો સામાજિક ઇતિહાસમાં એક પ્રકરણ ગાંધીજી – સામાજિક ચિંતકના અનુસંધાનમાં 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી' વિષયક પુસ્તક પ્રદર્શન યોજવાનું વિચાર્યું. વળી, નવ દાયકા ઉપરાંતની એસ.એલ.યુ.કૉલેજના ગ્રંથાલયમાં જ ઘણાબધા ગાંધીજીવિષયક પુસ્તકો જે કદાચ અલભ્ય પણ કહી શકાય તેવા હતાં જ. આજે અમને આનંદ છે કે ખૂબ વિશાળ સંખ્યામાં તેને અમે પ્રદર્શિત કરી શક્યા છીએ. વધુ ને વધુ વાચકમિત્રો તેનો લાભ લે તેવી અભ્યર્થના સાથે, સૌને આવકારીએ છીએ."

**પુસ્તક પ્રદર્શનના મુલાકાતીઓના અભિપ્રાયની ઝલક :**

It was my pleasure to be part and process of this beautiful initiative of Gandhi library for the girls of this college. I am honoured and humbled to visit, see and meet everyone at this historical college and proud of the committment and dedication of the professors & principal.

With Love & respect.

**– Viren Joshi**

Social Worker, Manav Sadhana, Ahmedabad.

- Excellent collection and very good idea of displaying it. All books are so inspirational Great.

**– Anar Parikh**

Faculty, Fashion Design Course

- Awesome collection in SLU college library & it's a good idea to incourage people to know about Mahatma Gandhi.

**– Krupa & Charmi**

Student, Fashion Design Course

- સમગ્ર વિશ્વ જ્યારે ગાંધીજીના વિચાર-વ્યવહારથી પ્રભાવિત છે ત્યારે આપણા દેશની યુવા-પેઢી પણ ગાંધીજીના વિચાર-વ્યવહારથી વાકેફ થાય તેના પ્રયાસને અભિનંદન.

**– પ્રા. ભરત પટેલ**

કોમર્સ વિભાગ

- इस अद्‌भूत पुस्तक सौन्दर्य के लिए अभिनंदन ।

**– डॉ. निशा जोशी**

अध्यक्षा, हिन्दी विभाग

- એક અદ્‌ભુત શ્રદ્ધાંજલિ બાપુને ! આવા કાર્યક્રમ ભવિષ્યમાં પણ યોજવા વિનંતી. જ્ઞાન વધારવાનો ઉત્તમ માર્ગ.

**– વિદ્યાર્થિની**

B.Com. SEM-IV

- After seeing the exhibition about Gandhiji, we are glad to know about Gandhiji. Gandhiji is a ideal of our nation and we salute him for giving us freedom.

**– Students, FY HRM**

HRM Course

- The exhibition & collection of books made Gandhiji alive & I welcome this come-back enriching our body, mind & soul.

**– Varada Bhatt**

Asso. Prof., English Dept.

- ગાંધીજી અને ગાંધીવિચારોને, સંબંધિત પુસ્તકોના માધ્યમથી વિદ્યાર્થીઓ તેમજ જ્ઞાનપિપાસુઓ સુધી પહોંચાડવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા યોજિત વિવિધ કાર્યક્રમોમાં આ પ્રદર્શન દ્વારા વધુ એક યશકલગી... ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**– ડૉ. નયનેશ ગઢવી**

એસો. પ્રોફેસર, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

- જ્ઞાનવર્ધક પુસ્તકોનું સુંદર પ્રદર્શન, પુરાતન અને rare પુસ્તકોની સુંદર જાળવણી, સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા યોજાયેલ આ પુસ્તક પ્રદર્શન ખરેખર પ્રેરણાદાયી છે.

**– ડૉ. આનંદ આચાર્ય**

એસો. પ્રોફેસર, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

- Very nice collection of books. I am very proud to be student of this college.

**– Auliefa**

B.Com. SEM-IV

- 'ગાંધીજી'ના પુસ્તકોનું પ્રદર્શન જોવાનું ખૂબ ગમ્યું. ગાંધીજીના કાર્યો, આંદોલનો વિશેની જાણકારી પ્રાપ્ત થઈ. આ પ્રકારના પ્રદર્શનથી અમને વિદ્યાર્થીઓને ખૂબ માહિતી મળે છે. વારંવાર આવા કાર્યક્રમો ઘડીને અમને જાણ કરી, લાભ આપવા વિનંતી.

**– વિદ્યાર્થિનીઓ**

એમ.પી.આર્ટ્સ એન્ડ એમ.એચ.કોમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ

- ગાંધીજીને અક્ષરદેહે રજૂ કરવા બદલ સમાજશાસ્ત્ર વિભાગને ખૂબ ખૂબ અભિનંદન.

**– પંકજ સોલંકી**

અધ્યાપક, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.

- ગાંધીજીના બહુમૂલ્ય પુસ્તકોના પ્રદર્શનને દરેક કૉલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો માણી શકે તે રીતે યોજવા બદલ સમાજશાસ્ત્ર વિભાગને ખૂબ ખૂબ અભિનંદન.

  ગાંધીના ગુજરાતમાં ગાંધીને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડ્યા તે બદલ વિશેષ અભિનંદન.

**– ડૉ. ભાનુ કાપડિયા**

એસો. પ્રોફે., ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

- Gandhiji has always been an inspiration not only to the Indians but to the world. I hope that reading about his life and his works will inspire us also to lead a life with a message. These books make us feel that Gandhiji is still with us, to guide us. A wonderful experience to be here.

**– Dr. Rashmi Soni**

Asso. Prof., Dept of English

- It is a pleasure to see students and teachers being involved in an activity that encourages them to real and receive the idea of Gandhiji. We wish to see the imbi in their lives. The college is proud to have such a rich heritage of books – Some belonging to 1910-1915, 1940s. Feeling proud and honoured to witness this.

**– Dr. Sirali Mehta**

Principal

### ❑ ડૉ. શૈલજા ધ્રુવ :

- તા. ૧૩-૧૯ જુલાઈ, ૨૦૧૪ દરમિયાન Japanના Yokohamaમાં ISA (International Sociological Association)ના નેજા હેઠળ આયોજિત 'Facing an Unequal world Challenges for Globle Sociology' વિષયક XVIII ISA World Congress of Sociology માં Gender Based Violence (A case study of Gujarat Stree Kelvani Mandal) વિશે પેપર રજૂ કર્યું.

**નોંધ :** Japanના Osakaમાં આવેલ OTEMON GAKUIN UNIVERSITYના Center for International Studies દ્વારા આમંત્રણ મળતાં, તા. ૧૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ OG Universityની શૈક્ષણિક મુલાકાત લીધી.

- તા. ૨૯,૩૦ નવેમ્બર – ૧ ડિસેમ્બર ૨૦૧૪ દરમિયાન વારાણસી (ઉત્તરપ્રદેશ)માં Mahatma Gandhi Kashi Vidyapithના સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે Indian Sociological Societyના નેજા હેઠળ આયોજિત Development, Diversity & Democracy વિષયક XL (40th) All India Sociological Conferenceni A Sociological Study of English Medium Commerce Students of Women Colleges of Ahmedabad વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના Department of Educationના યજમાનપદે આયોજિત 'Census Data Dissemination workshop-2014' અંતર્ગત State level workshopમાં સહભાગી થયાં.
- તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત 'સંધાન' – જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ – અંતર્ગત 'સંચારક્રાંતિ' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૧૭-૧૮ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના University School of Lawના યજમાનપદે આયોજિત 'New Dimensions of Law in 21st Century' વિષયક National Seminarમાં સહભાગી થયાં.
- તા. ૨૭ જૂન, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં 'માતૃભાષા અભિયાન' અંતર્ગત આયોજિત કાર્યશાળામાં સહભાગી થયાં.
- વિશ્વ ગુજરાતી સમાજના કારોબારી સભ્ય તરીકે નિયુક્ત.
- વિશ્વ ગુજરાતી સમાજની આંતરરાષ્ટ્રીય મહિલા વિંગ (IWW-VGS)માં માનદ્ સહમંત્રી તરીકે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી – સમાજશાસ્ત્ર વિષયના બોર્ડ ઑફ સ્ટડીઝના સભ્ય તરીકે કાર્યરત્.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના અભ્યાસલેખન (સમાજશાસ્ત્ર)માં સહલેખિકા તરીકે નિયુક્ત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત્.

**પ્રકાશન :**

**આર્ટિકલ :**

'A Decade of Education in Gujarat (2001-2011); (ISSN-2231-2897) AARSI – A Journal of Social Reflection; Published by SLU College; Ahmedabad Vol. 2, No. 2, September 2014, Page No. 91-101.

**પુસ્તકમાં પ્રકરણ :**

'અમદાવાદની સામાજિક પ્રવૃત્તિઓનો ઇતિહાસ (૧૯૬૦થી ૨૦૧૩); અમદાવાદ-ઇતિહાસ અને અનુસંધાન (૧૯૩૦-૨૦૧૩) ડૉ. ભારતી શેલત અને ડૉ. રસેશ જમીનદાર (સં.) (ISBN : 978-93-5162-091-4); ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૧૪, Page No. 149-172.

★ **CWDC (Collegiate Women's Development Committee) / ICC (Internal Complaints Committee) :**

- તા. ૨૮ જુલાઈ, ૨૦૧૪ના રોજ વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યશ્રી અને CWDCના ચેરપર્સન ડૉ. સિરાલી મહેતાએ મુખ્ય વક્તા ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)નો પરિચય આપી, સૌને આવકાર્યા. ડૉ. ચંદ્રિકા રાવલે 'મહિલાઓનો વિકાસ અને CWDCની ભૂમિકા તેમજ ICCના બંધારણ' વિશે માહિતી આપી.

  આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ અર્થે 'કલીની કરુણ કહાની' તથા મહિલાઓના જાતીય શોષણ વિરુદ્ધ જાગૃતિ લાવવાના હેતુથી અબ ખામોશી ક્યોં ? વિષયક ડૉક્યુમેન્ટરી બતાવવામાં આવી.

  સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે કર્યું.
- તા. ૧૭ જુલાઈ, ૨૦૧૪ના રોજ અમદાવાદની એમ. પી. આર્ટ્સ એન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેનના CWDC દ્વારા આયોજિત 'Brest Cencer' વિષયક સેમિનારમાં વિદ્યાર્થિનીઓ સહભાગી બની.
- તા. ૮ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના યજમાનપદે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના નેજા હેઠળના મહિલા સશક્તિકરણ પખવાડીયા અન્વયે આયોજિત 'મહિલા શિક્ષણ દિવસ' કાર્યક્રમમાં ડૉ. શૈલજા ધ્રુવ ઉપસ્થિત રહ્યાં.
- તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC તથા ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે 'મહિલા સુરક્ષા અભિયાન' વિષયક જાગૃતિ કાર્યક્રમમાં કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. દક્ષિણા શાહ, પ્રા. હિના પટેલ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં.
- તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વિદ્યાર્થિનીઓને કૉલેજ કેમ્પસમાં ગુજરાત સરકારના મહિલા સુરક્ષા અભિયાનના નેજા હેઠળ – '1091' વિશે માહિતી આપવાના હેતુથી Mobile Van દ્વારા દર્શાવતી ડૉક્યુમેન્ટરીનું આયોજન થયું. '1091' વિશે માહિતી દર્શાવતી Mobile Van Campusમાં આવતા જ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ જાણકારી મેળવી.

- તા. ૧૨ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં SBI PINKATHONનું આયોજન થયું.
An Initiative to promote Women's Health and Fitness & Support Breast Cancer Awarenessના હેતુથી આયોજિત SBI – Pinkathon – India's biggest Women's Runમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ, અધ્યાપકો, કર્મચારી બહેનો તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રતિયોગીઓને મેડલ આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.
**નોંધ :** Pinkathonના વ્યવસ્થાપનની પૂર્વ તૈયારીથી સમાપન સુધી કૉલેજના અધ્યાપક તેમજ કર્મચારી ભાઈઓનો હંમેશની જેમ CWDCને સક્રિય સહયોગ-સહકાર સાંપડ્યો.
- તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજના CWDC દ્વારા આયોજિત 'Let's Wake Up : Crisis in Safety, Security & Dignity of Women' વિષયક ચર્ચાસભામાં ડૉ. શૈલજા ધ્રુવ સહભાગી થયાં.
- **CWDC તથા ગુજરાત સરકાર સંચાલિત GRC (જેન્ડર રિસોર્સ સેન્ટર)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત Poster Exhibition on Women's Issues :**

તા. ૨-૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન કૉલેજમાં શ્રી મિનલ કોઠારી લાયબ્રેરીમાં CWDC તથા GRCના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતિના હેતુથી Poster Exhibition on Women's Issues યોજવામાં આવ્યું.

ગર્ભસ્થ બાલિકાથી તેના જીવન પર્યંતના વિવિધ સમયગાળા દરમિયાનની અવસ્થાઓને કેન્દ્રમાં રાખીને સમાજમાં મહિલા ગૌરવ, મહિલા સન્માન, સ્ત્રી દાક્ષિણ્યની ભાવના કેળવાય તે હેતુથી આયોજિત આ પ્રદર્શનને ખૂબ સરસ પ્રતિસાદ સાંપડ્યો. મહિલાઓના જન્મ, આરોગ્ય, આહાર, શિક્ષણ, આર્થિક સ્થિતિ, વસ્તીવિષયક પાસું વગેરેને લગતા પોસ્ટર પ્રદર્શનનો કૉલેજ કેમ્પસના સદસ્યો ઉપરાંત અન્ય કૉલેજ તેમજ મહિલાઓના ઉત્કર્ષ-વિકાસમાં રસ ધરાવનાર નાગરિકોએ નિહાળ્યું.

**પ્રદર્શનના અભિપ્રાયો :**

– "મહિલા સશક્તિકરણ તેમજ મહિલાલક્ષી દૂષણો દૂર કરવા અંગેનો આ પ્રયાસ ખૂબ જ સરાહનીય છે. પોસ્ટર્સ સમાજનું પ્રતિબિંબ દર્શાવે છે."

**– જ્યોત્સના પટેલ**

– "પોસ્ટર પ્રદર્શન જોતાં લાગ્યું કે, કલાકારો કલાની સાથે હૃદયદ્રાવ્ય સંદેશો પણ આપે છે. સંવેદનાઓથી ભરપૂર પોસ્ટર્સ, સમાજમાં પણ હકારાત્મક અભિગમ કેળવશે એવી શ્રદ્ધા ધરાવું છું."

**– પ્રા. રૂપલ દેસાઈ**

– "પ્રદર્શન જોતાં એક અલગ જ પ્રકારની એનર્જી (શક્તિ) આવે છે. સમાજમાં મહિલાઓના મહત્ત્વ વિશે જાણકારી મળી. મારા મતે તો આ પ્રદર્શન શેરી, મહોલ્લા તેમજ જાહેર સ્થળોએ યોજવું જોઈએ."

**– શીતલ**

– "બોલ્યા વગર ઘણું કહી જતા પોસ્ટર જોઈને લાગણીશીલ બની ગઈ."

**– અજ્ઞાત**

– "મહિલા સંબંધિત સામાજિક સંઘર્ષ કરવા પ્રેરિત કરતું પ્રદર્શન જોવાનું ખૂબ ગમ્યું."

**– ચૌહાણ બીના, ચૌહાણ સુજાતા**

– "મહિલાઓના પ્રશ્નોના નિવારણ માટેની દિશા મળી."

**– શક્યા રઈમા**

– "આવા પ્રદર્શનો વડીલો તેમજ પુરુષોને પણ બતાવવા જોઈએ."

**– ઉપાસના બરનવાલ**

– "સ્ત્રીના સ્થાન અને દરજ્જા વિશે વધુ જાણકારી મળી."

**– નેહલ પંડ્યા**

– "સમાજમાં સ્ત્રીઓના સ્થાન વિશે મોટી મોટી વાતો કરનાર વ્યક્તિઓ, સમાજમાં સ્ત્રીનું સ્થાન ક્યાં છે તે અહીં પ્રદર્શનમાં જુઓ !"

**– અના કાઝી**

– "Excellent Exhibition of Women. It gives very appealing message to the society."

**– Anar Parikh**

– "It is very nice exhibition for all girls."

**– Vidhi Vyas**

– "અભિનંદન... પ્રદર્શન ખરેખર હૃદયસ્પર્શી છે. અવારનવાર આવા પ્રદર્શન યોજાય તો સમાજની માનસિકતા બદલાશે."

**– ડૉ. અર્ચના પંડ્યા**

– "It is awesome and very beautiful. I like it. It is Excellent... By seeing this I am proud of myself that I am girl."

**– Juli Shah**

– "Gender Sensitization has become inevitable today. This exhibition with bold posters, certainly is a step to spread awareness of the same. Female foeticide is well exposed in these posters. Great Job."

**– Dr. Rashmi Soni**

– "વર્તમાન સમયની ખૂબ જ ચિંતાજનક સમસ્યાઓ વિશે ઘણું જ સ્પર્શી જાય તેવું પ્રદર્શન છે. જેના દ્વારા જાગૃતિ આવશે અને લોકોની માનસિકતામાં બદલાવ આવશે તેમ લાગે છે.

**– પારૂલ**

– “સમાજમાં જાગરૂકતા લાવવામાં આવા પોસ્ટર પ્રદર્શનનો માર્ગ પણ સારો છે. કોઈએ કહ્યું છે કે,

ચાહે મુજ કો પ્યાર ન દેના,
ચાહે તનીક દુલાર ન દેના
હો સકે તો બસ ઈતના કરના
જન્મ સે પહેલે માર ન દેના.”

પ્રદર્શન જોતાં લાગે છે કે, જન્મની સાથોસાથ પ્યાર-દુલાર પણ હોવા જોઈએ.”

**– ચંદ્રા અને જલ્પા**

– “સ્ત્રી-સશક્તિકરણ કરવું પડે તે વાત જ સમાજ માટે શરમજનક છે. સ્ત્રી અને પુરુષ બન્નેના સમાન અધિકાર વગર પ્રગતિ, અસ્તિત્વ શક્ય જ નથી. કમનસીબે આવી સ્થિતિ ઊભી થઈ છે તેમાંથી સત્વરે બહાર નીકળવા માટે દરેક વ્યક્તિએ સજાગ થઈ પ્રવૃત્ત થવું જોઈએ. આ વાતનો શક્ય તેટલો વધારે વિસ્તાર થવો જોઈએ. આં એ માટેનો એક સ્તુત્ય પ્રયાસ છે. આંખ ઉઘાડનાર આ પ્રદર્શન ખરેખર ખૂબ જ સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યું છે. અભિનંદન !

**– પ્રા. મુકેશ બારૈયા**

– “This is truly an incredible set of messages. They are hard-hitting visuals with clear and comprehensive text. They stir the soul and remind us to stop the gender discrimination that has plagued our country for so many centuries.

**– Dr. Madhusudan Mukerjee**

- તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ Women Empowerment વિષય અંતર્ગત Poster Making Competition યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ડૉ. પિંકેશકુમારી ગર્ગની નિશ્રામાં યોજાયેલ આ સ્પર્ધામાં **આરઝુ પઠાણ પ્રથમ સ્થાને; હનાન કાગઝી દ્વિતીય સ્થાને તથા સાલેહા મન્સૂરી તૃતીય સ્થાને** વિજેતા બન્યાં.
- તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કૉલેજના CWDCના સ્થાપના દિન નિમિત્તે વિદ્યાર્થિનીઓએ સ્ત્રી-આહાર સંબંધી જાગૃતિ લાવવાના આશયથી પોતાના ગ્રામીણ સમુદાય તથા શહેરી વિસ્તારમાં સમજાવટની કામગીરી કરી.
- તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં Police Heart – Help Emergency Alert Rescue Terminal...1091 – Woman Safety line પ્રોજેક્ટના નેજા હેઠળ આયોજિત Defence ‘O’ Dance – Fire of Freedom, Power of Music... Empower women in a unique way to sustain any form of physical attackમાં કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ, કર્મચારી બહેનો તેમજ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

- તા. ૭ માર્ચ, ૨૦૧૫ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન (૮ માર્ચ)ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમાં Detective Institute & Gujarat Security Associationના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Women Safety' વિષયક Seminarમાં ડૉ. શૈલજા ધ્રુવ સહભાગી થયાં.
- તા. ૧૭ માર્ચ, ૨૦૧૫ના રોજ શ્રી કિંજલ શાહ (સામાજિક કાર્યકર, શ્વાસ – સામાજિક સંસ્થા, અમદાવાદ)એ CWDC સેન્ટરની મુલાકાત લઈ જણાવ્યું કે, "A very noble work and challenging. I will be ready to help whenever required."
- ગુજરાત સ્ત્રીકેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના કેન્દ્ર દ્વારા આયોજિત સમાજોપયોગી તેમજ મહિલાઓના દરજ્જા સુધાર કાર્યમાં કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ તથા વિદ્યાર્થિનીઓ સહભાગી બને છે.

- **આંતરવિભાગીય :**

**❑ પ્રા. ભરત પટેલ, ડૉ. જૂઈ શાહ, ડૉ. પિંકેશકુમારી ગર્ગ, પ્રા. ઘનશ્યામ અંજારા : :**

તા. ૨૩-૨૪ ઑગસ્ટ, ૨૦૧૪ દરમિયાન વલ્લભવિદ્યાનગરની Nalini Arving & T. V. Patel Arts Collegeના Department of Geography દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Gender Discrimination in Geographical Perspectives વિષયક National Seminarમાં સહભાગી થયાં.

– પ્રા. ઘનશ્યામ અંજારાએ • Gender Equality in Agriculture વિશે પેપર રજૂ કર્યું. • Panelના chair person તરીકે કામગીરી કરી. • Committeeના સભ્ય તરીકે ઉત્કૃષ્ટ ફરજ બજાવી.

– ડૉ. જૂઈ શાહે 'Role of Government for development of Women Enterpreneurs in Rural India' વિશે પેપર રજૂ કર્યું.

**❑ પ્રા. ભરત પટેલ તથા ડૉ. શૈલજા ધ્રુવ :**

તા. ૨૪-૨૫ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના Sheth Damodardas School of Commerceના યજમાનપદે આયોજિત 'Management of NGOs : Issues and Challenges વિષયક National સેમિનારમાં સહભાગી થયાં.

**❑ પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. હિના પટેલ, ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ :**

તા. ૧૩-૧૪ માર્ચ, ૨૦૧૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત Gender and Development વિષયક National Seminarમાં સહભાગી થયાં.

➡ પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ Session-III : Gender and Economic Development વિષયક Panelમાં Gender Budgeting વિશે key paper રજૂ કર્યું.

➡ ડૉ. શૈલજા ધ્રુવે

- Socialisation of only daughter in the families વિશે પેપર રજૂ કર્યું.
- Session-III (Gender and Economic Development) તથા Session-VIII (Gender and Indian Constitution)ના Co-Ordinator તરીકે કામગીરી કરી.

## ❑ ડૉ. નિશા જોશી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. વર્ષા પ્રજાપતિ :

➡ તા. ૫ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ વડોદરામાં M. S. Universityની Oriental Instituteના યજમાનપદે આયોજિત Children's Literature in India : Trends and Challenges વિષયક National Seminarમાં સહભાગી થયાં. જેમાં...

- डॉ. निशा जोशी ने 'बाल नाट्य साहित्य : रमेश दवे' पर प्रपत्र प्रस्तुत किया ।
- ડૉ. અર્ચના પંડ્યાએ 'સુન્દરમ્‌ના બાળકાવ્યોમાં કથાકાવ્ય' વિશે પેપર રજૂ કર્યું.
- ડૉ. વર્ષા પ્રજાપતિએ 'રમેશ પારેખના બાળકાવ્યોનો કલરવ' વિશે પેપર રજૂ કર્યું.

➡ તા. ૧૭-૨૩ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં Department of Higher Education, Gujarat State દ્વારા KCG (Knowledge Consortium of Gujarat)ના નેજા હેઠળ આયોજિત 'Research Methodology in Humanities' વિષયક Short term Courseમાં સહભાગી થયાં.

## ❑ ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ તથા પ્રા. મુકેશકુમાર બારૈયા :

તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ધનસુરાની The D.P.C.B.L. Arts and Commerce Collegeના યજમાનપદે આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Physical Education : Latest Trends in Health, Yoga and Physical Education વિષયક National Seminarમાં સહભાગી થયાં. જેમાં...

- ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટે 'શિક્ષણમાં યોગનું મહત્ત્વ' વિશે,
- પ્રા. મુકેશકુમાર બારૈયાએ 'The Study of Effect of Food Supplements & Aerobics on Hematological Parameters & Aerobic Capacity' વિશે

  ...પેપર રજૂ કર્યું.

## ❑ હોમસાયન્સ વિભાગ, અર્થશાસ્ત્ર વિભાગ તથા HRM :

તા. ૨૨ સપ્ટેમ્બર / ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ડૉ. પિંકેશકુમારી ગર્ગની નિશ્રામાં હોમસાયન્સ, અર્થશાસ્ત્ર તથા HRM કોર્સની વિદ્યાર્થિનીઓએ NRGF (Non-Resident Gujaratis Faundation) ગાંધીનગરના નેજા હેઠળ અમદાવાદ સ્થિત Gujarat Chamber of Commerceના યજમાનપદે

આયોજિત ‘વિદેશમાં લગ્ન આંધળુકીયા નહીં’ વિષયક State Level Workshopમાં સહભાગી બની. Workshop દરમિયાન નિષ્ણાતો દ્વારા રજૂ થયેલ વિષયોચિત વક્તવ્યો દ્વારા માહિતી પ્રાપ્ત કરી તેમજ પ્રત્યેક વક્તવ્યો બાદ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

### ❑ ડૉ. એમ. એમ. કોઠારિયા તથા ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ :

તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અડાલજ-ગાંધીનગર સ્થિત OAKBROOK Business School, Adalaj (Dist. Ahmedabad)ના યજમાનપદે, ‘Embracing the Creative Side of Teaching’ વિષયક Faculty Development Programmeમાં સહભાગી થયાં.

### ❑ અર્થશાસ્ત્ર તથા ઈતિહાસ વિભાગ :

તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ

**અર્થશાસ્ત્ર :**

અર્થશાસ્ત્ર વિષયના અનુસંધાનમાં શ્રી જ્યોત્સના પટેલ તથા શ્રી અનિતા પટેલના નેતૃત્ત્વ હેઠળ અમદાવાદના પાલડી વિસ્તારના સત્યાગ્રહ આશ્રમ (કોચરબ ગાંધી આશ્રમ)ની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીની આર્થિક વિચારધારા વિશે જાણકારી મેળવી.

**ઈતિહાસ :**

ઈતિહાસ વિષયના અનુસંધાનમાં ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ તથા ડૉ. દક્ષિણા શાહના નેતૃત્વ હેઠળ અમદાવાદના પાલડી વિસ્તારના સત્યાગ્રહ આશ્રમ (કોચરબ ગાંધી આશ્રમ)ની શૈક્ષણિક મુલાકાત લઈ, આશ્રમની ઐતિહાસિક માહિતી મેળવી.

## ★ ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ :

- કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓ સક્રિય રસ લે છે.
- તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ યોજાયેલ ગરબા સ્પર્ધામાં કિર્તી જડિયા શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા વિજેતા બની.
- રમતગમત ક્ષેત્રે – સિનિયર ખેલાડી ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, વિદ્યાર્થિનીઓ કૉલેજનું ગૌરવ વધારે છે.

  **નોંધ :** એસ.એલ.યુ. કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા ભાગીરથી કલાકૌશલ ટ્રોફી પ્રાપ્ત કરનાર હેમલત્તા સોનારાને ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ દ્વારા પુરસ્કાર આપી સન્માનવામાં આવી.
- AAA (તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૫) તથા NAAC (તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫)ની PEER TEAM સાથે આયોજિત Alumni Meeting માં વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહી કૉલેજનું ગૌરવ વધાર્યું.

  **નોંધ :** બન્ને PEER Team એ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના કૉલેજ સાથેના અભિન્ન સંબંધને બિરદાવી, વિશેષ નોંધ લીધી.

## ★ NSS વિભાગ તથા સમુદાય સેવા ધારા :

**પ્રોગ્રામ ઑફિસર તથા સમુદાય સેવા ધારાના કન્વીનર ડૉ. નિશા જોશીના** નેતૃત્ત્વ હેઠળ અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું.

- તા. ૨૩ અને ૨૭ જૂન, ૨૦૧૪ના રોજ 'NSS' અંગે Orientation Programmeનું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-Iમાં પ્રવેશ મેળવનાર અને N.S.S.માં જોડાનાર વિદ્યાર્થિનીઓને NSS પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી.

  NSSમાં પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ આગંતુક વિદ્યાર્થિનીઓને પોતાના સ્વ-અનુભવને આધારે NSS હેઠળ સમાજકાર્ય વિશે માહિતી આપી.

  ડૉ. નિશા જોશીએ 'સમાજકાર્યમાં NSSની ભૂમિકા' શીર્ષક હેઠળ વિદ્યાર્થિનીઓને માહિતી આપી, સમાજકાર્ય માટે પ્રોત્સાહિત કરી. પૂર્વ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ઘનશ્યામ અંજારાએ 'NSS દ્વારા રાષ્ટ્રીય યોગદાન' વિશે સદૃષ્ટાંત માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

  વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ માટે રસ-રુચિ મુજબ ટીમોની રચના કરવામાં આવી. SEM-Vની વિદ્યાર્થિની સીમા મૌર્ય (SEM-V)ની મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી. તદ્ઉપરાંત વર્ષ દરમિયાનની કૉલેજ તેમજ યુનિવર્સિટી કક્ષાની કામગીરીનું સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું.
- તા. ૧૭-૧૯ જુલાઈ, ૨૦૧૪ દરમિયાન લાંભા (જિ. અમદાવાદ)માં ગુજરાત યુનિવર્સિટીના NSS Unit દ્વારા આયોજિત N.S.S. District (Ahmedabad & Gandhinagar) Level Workshopમાં સીમા મૌર્ય, રીના મૌર્ય તથા મિત્તલ દેસાઈ સહભાગી થયાં.
- તા. ૬-૯ ઑગસ્ટ, ૨૦૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના NSS Unit દ્વારા પાવાગઢમાં આયોજિત Zonal Level Campમાં સીમા મૌર્ય સહભાગી બની.
- તા. ૨૦-૨૬ ડિસેમ્બર, ૨૦૧૪ દરમિયાન ગામ : લીલાપૂર (જિ.અમદાવાદ)માં Department of Higher Education Gujarat Government તથા NSS Department – Gujarat Universityના સંયુક્ત ઉપક્રમે 'Youth Leadership and Social Service'ના નેજા હેઠળ આયોજિત NSS Inter College Work Campમાં સીમા મૌર્ય તથા તૃપ્તિ પરમાર સહભાગી થયાં.
- તા. ૮ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના Health Center દ્વારા પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. Dr. Mita Dani (Medical Officer, Health Center, Paldi)એ વિદ્યાર્થિનીઓને 'પોલિયોની રસી'ના અનુસંધાનમાં વિવિધ બાબતોનું ડેમોન્સ્ટ્રેશન આપી, માહિતગાર કરી.
- તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કૉલેજમાં વિના મૂલ્યે Thalassemia Checkup Campનું આયોજન કરવામાં આવ્યું. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લાભ લીધો.

- તા. ૧૮-૨૦ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા પલ્સ પોલિયો અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ અમદાવાદના જુદા જુદા વિસ્તારોના AMC Health Centreમાં ઉપસ્થિત રહી, બહોળી સંખ્યામાં સેવાકીય પ્રવૃત્તિ કરી.
  **વિશેષ :** તા. ૨૧-૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન ઉપર્યુક્ત કાર્યક્રમનું વિસ્તરણ થયું. તેમાં પણ તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ જોડાઈને પોતાનું યોગદાન આપ્યું.
  AMC દ્વારા યોગદાન આપનાર પ્રત્યેક વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર તથા પુસ્કાર આપી, પ્રોત્સાહિત કરવામાં આવી.
- તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ Red Cross Societyના નેજા હેઠળ કૉલેજમાં Blood Donation Campનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી – NSS વિભાગના ઉપક્રમે Prin. M. C. Shah Collegeના NSS વિભાગના યજમાનપદે આયોજિત તરુણાભિવાદન કાર્યક્રમમાં ચાર વિદ્યાર્થિનીઓ – સીમા મૌર્ય, ભાવના ચૌહાણ, સુમિત્રા મકવાણા, તૃપ્તિ પરમાર – સહભાગી થઈ.

**➡ દત્તક ગામ :**

જીવણપુરા (તા. સાણંદ, જિ. અમદાવાદ)માં વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. સ્વચ્છતા અભિયાન, પોલિયો જાગૃતિ અભિયાન, ભીંતસૂત્રલેખન, સાક્ષરતા અભિયાન, પ્રૌઢ શિક્ષણ, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, HIV/AIDSના અનુસંધાનમાં લોકજાગૃતિ કાર્યક્રમો (NACOના સહયોગ દ્વારા) વિધવા સહાય પ્રવૃત્તિ, સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો તેમજ ગ્રામવિકાસ ઉન્મુખ યોજનાઓ વિશે જાગૃતિ કાર્યક્રમો, વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ, રેલી જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

### ❑ ડૉ. નિશા જોશી :

તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં Rajiv Gandhi National Institute of Youth Development, Sriperumbudur તથા NSS Regional Centre, Ahmedabadના સંયુક્ત ઉપક્રમે M. G. Science Instituteના યજમાનપદે આયોજિત 'Peace Education' વિષયક State Level Workshopમાં સહભાગી થયાં.

### ★ N.C.C. વિભાગ :

**NCCના Caretaker ડૉ. અર્ચના પંડ્યા**ના નેતૃત્ત્વ હેઠળ વર્ષ દરમિયાન NCCની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

- વર્ષના પ્રારંભમાં આગંતુક કેટેટ્સને સિનિયર કેડેટ્સે આવકારી, સ્વ-અનુભવને આધારે N.C.C.ની જીવનમાં જરૂરિયાત વિશે સવિસ્તર માહિતી આપી.

ડૉ. અર્ચના પંડ્યાએ N.C.C. ક્ષેત્રની વિવિધ વિંગ્સ (Army, Navy તથા Air Force) તેમજ સાંપ્રત સમયમાં NCCના મહત્ત્વ વિશે જાણકારી આપી.

- તા. ૫ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ કૉલેજમાં શ્રી કમાલુદ્દીન (Major, NCC Unit, Ahmedabad) તથા શ્રી પારૂલ (Girl Cadet Instructor, NCC Unit, Ahmedabad)એ NCCની કેડેટ્સને પોતાના સ્વ-અનુભવે NCCની જાણકારી આપતા વક્તવ્યો આપ્યાં. જેમાં ખાસ કરીને NCC Unit, Ahmedabadની કામગીરી, એના નેજા હેઠળ આયોજિત Camps તેમજ NCC દ્વારા રાષ્ટ્રીય રક્ષણમાં મહિલાઓનું યોગદાન વગેરે બાબતો જણાવી. વક્તવ્યો બાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ વિશેષ માહિતી મેળવી.
- વર્ષ દરમિયાન યોજાયેલ Annual Training Camp, National Integration Camp, Combined Annual Training Camp વગેરેમાં NCC કેડેટ્સે ભાગ લીધો. તદ્ઉપરાંત Camp દરમિયાન આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- વર્ષાન્તે યોજાયેલ 'C' સર્ટિફિકેટની પરીક્ષા આપી.
- ફેબ્રુઆરી-૨૦૧૫માં કૉલેજના AAA તથા NAACના નિરીક્ષણ સમયગાળામાં કેડેટ્સે ઉત્કૃષ્ટ કામગીરી કરી.

## ★ રમતગમત વિભાગ તથા વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા :

**વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાના કન્વીનર તથા શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગના પ્રા. મુકેશકુમાર બારૈયાના** માર્ગદર્શન હેઠળ વર્ષ દરમિયાન વિવિધ રમતોની તાલીમ શિબિર તથા સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન થયું.

- શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં તા. ૧૫ જુલાઈ, ૨૦૧૪ના રોજ કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓમાં રમત પ્રત્યે અભિરૂચિ કેળવાય અને રમતમાં પ્રતિનિધિત્વ વધે એ હેતુથી રસ ધરાવતી વિદ્યાર્થિઓની મિટિંગ યોજીને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો.
- તા. ૧૩ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ સ્ત્રીસશક્તિકરણ અભિયાન અંતર્ગત સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી સાબરમતી રિવરફ્રન્ટ પર Women Empowermentના નેજા હેઠળ Rallyનું આયોજન થયું. વિશાળ પાયા પર યોજાયેલ આ Rallyમાં આચાર્યશ્રી, શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનો, ગુ.સ્ત્રી કે.મંડળના સહનિયામકશ્રી સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ જોશભેર ભાગ લીધો.
- તા. ૨૦ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ઝોન આંતર કૉલેજ – ચેસ સ્પર્ધા સમિતિના અધ્યક્ષ પ્રિ. ડૉ. સિરાલી મહેતાની અધ્યક્ષતામાં ચેસ સ્પર્ધા સમિતિની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રા. મુકેશકુમાર બારૈયા તથા સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યાં.

## ● ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત સ્પર્ધાઓ :

- તા. ૮ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ઝોન **આંતરકૉલેજ ક્રોસકન્ટ્રી સ્પર્ધાનું** આયોજન એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ મુકામે કરવામાં આવ્યું. જેમાં હર્ષિદા ઠાકોર, મનીષા ઝાલા, સાલેહા શેખ, પ્રકૃતિ ગજ્જર, દર્શિની લેઉવા, ચિત્રા બ્રહ્મભટ્ટ અને ભાગ્યેશ્રી સોનીએ ઉત્સાહભેર ભાગ લીધો. તે પૈકી **મનીષા ઝાલા** અને **હર્ષિદા ઠાકોરે** અનુક્રમે **પાંચમું અને છઠ્ઠું સ્થાન** પ્રાપ્ત કર્યું. **બન્નેનું સિલેક્શન ઈન્ટર ઝોનલ સ્પર્ધા માટે થયું.**
- તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ઝોન આંતરકૉલેજ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના મુકામે થયું. જેમાં જહાન્વી શુક્લ અને રુકસાર મન્સુરીએ ભાગ લીધો.
- તા. ૨૧ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ઝોન આંતરકૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન એસ.એલ.યુ. કૉલેજના યજમાનપદે ગુજરાત યુનિવર્સિટી જીમખાના મુકામે થયું. જેમાં પૂજા મિસ્ત્રી અને રુકસાર મન્સુરીએ ભાગ લીધો.
- તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતર ઝોનલ ક્રોસકન્ટ્રી સ્પર્ધાનું આયોજન જેતપુર (પાવી) કૉલેજ મુકામે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની હર્ષિદા ઠાકોર અને મનીષા ઝાલાએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ઝોન **આંતરકૉલેજ વોલીબોલ સ્પર્ધાનું** આયોજન એચ.એલ.કૉલેજ ઑફ કોમર્સ મુકામે થયું. તેમાં કૉલેજ ટીમે સુંદર રમતપ્રદર્શન કરીને **ક્વાટર ફાઈનલ**માં સ્થાન મેળવ્યું. ટીમના સભ્યો – આનંદી સોલંકી, મોનિકા પંડ્યા, સુમન ડાભી, નેહલ રાઠોડ, જીગ્નેશા પારેખ, નિશા રાઠોડ, નિકિતા પટ્ટણી, ફાલ્ગુની સોલંકી, ક્રિષ્ના ઠક્કર, જીનલ પંચાલ, મનીષા ડાભી અને એમ.કોમ.ની અર્પિતા જાદવ.
- તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ **આંતરકૉલેજ જૂડો સ્પર્ધાનું** આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના મુકામે થયું. જેમાં અલ્ફિના પઠાણ, હિમાની કરમોકર, મનિષા ઝાલા અને રોમાના કુરેશીએ શ્રેષ્ઠ રમતપ્રદર્શન કર્યું. **અલ્ફિના પઠાણ** (44 કિ.ગ્રા. વજન જૂથ) પ્રથમ, **મનિષા ઝાલા** (44 કિ.ગ્રા. વજન જૂથ) **દ્વિતીય, હિમાની કરમોકર** (48 કિ.ગ્રા. વજન જૂથ) **દ્વિતીય** અને **રોમાના કુરેશી** (72 કિ.ગ્રા. વજન જૂથ) **દ્વિતીય સ્થાને** વિજેતા બન્યાં. સમગ્ર સ્પર્ધામાં **કૉલેજ ટીમ રનર્સ અપ થઈ.**
- તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી **આંતરઝોનલ જૂડો સ્પર્ધાનું** આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના મુકામે થયું. જેમાં અલ્ફિના પઠાણ, હિમાની કરમોકર, મનિષા ઝાલા અને રોમાના કુરેશીએ શ્રેષ્ઠ રમતપ્રદર્શન કર્યું. **અલ્ફિના પઠાણ** (44 કિ.ગ્રા. વજન જૂથ) **પ્રથમ, મનિષા ઝાલા** (44 કિ.ગ્રા. વજન જૂથ) **દ્વિતીય, હિમાની કરમોકર** (48 કિ.ગ્રા. વજન જૂથ) **પ્રથમ** અને **રોમાના કુરેશી** (72+ કિ.ગ્રા. વજન જૂથ) **દ્વિતીય સ્થાને વિજેતા બન્યાં.**

- તા. ૧-૩ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ઝોન આંતરકૉલેજ એથ્લેટીક્સ સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી સિંડર ટ્રેક મુકામે થયું. જેમાં અલ્ફિના પઠાણ, દરખશા પઠાણ, મનિષા ઝાલા, જીનલ પંચાલ અને રોમાના કુરેશીએ સરસ રમત પ્રદર્શન કર્યું. તેમાં **મનિષા ઝાલા** (800 મીટર દોડ)માં **દ્વિતીય** અને (1500 મીટર દોડ)માં **તૃતીય સ્થાને વિજેતા બની.**
- તા. ૩૦ જાન્યુઆરી – ૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન અખિલ ભારતીય આંતર યુનિવર્સિટી જૂડો સ્પર્ધાનું આયોજન ગુરુ નાનકદેવ યુનિવર્સિટી, અમૃતસર (પંજાબ) મુકામે થયું. કૉલેજની અલ્ફિના પઠાણ અને હિમાની કરમોકરે ગુજરાત યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ કરી, કૉલેજ તથા યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું.

- **અન્ય પ્રાદેશિક સ્પર્ધાઓ :**

- તા. ૧૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ ગુજરાત સ્પોર્ટ્સ ક્લબ, અમદાવાદ દ્વારા ૧ માઈલ દોડ સ્પર્ધાનું આયોજન સાબરમતી રીવરફ્રન્ટ મુકામે થયું. જેમાં હર્ષિદા ઠાકોર અને મનિષા ઝાલાએ કૉલેજ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું.

**ખેલમહાકુંભ : ૨૦૧૪-૨૦૧૫ સ્પર્ધાઓ :**

- ઑક્ટોબર-નવેમ્બર-૨૦૧૪ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ખેલમહાકુંભ-૨૦૧૪નું આયોજન થયું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં જિલ્લા સ્તરે અને રાજ્ય સ્તરે ભાગ લઈને ઈનામો પ્રાપ્ત કર્યા.
- તા. ૫ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે યોજાયેલ **જિલ્લા સ્તરની જૂડો સ્પર્ધામાં અશમેરા શેખ** એ **પ્રથમ સ્થાન** મેળવ્યું અને **તેનું રાજ્ય સ્તર માટે સિલેકશન થયું. જ્યારે હિમાની કરમોકર, અલ્ફિના પઠાણ અને રોમાના કુરેશીએ દ્વિતીય સ્થાન મેળવ્યું.**
- તા. ૫ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે યોજાયેલ **જિલ્લા સ્તરની કુસ્તી સ્પર્ધામાં** કૉલેજની પૂર્વ વિદ્યાર્થિની **મોનિકા સોલંકી અને ભૂમિકા જાની તૃતીય સ્થાને વિજેતા બન્યાં.**
- તા. ૧૫ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ શ્યામજીકૃષ્ણ વર્મા સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ, રાયપુર મુકામે યોજાયેલ **જિલ્લા સ્તરની રસ્સા ખેંચ સ્પર્ધામાં કૉલેજની ટીમ તૃતીય સ્થાને વિજેતા** બની. તદ્ઉપરાંત **કૉલેજ ટીમ વોર્ડ સ્તરે અને ઝોન સ્તરે પણ ચેમ્પિયન** થઈ. ટીમના સભ્યો – અલ્ફિના પઠાણ, દરખશા પઠાણ, કિરણ પરીડા, રોમાના કુરેશી, મુબસ્સેરા મન્સુરી, પ્રિયંકા ભાવસાર, સેજલ તલસાણિયા, નમ્રતા પરમાર અને મમતા પરમાર. અલ્ફિના પઠાણ અને દરખશા પઠાણનું સિલેક્શન રાજ્યસ્તરની સ્પર્ધા માટે થયું.
- તા. ૧૨-૧૫ નવેમ્બર, ૨૦૧૪ દરમિયાન સાબર સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ, હિંમતનગર મુકામે યોજાયેલ રાજ્યસ્તરની રસ્સા ખેંચ સ્પર્ધામાં અલ્ફિના પઠાણ અને દરખશા પઠાણે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- જિલ્લા સ્તરની એથ્લેટીક્સ સ્પર્ધામાં **હર્ષિદા ઠાકોર, મનિષા ઝાલા, જીનલ પંચાલ અને વર્ષા પંડ્યાએ** ભાગ લઈ, વોર્ડ તથા ઝોન સ્તરે વિજેતા થયાં.
- જિલ્લા સ્તરની બેડમિંટન સ્પર્ધામાં **જહાન્વી શુક્લ અને અંજલિ ભાવરે ભાગ લઈ, વોર્ડ અને ઝોન સ્તરે વિજેતા થયાં.**

# ગૌરવવંતા ખેલાડીઓ



હિમાની કરમોકર



અલ્ફીના પઠાણ



મનિષા ઝાલા



હર્ષિદા ઠાકોર



અશમેરા શેખ

## કૉલેજ વાર્ષિક રમતોત્સવ :

પોતાની શ્વસનક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ વાયુ મેળવી ઑક્સિજન વાયુનું ઉત્સર્જન કરી માનવજીવનને જીવનદાન તો આપે જ છે. સાથે હવામાં થતું પ્રદૂષણ અટકાવે છે. બીજી મહત્ત્વની ભેટ 'પાણી'. પાણી એ આપણી પાયાની જરૂરિયાત છે.

પીવા, રાંધવા, નાહવા, ધોવા અથવા બધા જ કાર્યોમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આપણને પાણી સરોવર, નદી જેવા જળસ્ત્રોમાંથી મળે છે. પર્યાવરણને ખલેલ પહોંચાડવામાં આવે તો પાણીનો પ્રશ્ન સર્જાય. વરસાદનું પ્રમાણ ઘટી જાય. વળી, વરસાદ લાવવામાં વૃક્ષો મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમ ઑક્સિજન માટે વૃક્ષો જરૂરી છે. તેમજ ફળ, શાકભાજી, ફૂલ, ઔષધિઓ, લાકડું, કાગળ પણ વનસ્પતિમાંથી મળે છે. વરસાદને કારણે ખેતરોમાં સિંચાઈની સગવડ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. વરસાદ વિના ખેતી શક્ય નથી. પાણી એ પ્રકૃતિની ઉત્તમ ભેટ છે.

પાણીની જેમ પ્રાણીઓ માનવ જરૂરિયાતની પરિપૂર્તિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રાણીઓની સંખ્યા ભારતમાં ઓછી થતી જોવા મળે છે. તેમને પૂરતો ખોરાક ન મળતા તે મૃત્યુ પામે છે. ભૂચર પ્રાણી ન હોય તો માનવજીવનની જરૂરિયાતો પૂરી થશે ખરી ? ગાયમાંથી મળતું દૂધ, દૂધમાંથી બનતી બનાવટો તેમના ચામડામાંથી બનતી ચીજવસ્તુઓની અછત સર્જાશે. વન્ય જીવોની ઘટતી સંખ્યાએ પણ પ્રકૃતિના સૌંદર્યમાં થતો ક્રમિક ઘટાડો છે. વાઘ, સિંહ, હાથી કે અન્ય પ્રાણીઓ ઘટતા જાય છે. તેમજ જળચર પ્રાણીઓનું પાણી પ્રદૂષિત થવાથી તેમનો નિવસન ખોરવાયું છે. તેમજ ભૂચર પ્રાણીઓની જેમ ખેચર પ્રાણીઓ પણ પ્રકૃતિનો હિસ્સો છે. આજે પક્ષીઓની સંખ્યા ખૂબ જ ઘટી ગઈ છે. ચકલી, મોર, પોપટ જેવા સુંદર રંગબેરંગી પક્ષીઓ ફક્ત ગામડાઓમાં જોવા મળે છે. શહેરમાં તો ચકલીઓની સંખ્યા નાબૂદ થતી જાય છે. ઉત્તરાયણ જેવા તહેવારમાં પક્ષીઓનું મૃત્યુ થાય છે. કેમિકલયુક્ત દોરીથી એક જ દિવસમાં હજારો પક્ષીઓ મૃત્યુ પામે છે. પક્ષીઓ આપણી જરૂરિયાત અને મોજશોખમાં ખલેલ પહોંચાડતા નથી. તો આપણે નિર્દોષ પક્ષીઓની હત્યા કેમ કરીએ ? આપણા મોજ-શોખને ઓછા કરી પર્યાવરણના આ સુંદર રંગબેરંગી નિર્દોષ પક્ષીઓનું જતન કરવું જોઈએ.

ભારત કૃષિપ્રધાન દેશ છે. ગામડાઓમાં ખેતી થાય છે. ઋતુઓ પ્રમાણે જાતજાતના ફળો-શાકભાજીઓનું ઉત્પાદન થાય છે. વનસ્પતિમાંથી ઔષધિઓ પ્રાપ્ત થાય છે. તુલસી, લીમડો, અરડુસી જેવી વનસ્પતિનો ઉપયોગ આયુર્વેદિક ઈલાજમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

પર્વતો એ પ્રકૃતિનું સૌંદર્ય વધારનાર સ્વર્ગની નિસરણી સમાન છે. પર્વતો વરસાદના પાણીમાં જમીન ધોવાઈ ન જાય એની સંભાળ રાખે છે. શહેરી લોકો ઉનાળામાં વેકેશનમાં પર્વતોમાં સુખ-શાંતિ મેળવવા જાય છે. જેમ-જેમ આપણે પર્વતોની ઉંચાઈએ જઈએ તેમ-તેમ પ્રકૃતિનો આનંદ મળતો રહે છે. પર્વતો પર ફળ, ફૂલ, પક્ષીઓ, નદીઓ, ઝરણાં જોવા મળે છે. પર્વતીય પ્રદેશો જેવા કે ગિરનાર, પાવાગઢ, અરવલ્લી પ્રવાસ માટેના પ્રખ્યાત ધામ છે. ત્યાંની પ્રકૃતિ જાણે એકબીજા સાથે વાતો કરી રહી હોય એવી જીવંત લાગે છે. ત્યાં પક્ષીઓના ગણગણાટભર્યા સ્વરો મનને પ્રફુલ્લિત કરે છે. ઝરણાંનાં પાણીમાં નાહવાની મજા તો પૂછો જ નહીં. આપણે મોટા-મોટા સ્નાનાગરમાં પૈસા ખર્ચીને પણ જે આનંદ નથી મેળવી શકતા એવો આનંદ ઝરણાં કે

નદીનાં પાણીમાં નાહવાથી મળે છે. સ્વચ્છ ઠંડુ પાણી જાણે આપણા શરીરમાં અનેરી શીતળતા અને સ્ફૂર્તિ આપે છે. આ અનુભૂતિ પ્રકૃતિ સિવાય કોણ આપી શકે ? ઈશ્વરે ખરેખર પર્વતોને રક્ષક તરીકે રચ્યા છે. પણ સ્વાર્થી મનુષ્યે આવા સ્થળો પર ધુમાડો, ઘોંઘાટ કરી ત્યાંનું વાતાવરણ પ્રદૂષિત કર્યું છે. જો થોડી ઘણી તકેદારી લીધી હોય તો દરેક જગ્યાએ આવા પોસ્ટર નાખવાની જરૂર ન પડે. જેમ કે "કચરો મને આપો, સ્વચ્છતા જાળવો, ગંદગી ન કરવી." આ બધા પોસ્ટરો માનવજાત માટે ટીકાપાત્ર છે.

આપણે સંસ્થાઓ ખોલીએ, કાર્યક્રમો યોજીએ, એક દિવસ પૂરતો દેખાવ કરવા ઝાડ-છોડને પાણી આપીએ. રસ્તાઓ ઉપર મોટા પોસ્ટરો વાંચતા હોવા છતાં ગમે ત્યાં કચરો ફેંકીએ. આ બધી પ્રવૃત્તિ આપણે જાણીજોઈને કરીએ છીએ. આ જાણીજોઈને કરાતી પ્રવૃત્તિઓનું પરિણામ આપણે નહીં તો આપણી આવનારી પેઢી ભોગવશે. જો આપણે નદીઓના પાણી સ્વચ્છ રાખીએ, પ્રદૂષણ અટકાવીએ, વધુ વૃક્ષો વાવીએ, નિષ્ઠાપૂર્વક જતન કરીએ તો મનુષ્યજાતિ ઘણી ટીકાઓથી બચી જશે. ઈશ્વરે માનવજાતને બુદ્ધિ આપી છે. બુદ્ધિનો સદ્‌ઉપયોગ થાય તો પ્રકૃતિ સચવાઈ શકે. પ્રાણીઓ, પંખીઓ, જીવજંતુઓ પાસે કોઈ ભાષા નથી છતાં તેઓ પ્રકૃતિનો ભાગ છે. તેમની જરૂરિયાતો માનવી જેવી નથી, તેથી મનુષ્યે જ તેમનું રક્ષણ કરવાની અને પ્રકૃતિની સંભાળ લેવાની જરૂર છે.

❀ ❀ ❀

"'સુનામી' (Tsunami) જાપાની ભાષામાંથી આવેલો શબ્દ છે. Tsu (સુ) – બંદર અને nami (નામી) – લહેર. અર્થાત્ બંદરની લહેર. સમુદ્રના તળિયામાં ભૂકંપ, જ્વાળામુખીનો વિસ્ફોટ અથવા દરિયામાં ભેખડોનું ધસવું જેવા ઝડપથી પાણીને ખૂબ મોટા પ્રમાણમાં વિસ્થાપિત કરતા તોફાનથી સુનામી ઉત્પન્ન થાય છે. આ તોફાનની લહેરો સમુદ્રમાં દર કલાકે ૫૦૦ થી ૧૦૦૦ કિલોમીટરની તેજ ગતિથી ધસી આવે છે. જ્યારે તે જમીન સાથે અથડાય છે ત્યારે દબાણથી પાણીના એ મોજા લગભગ ૩૦ મીટર જેટલા ઊંચે ઊછળે છે. આ જળરાશિનું જોર એટલું બધું હોય છે કે તે ઈમારતોને એમના પાયાથી ધરમૂળ કરી દે છે, ખુલ્લી જમીનને એની આધારશિલાઓ સુધી ધોઈ નાખે છે."

# સાહિત્યમાં પ્રકૃતિસૌંદર્ય

– મિત્તલ રબારી
(B.A.-SEM-VI)



પ્રકૃતિ અને પર્યાવરણ એ એકબીજાના પર્યાયવાચી શબ્દ છે. માનવજીવનમાં તેમનું અનેરું મહત્ત્વ જોવા મળે છે. પ્રકૃતિથી માનવી જીવિત છે. તેના આકર્ષણ માત્રથી તેનું જીવન પ્રકૃતિમય બની જાય છે. તે માનવીને નવીન અનૂભૂતિ કરાવે છે. પ્રકૃતિના સાન્નિધ્યથી માનવીના જીવનનો અંધારપટ દૂર થાય છે. મનુષ્ય લાગણીના શૂર અને સ્નેહના તાંતણા દ્વારા તેના જીવનના સંબંધો મજબૂત બનાવવા સમર્થ બને છે. સાહિત્યકારો, કવિઓ પ્રકૃતિના રમ્ય અને રૌદ્ર સ્વરૂપને પોતાની કલમ દ્વારા આલેખે છે.

પ્રકૃતિ એટલે ઝાકળથી માંડીને ગરજતા વાદળ. જેમાં ભીંજાઈને માનવી લાવણ્ય પ્રાપ્ત કરે છે. આમ, પ્રકૃતિ અને પ્રણયનો સુભગ સમન્વય થાય છે. વૈશાખી બપોર એ પ્રકૃતિનું રૌદ્ર સ્વરૂપ છે. ઉનાળાના ધોમધખતા બપોરે સમગ્ર વાતાવરણ ધગધગતી ભઠ્ઠી જેવું બની જાય છે. ગામડાના ભાગોળ, ગલીઓ, શેરીઓ સૂમસામ બની જાય છે. પશુઓ વૃક્ષોની છાયામાં બેસી રહે છે. કાકાસાહેબ કાલેલકર જેવા પ્રકૃતિપ્રેમી એ ગ્રીષ્મના મધ્યાહ્નમાંય રસ સૌંદર્ય અને કાવ્યનું દર્શન કર્યું છે. વૈશાખી બપોરે ગરમી ખૂબ વધી જાય છે. વૈશાખી સવારે સાક્ષાત્ પ્રસન્નતાનો સૂર્યોદય થતો હોય છે. વહેલી સવારે કોયલ ટહુકવાનું શરૂ કરે ત્યારે આપણે ઘડિયાળનો સમય મેળવી શકીએ છીએ તો ક્યારેક છોડ પર પાંદડાનો ફરફરાટ એવો કે જાણે કથક નૃત્ય કરી રહ્યું છે. ક્યારેક કોયલનો ટહુકાર માનવીના મનને આકર્ષિત બનાવી દે છે. માણસને કોઈ પક્ષીનો ઉદ્ગાર સંભળાય ત્યારે તેણે સહેજ થંભી જઈને એ ઉદ્ગાર હૃદયમાં ઝીલવો જોઈએ. આપણે કલાકો સુધી વાયરાને તો સાંભળીએ તો સમજાય કે વાયરો જે કંઈ કહેવા માંગે છે તે વૃક્ષોના પાંદડા દ્વારા કહી દે છે. વૃક્ષે-વૃક્ષે વાયરો જુદો જુદો પર્ણધ્વનિ ઉત્પન્ન કરે છે.

આ જગતમાં માત્ર માનવી વસતો નથી. તેની સાથે પશુ-પંખી તથા વનસ્પતિસૃષ્ટિ પણ વસે છે. માણસની સ્વાર્થભરી વેપારવૃત્તિ દ્વારા આજે પર્યાવરણને આડેધડ જે પારાવાર નુકસાન થઈ રહ્યું છે તેનો સંવેદનાભર્યો સંકેત વીંલાતા પુષ્પમાં, પંખીની પીંખાતી પાંખમાં અને રડતી પ્રકૃતિમાતા દ્વારા કાવ્યોમાં થયો છે. પીંછીના એક જ લસરકે ઝાડજંગલ ઊગી નીકળવા, રંગના ટપકે ટપકે ધરતી પરના પહાડ ફૂટી નીકળવા. પીંછી ખંખેરતા રંગબેરંગી ફૂલો ખીલવા ને, સાત સમુદ્ર લહેરાતા થાય, જલરંગમાં જલપરીઓ સર્જાય વગેરે પ્રકૃતિ છે. આમ સર્જનવ્યવહારમાં સર્જનહારની સર્જનલીલાને કુદરતના રમ્ય અને ભવ્ય ચિત્રો દ્વારા કવિએ સરસ રીતે નિરૂપેલી જોવા મળે છે. દૂર્વાથી છવાયેલો સીમનો રસ્તો, વાડ ઉપર તે કંકાસિનીના ફૂલો, ક્યારામાં જવારા જેવું હસતી ડાંગર, ખાબડામાં ભેંસોનું સસ્તું ધણ, આકાશમાં ઝીલાતું તળાવ ને શંભુનું દેરું આવા ચેતનાસભર

વાતાવરણમાં કવિ જાણે કૈલાસના દર્શન જેવો ભાવ અનુભવે છે. ગામ, સીમ તેમજ પ્રકૃતિ ચેતનાનો વિરલ અનુભવ જોવા મળે છે.

બાગમાં જ્યારે આપણે પ્રવેશ કરીએ છીએ ત્યારે પ્રભાતના પુષ્પો જોઈને આપણે મસ્ત બની જઈએ છીએ અને પ્રભુના આશીર્વાદ સુવાસ દ્વારા ફેલાઈ રહ્યા હોય એવું આપણને લાગ્યા કરે છે. સરોવર ઉપર આપણી નૌકા સડસડાટ ચાલે છે તેમજ સરોવરમાં આપણને શીતળ હવાનો સ્પર્શ થયો હોય તેમ લાગે છે. પહાડના શિખર ઉપર પહોંચતા ધરતી પર જે સૌંદર્ય દેખાય છે. એનું દર્શન કરતાં જ આપણને એમ લાગે છે કે પૃથ્વીના થાળમાં એમણે આપણા માટે આશીર્વાદ વરસાવ્યા છે. એ જ રીતે જ્યારે આપણે મંદિરમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે ભગવાનના દર્શન કરતાં જ આપણી આંખમાં હર્ષના આંસુ આવી જાય છે. એ વખતે આપણે મૂર્તિના કંઠમાં સુવર્ણ અલંકારોને જોઈને કેટલા રૂપિયાનું સોનું ત્યાં ચડેલું છે એનો હિસાબ નથી કરતા ! અંધકારમાં રહેનાર રાત્રિના ગર્ભમાંથી જ પ્રભાતનો જન્મ થાય છે ત્યારે સારી સૃષ્ટિ પર આનંદ અને ઉત્સાહ છવાઈ જાય છે. કુદરતના બાળ એવા પુષ્પો ઊંઘમાંથી ઊઠી, પોતાની સુવાસ વાતાવરણમાં ફેલાવે છે પ્રભાતની દરેક પળ પવિત્ર હોય છે. પ્રભાત એ પવિત્રતાનું પ્રતીક ગણાય છે. પ્રભાત એટલે બીજું કોઈ નહિ, પણ નવસર્જનનો પ્રેરણા સંદેશ.

પ્રકૃતિમાં અપાર વૈવિધ્ય રહેલું છે. પ્રકૃતિનાં રમ્ય અને રૌદ્ર એમ બંને સ્વરૂપોનો આપણને અનુભવ થાય છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર એ પ્રકૃતિના જુદા જુદા શણગાર સર્જે છે. પ્રકૃતિનો આપણા ઘડતર અને વિકાસ પર ગાઢ પ્રભાવ જોવા મળે છે. વસંતઋતુમાં પ્રકૃતિનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. વર્ષાઋતુમાં ચારેબાજુ હરિયાળી છવાઈ જાય છે. વર્ષાઋતુમાં કુદરતનું રમ્ય સ્વરૂપ ઉઘાડ પામે છે. રાતના અંધકારમાં ટમટમતાં તારલા, ઝબૂક ઝબૂક થતા આગિયા અને આકાશગંગાની આભા પણ કુદરતના રમ્ય સ્વરૂપને પ્રગટ કરે છે. પ્રકૃતિના હાસ્યને વેરતા આવા રમણીય સ્વરૂપો આપણને સ્વર્ગીય આનંદ અપાવે છે. પૂનમની શીતળતામાં જ કુદરતની અનોખી પ્રસન્નતાનો અનુભવ થાય છે. કવિ રમેશ પારેખે પ્રકૃતિનું વર્ણન કરતાં સુંદર પંક્તિમાં લખ્યું છે કે,

**"ડાળ ઉપર ટાંગેલી ઠીબમાં સવાર પીતું,**
**નીલ રંગનું પંખી જોઈ ઝાડ ભૂલ્યાનું યાદ."**

**– રમેશ પારેખ**

કુદરતનાં રમ્ય સ્વરૂપને રમેશ પારેખે સુંદર રીતે વર્ણવ્યું છે. કુદરતનાં રમ્ય સ્વરૂપ સાગરનાં મોજાનાં ઘૂઘવાટ, સરિતા પ્રવાહનો કલનિનાદ, સરોવરમાં ઊઠતા જલતરંગો, હિમાચ્છાદિત શ્વેત શિખરો, લીલીછમ્મ વનરાજી, હરિયાળા ખેતરો તથા રંગબેરંગી પુષ્પોની મધુર સુવાસમાં પ્રકૃતિનો ઉલ્લાસ જ છલકતો જોવા મળે છે. મેઘધનુષના સાત રંગોમાં પ્રકૃતિનું સ્મિત રેલાય છે ને ! ખરેખર કુદરતે તે પૃથ્વી પર છૂટે હાથે અનેરી સુંદરતા વેરી છે. નિસર્ગની અનુપમ શોભામાં સૌંદર્ય અને માધુર્યનો અપૂર્વ સમન્વય થયેલો જોવા મળે છે.

સર્જન અને વિનાશ એ તો કુદરતનો સ્વાભાવિક ક્રમ છે. એમાંથી આપણને અનુકૂળ અને પ્રતિકૂળ બંને પરિસ્થિતિઓમાં ટકી રહેવાની પ્રેરણા મળે છે. કુદરતના રમ્ય સ્વરૂપ સાથે રૌદ્ર સ્વરૂપ પણ જોવા મળે છે. પ્રકૃતિ આપણને ક્યારેક તેના રૌદ્ર સ્વરૂપનો પણ અનુભવ કરાવે છે. વર્ષાઋતુમાં ક્યારેક અતિવૃષ્ટિ થાય છે. ગામ અને ખેતરોમાં પાણી ફરી વળે છે. પરિણામે જાનમાલને ભારે નુકસાન થાય છે. અતિરેક અસંખ્ય લોકોના મરણનું કારણ બની શકે છે. જાનમાલની ભારે હાનિ થાય છે. તો બીજી બાજુથી અનાવૃષ્ટિથી દુષ્કાળ પણ આવી પડે છે અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ખેતરો વેરાન ભાસે છે. પાણીની અછત સર્જાય છે ને નગરોના નગરો ખંડેરોમાં પલટાઈ જાય છે. જ્વાળામુખી ફાટી નીકળે છે ત્યારે આસપાસનાં વિસ્તારોમાં પારાવાર વિનાશ થાય છે. ક્રોધે ભરાયેલી કુદરત ક્યારેક વંટોળિયા સ્વરૂપે તાંડવ કરે, તોતિંગ વૃક્ષો, મજબૂત મકાનો, વીજળીના થાંભલા વગેરેને ક્ષણભરમાં જમીનદોસ્ત કરી નાખે છે ને પરિણામે સમગ્ર વ્યવહાર ઠપ્પ થઈ જાય છે.

**"ફૂલો કહી રહ્યા હતા ઊડતા વિહંગને,**
**વર્ષાની સાથે માણીએ પ્હેલી સુગંધને."**

**– કૈલાસ પંડિત**

આમ, દિવસભર પ્રવૃત્ત રહેવા માટે જેમ મનુષ્યનાં જીવનમાં તાજગીભરી સવારની આવશ્યકતા છે. તેમ દિવસભર કામકાજમાં વ્યસ્ત રહેવા છતાં વિસામો લેવા માટે સાંજની પણ જરૂર પડે છે. ઋતુ ઋતુએ સવાર અને સાંજના નવાનવા રૂપો પ્રગટે છે. વર્ષાની સાંજના નવા નવા સ્વરૂપો ખરેખર મન ભરીને માણવા જેવા હોય છે. પહેલા વરસાદનો ભીનોભીનો સ્પર્શ આપણને કોઈ જુદી જ લાગણીથી ભરી દે છે. કડકડતી ટાઢમાં હૂંફાળા સૂર્યકિરણોનો સ્પર્શ માણવાની મઝા જ જુદી હોય છે. ઉનાળાની શીતળતા એટલે વૃક્ષની છાંયડીમાં ગેરુઆ રંગના માટલા પર ગોઠવાયેલા ચળકતા કળશિયામાંથી પડતી જીવનધારા એ પ્રકૃતિનું સૌંદર્ય ગણાય છે.

❀ ❀ ❀

"સોલાર શક્તિથી સંચાલિત દુનિયાની પ્રથમ હૉસ્પિટલ આફ્રિકાના 'માલી'માં આવેલી છે. માલી, સહારાના રણને કિનારે આવેલું હોવાથી ત્યાં મોટા પ્રમાણમાં સૂર્યપ્રકાશ આવે છે. આ હૉસ્પિટલમાં સોલાર સેલોની પેનલ મહત્ત્વપૂર્ણ ઉપકરણો ચલાવવા માટે અને દવાઓનો પૂરવઠો રેફ્રિજરેટરોમાં ઠંડો રાખવા માટે જરૂરી ઊર્જા પૂરી પાડે છે."

# ઔદ્યોગિકરણ, હવા પ્રદૂષણ અને નિયંત્રણ

– ડૉ. એમ. એમ. કોઠારિયા
(ઍસોસિયેટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ)



આજનાં ઔદ્યોગિકરણે ઉત્પાદનમાં વધારો કર્યો, પરંતુ સાથે સાથે તેના દ્વારા ઉત્પાદિત વાયુ પ્રદુષણ ઉપરાંત જળ પ્રદુષણ કે ધ્વનિ પ્રદુષણો એ અનેક રોગો પેદા કરી, માનવજીવનને વધુ કષ્ટદાયક બનાવવાની હોડ માંડી છે.

**બ્રેડનર અને હોફમેન નામના સંશોધનકારોનાં** મંતવ્ય પ્રમાણે ભારતમાં વાયુ પ્રદૂષણ અને અન્ય પ્રદૂષણોનાં લીધે થતાં મૃત્યુનો આંક બહુ જ મોટો છે. ઔદ્યોગિક નગરોની હવામાં સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ અને હાઈડ્રો કાર્બન જેવાં રાસાયણિક તત્ત્વો હોય છે. જે ઝેરી છે. પ્રાણઘાતક છે.

ભારતે પ્રચંડ પુરુષાર્થ કરી, ઔદ્યોગિક વિકાસ કર્યો. તે માટે પંચવર્ષીય યોજનાઓ પણ બનાવી. જેમાં પર્યાવરણ જતન પર પણ ભાર મૂકાયો.

૧૯૮૦માં ભારતમાં પર્યાવરણ વિભાગ તથા મંત્રાલયની સ્થાપના થઈ. જેમાં ઐતિહાસિક સ્થળોની પર્યાવરણની દૃષ્ટિએ સુરક્ષા જેવા કાર્યો સ્વીકારવામાં આવ્યાં. જે તે ક્ષેત્રમાં પર્યાવરણ સંબંધિત વૈધાનિક અને બંધારણીય પ્રબંધો કર્યા.

કોઈપણ સમાજના વિકાસમાં નીચે મુજબની ત્રણ બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે.

૧. આજુબાજુનું પર્યાવરણ

૨. માનવની ઈચ્છા અને કાર્ય કરવામાં પહેલ

૩. તેની પ્રાવૈધિક વિજ્ઞાનનું કે ટેક્નોલોજીનું સ્તર

આ ત્રણે બાબતો – પર્યાવરણ, માણસની ઈચ્છા અને ક્ષમતા તથા ટેક્નોલોજી – એકબીજાથી સંબંધિત છે.

હવે જો પર્યાવરણ સાનુકૂળ હોય તો તે કિસ્સામાં માણસ પોતાનાં જીવનનાં ધોરણને ઉચ્ચ બનાવી શકે છે. ફળદ્રુપ જમીન, માફકસરનો કે સાનુકૂળ વરસાદ, શીતલ અને આનંદદાયક આબોહવા, વિપુલ સાધનસંપત્તિ હોય તો માનવને જીવવા માટે સાનુકૂળ વાતાવરણ મળી રહે છે.

યુરોપીયન દેશોમાં પ્રાવૈધિક પ્રગતિનું લેવલ ઘણું ઊંચુ છે અને તેથી તેમનાં જીવનધોરણ ઊંચા જોવા મળે છે.

માણસની કુશળતા તેમજ તેની કાર્ય કરવાની પહેલ પણ આર્થિક વિકાસમાં મોટી બાબત બની રહે છે. આ બાબતો એક પ્રદેશથી બીજા પ્રદેશમાં એકસરખી રહેતી નથી. આપણે જોઈ શકીએ છીએ કે અમુક

સમાજનાં લોકોએ તેમનાં લાંબા અનુભવનાં કારણે પ્રાવૈધિક જ્ઞાન કે ટેક્નિકલ જ્ઞાનમાં એક ખાસ મુકામ હાંસલ કરેલ છે. તેમણે જરૂરી કુશળતા મેળવી લીધી છે.

પ્રવર્તમાન સમયમાં આર્થિક વિકાસ સાધવા માનવી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. જેમ કે ખેડૂત જુનવાણી ઓજારોની જગ્યાએ ટ્રેક્ટર્સ અને હાર્વે સ્ટર્સનો ઉપયોગ કરતો થયો છે. ઉદ્યોગોમાં મશીનરી વધી છે. માણસના વિકાસ કાર્યક્રમોમાં ટેક્નોલોજીનાં વિકાસે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પરંતુ તેનાં કારણે કુદરતમાં મળી રહેતાં અનેક સંસાધનોનો વિનાશ થયો છે અને તેનાં કારણે પરિસ્થિતિકાળ અસમતુલા ઊભી થઈ છે. માનવજીવન માટે એ જરૂરી છે કે માણસ પર્યાવરણની પરિઘિમાં રહીને ટેક્નોલોજીનાં વિકાસનો ઉપયોગ કરે, પરંતુ માણસે પોતાના ફાયદાઓ માટે આ બાબતને ધ્યાનમાં લીધી નથી. આપણી આસપાસ પરિસ્થિતિકીય સમસ્યાઓ ઊભી થઈ છે.

ઉપરની ચર્ચા પરથી ફલિત થાય છે કે અમુક હદથી વધુ થયેલ ટેક્નોલોજીનાં વિકાસથી માનવ ભૌતિક રીતે કે તકનીકી રીતે કદાચ આગળ વધે છે. પરંતુ સાથે-સાથે તે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે, જેનાં લીધે જૈવિક વાતાવરણને અમુક હદ સુધી નુકસાન થાય છે. પ્રદૂષણ ફેલાય છે.

સામાન્ય અર્થમાં પ્રદૂષણ એટલે વિશ્વના મૂળ તત્ત્વો તથા નિસર્ગમાં મૂળભૂત પરિબળોના સુરક્ષા કરવાને બદલે તેનો સતત નાશ કરવાની અથવા સ્વાર્થ ખાતર તેનો વિનાશ કરવાની પ્રવૃત્તિ.

ઔદ્યોગિકરણથી હવાનું પ્રદૂષણ થાય છે. હવાનાં પ્રદૂષણથી ચોક્કસ વ્યાખ્યા આપવી જરા મુશ્કેલ છે. પણ **વિશ્વઆરોગ્ય સંસ્થાના નિષ્ણાતોની** સમિતિએ જે વ્યાખ્યા આપી છે તે મુજબ,

"જ્યારે માનવો કે પશુઓનાં આરોગ્ય કે સુખસગવડને હાનિ પહોંચે તે રીતે હવામાં ધૂળ, રજકણ, દુર્ગંધ અને સૂર્યપ્રકાશમાં ઘટાડો થાય તે રીતે હવાનાં ઘટકતત્ત્વોની જલદતા પૂરતા પ્રમાણમાં ઊંચી જાય ત્યારે, તે હવામાં પ્રદૂષણ થયું છે એમ કહી શકાય."

આ સંદર્ભમાં હવે આ હવાનાં પ્રદૂષણને પણ ખતરારૂપ ગણી પ્રદૂષણ નિયંત્રણ ધારા હેઠળ આવરી લેવામાં આવ્યું છે અને ભારતમાં તો સંસદે આ હવામાં થતાં પ્રદૂષણને અટકાવવા માટે ખાસ ધારો પસાર કર્યો છે. જે એર એક્ટ ૧૯૮૧ કહેવાય છે. (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઑફ પોલ્યૂશન)

## ગુજરાતમાં હવાનું પ્રદૂષણ :

ગુજરાતમાં હવાનું પ્રદૂષણ પણ સારા એવાં પ્રમાણમાં વિસ્તર્યું છે અને અત્યાધુનિક કારખાનાઓમાંથી છૂટતો ધુમાડો, વાયુ ગુજરાતમાં મોટાં પ્રમાણમાં હવામાં પ્રદૂષણ ફેલાવી રહ્યા છે.

પ્રવર્તમાન સમયમાં ગુજરાતમાં કોલસાથી ચાલતાં ૯ વિદ્યુતમથકો, ૧૫ સિમેન્ટનાં કારખાના, ૬ ખાતરનાં કારખાના, ૧૧ જીવાતનાશકો બનાવતા કારખાનાં, ૧ કાર્બન બ્લેક પ્લાન્ટ, ૧ રિફાઈનરી, ૧ પેટ્રોકેમિકલ્સનું સંકુલ, ૩ સોડા એશનાં કારખાનાં, ૨ સોડિયમ સાઇનાઈટનાં કારખાનાં અને અન્ય વિવિધ પ્રકારનાં રાસાયણિક ઉદ્યોગો ઘણા મોટા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. આ પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે ગુજરાત રાજ્ય

પ્રદૂષણ નિવારણ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા રાજ્યમાં હવાનાં પ્રદૂષણને નિયંત્રિત કરવા સર્વેક્ષણ કરી, આવા ઉદ્યોગોની સૂચિ તૈયાર કરવામાં આવે છે. તદ્ઉપરાંત, ગુજરાતમાં એર પોલ્યૂશન સેલની પણ રચના કરવામાં આવી છે. હવાનું પ્રદૂષણ અટકાવવા માટેનાં સાધનો રાખવાની પણ આવાં ઉદ્યોગોને તાકીદ કરવામાં પણ આવી છે. વધુમાં આ સેલ તરફથી હવા પ્રદૂષણવાળાં અંકુશિત વિસ્તારોની જાહેરાત કરવામાં આવી છે.

મોટા વાહનોમાંથી છોડાતાં વાયુરૂપી કચરાં અંગેનાં ધોરણો પ્રસિદ્ધ કર્યા છે અને આ અંગે વધુ જાગૃતિ સામાન્ય લોકોમાં આવે તે માટેનાં સઘન પ્રયાસો જારી છે.

અંતે એટલું ચોક્કસ કહી શકાય કે પ્રગતિ અને પર્યાવરણ વચ્ચે સમતુલા જળવાઈ રહે તેટલાં પ્રમાણમાં જ ટેક્નોલોજીનો વિકાસ કરવામાં આવે તે જરૂરી છે.

**સંદર્ભ :**


- પર્યાવરણ અભ્યાસ : પોપ્યુલર પ્રકાશન, સુરત


❀ ❀ ❀

"ઑસ્ટ્રેલિયામાં ૧૯૮૭થી દર ત્રણ વર્ષે સૌરચાલિત વાહનો માટે વિશ્વ સૌર હરિફાઈનું આયોજન કરવામાં આવે છે, જેમાં વાહનો ૩૦૦૦ કિ.મી.નું અંતર કાપે છે."

"સને 1945માં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના નાગાસાકી અને હિરોશિમા ઉપર ઍટમબોમ્બ નાખવામાં આવ્યો. જેને કારણે પ્રસરેલા કિરણોત્સર્ગને પરિણામે આજે પણ જાપાનમાં ખોડખાંપણવાળા બાળકો જન્મે છે."

# રહેઠાણની રચના, રહેણીકરણ અને પર્યાવરણ

– પ્રા. રૂપલ દેસાઈ
(ઍસોસિયેટ પ્રોફેસર, હોમસાયન્સ વિભાગ)



'ધરતીનો છેડો...એ...ઘર' – હૂંફ, પ્રેમ, વિશ્રાંતિ, નિશ્ચિંતતા જેવા અનેક વિશેષણો ઘર માટે વપરાય છે. અનેક વૈજ્ઞાનિક સંશોધનો પછી રચાયેલા આપણા ધર્મો, જ્યોતિષશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર પણ સુખી-સમૃદ્ધ-નિરોગી માનવજીવન માટે માર્ગદર્શન આપે છે. શ્રી વરાહમિહિર દ્વારા વાસ્તુશાસ્ત્રની રચના રાજા ભોજનાં સમયમાં કરવામાં આવી. જેમાં કુદરતનાં તત્ત્વો – સૂર્યપ્રકાશ, પવન-હવા, વરસાદી પાણીની અસરો... વગેરેનું ધ્યાન રાખીને ઉત્તમ માર્ગદશન પૂરું પડાયું છે. જૂની બાંધણીવાળા ઘણા મકાનોમાં તેમનાં સિદ્ધાંતો જોવા મળે છે.

**વાસ્તુશાસ્ત્ર :** સોસાયટીની અદરનાં અને બહારનાં રસ્તાઓ જો ઉત્તર-દક્ષિણનાં હોય તો રાહદારીઓને છાંયડો મળે અને દરેક મકાનને પૂર્વ-પશ્ચિમનાં તડકાનો લાભ મળે. સૂર્યપ્રકાશ લાંબો સમય આખા ઘરમાં આવી શકે. જૂના ઘરોમાં નાની પણ સંખ્યાબંધ બારી મૂકાતી, જે જરૂર મુજબ ઉઘાડવાસ કરી શકાતી. ઊંચી પ્લીન્થવાળા – ઉંબરો મૂકીને બનાવેલા મકાનોમાં બહારની જીવાતો અને ભેજની તકલીફથી રક્ષણ મળતું. દીવાલો જાડી બનાવવાને કારણે બહારની આબોહવાથી રક્ષણ મળતું.

ઉત્તર પૂર્વથી માંડીને દક્ષિણ પૂર્વ સુધી મંદિર, બાળકોનો રૂમ, વાચનખંડ, વૃદ્ધોનો રૂમ અને રસોડું મૂકાતું. જેથી રસોઈ કરનાર બહેન સુધી દરેકને સૂર્યનાં કોમળ કિરણોનો લાભ મળે. દક્ષિણ-પશ્ચિમથી આવતો પવન રસોડાનાં ધૂમાડા-વાસ...ને ઘરમાં ફેલાવાને બદલે ઘરની બહાર સરળતાથી કાઢે. રસોડામાં બેક્ટેરિયાનું ઘર – ચીમની મૂકવાની જરૂર ના રહે. દક્ષિણ જેવી ગરમ દિશામાં ચોકડી, સ્ટોર રૂમ, બાથરૂમ-ટોયલેટ બનાવાથી સખત ગરમીને કારણે ગટરની પાઈપો અને દીવાલસુદ્ધાં જંતુમુક્ત બને. પશ્ચિમમાં બેડરૂમ બનાવવાથી સાંજથી ઠંડા પવનોનો લાભ મળે. જ્યારે ગાર્ડનમાં રંગીન-સુગંધી ફૂલોવાળા નાના છોડ પૂર્વમાં તથા લૉન અને ફળ-ફૂલનાં મોટા ઝાડ પશ્ચિમમાં ઉગાડવાથી તેની જાળવણી ઓછી કરવી પડે. ગુજરાતના ઘરોમાં આપણે ત્યાં ખાસ તડકો કે સખત પવન ના આવે તેવી ઉત્તરદિશા મુખ્ય બારણું મૂકવા ઉત્તમ ગણાય છે, જ્યારે હિમાલયનાં ઠંડા પવનોથી બચવા ઉત્તર પ્રદેશમાં દક્ષિણ તરફ બારણું મૂકીને સૂર્યનો લાભ લેવાય છે. ચારેબાજુ રૂમો અને વચ્ચે – Open-to sky – ખુલ્લો ચોક હવાની અવરજવર માટે મૂકાતો. આમ, વાસ્તુશાસ્ત્ર એ કોઈ અંધશ્રદ્ધાનો વિષય નથી.

આધુનિક રહેણીકરણીમાં પશ્ચિમની છાંટ જોવા મળે છે. ધૂળિયા-ધૂમાડિયા રસ્તા, બંધિયાર સ્કૂલોથી માંડીને ઑફિસનાં બિલ્ડિંગ, શોપીંગ સેન્ટર્સ, સિનેમાગૃહો, હૉટેલ વગેરે કુદરતી પ્રકાશ અને ચોખ્ખી હવા મેળવવી મુશ્કેલ બને છે. દરેક વ્યક્તિદીઠ દર કલાકે ૭.૬ ઘનફૂટ શુદ્ધ હવાની જરૂર પડે છે. તે આધુનિક વિજ્ઞાન પણ સ્વીકારે છે. પરંતુ તે છતાં રહેઠાણો માટે પુષ્કળ ફર્નિચર કેબીનેટો ગોઠવીને બંધ બારીમાં પડદા

અને AC મૂકીને – લૉ સિલિંગવાળા ઘરો પસંદ કરીને – વધુ લાઈટ પણ વાપરીને – સુંદર આંતરિકસજ્જા (ડીઝાઈનીંગ) કરવામાં આવે છે. કુદરતી દૃશ્યો – આકાશની છટા માત્ર ફોટોગ્રાફસ કે પેઈન્ટીંગ્ઝમાં જ કેદ થઈ જાય છે ! શરીરનો દરેક સૅલ બનાવવા, લોહીનાં શુદ્ધિકરણ માટે ઑક્સિજન પોતે જ શક્તિદાયક છે. ઓછા ઑક્સિજનથી શરીર અને મગજ શિથિલ બની જાય છે – ઓછા પરિશ્રમે પણ થાકે છે. આધુનિક ડીઝાઈનીંગમાં બહાર તો ઠીક પણ ઘરમાંથી પણ શુદ્ધ હવા મેળવવી શક્ય નથી બનતી !

હવે દરેક વિસ્તારમાં બગીચા, તળાવ... વગેરે બનાવવામાં આવે છે, જે કુટુંબો તેની નજીક જો રહેઠાણની પસંદગી કરે અને ઘરનાં પ્લાનીંગમાં તે તરફ મોટી બારી, મોટા વરંડા... વગેરે રખાય તો જ તેનો ફાયદો મળે. દરેક પ્લોટમાં પણ ભોંયરામાં પાર્કિંગની વ્યવસ્થા કરીને ખુલ્લી જમીન ઉપર ચીલ્ડ્રનપાર્ક, નાના-મોટા સુંદર લેન્ડસ્કેપીંગ કરેલી જમીન ડીઝાઈન કરવાથી અબાલવૃદ્ધ દરેકને મોકળાશનો લાભ મળે, ખૂબ બધી Outdoor અને indoor રમતોને પણ પ્રોત્સાહન મળે.

**ફર્નિચર :** ભારતીય પ્રકારની ફર્નિચરની ગોઠવણીમાં ગાદી-તકિયા જેવા નીચા કે આખા મઢેલા ન હોય તેવા ફ્રેમ વાળા ફર્નિચરને બારી પાસે દીવાલને અડીને ગોઠવાતું, રૂમની વચ્ચેનો ભાગ (બ્રહ્મસ્થાન) ખુલ્લો મુકાતો. મુખ્ય બેઠક રૂમ તરીકે મોટો રૂમ બનાવવામાં આવતો, જેમાં ફર્નિચરનાં બે કે ત્રણ ગ્રુપ ગોઠવાતા. જેનો ઉપયોગ યથાયોગ્ય થતો. બેઠક માટે ખુલ્લાવરંડા, ચોક વગેરે જગ્યા વપરાતી. જ્યાં આસપાસ હવા સાથે ગુણ મેળવવા તુલસી, અરડૂસી, ડમરો, આંકડો, બીલીપત્ર જેવી ઔષધિનાં તથા સુગંધી કુદરતી અરોમા ફેલાવતાં જૂઈ-જાઈ-ચમેલી-મોગરો-રાતરાણી-પારીજાતક વવાતાં. ઉમરો (સૅવન) જેવા વૃક્ષો પીપળાની જેમ જ પુષ્કળ ઑક્સિજન આપે તેને ખાસ સ્થાન રહેતું. રસોઈમાં વપરાતો મીઠો લીમડો – લીંબુ – આદુ વગેરે તેમજ સીઝનલ શાક અને ફળો કુદરતી ઝાડનાં પાન, શાકભાજીનાં ડાળખા – છોડા વગેરે સૂકવીને બનાવેલાં ખાતર રસાયણો વિનાનાં જ મેળવી શકાતાં ! રસોડાનું પાણી ગાર્ડનમાં વાળવાથી પાણીની બચતનો લાભ પણ મળે.

આજના મકાનોમાં ધૂળ-બેક્ટેરિયાનાં ઘર તેવા માળિયા નથી હોતા તે સારું છે ! ખુલ્લી જગ્યામાં હવાની અવરજવર થઈ શકે. જૂના સમયમાં બજારોની આટલી બધી સમૃદ્ધિનો અભાવ હોવાને કારણે વર્ષમાં એકાદ બે વાર જ સાફ કરી શકાય તેવા મોટા માળિયાઓ બનાવતા અને જરૂરિયાતને નામે ક્યારેય ના વપરાય તેવો સામાન મૂકાતો.

જૂના ફર્નિચરમાં લોખંડ, સૂકાયેલું લાકડું (કોતરણીકામ કરેલું કે સાદું), વાંસ, કૅન, એલ્યુમિનિયમ, સ્ટીલ વપરાતું. જે વજનમાં ભારે અને મોટું રહેતું. જે જીવાત-પ્રુફ ખૂબ મજબૂત હોય છે. આજે હવે તેને રીસાયકલ કરીને કે થોડું ઘણું રીપેરીંગ – ડીઝાઈનીંગ કરીને તેમાંથી ફોલ્ડીંગ ફર્નિચર કે મલ્ટીપર્પઝ (સોફા કમ બેડ etc) તરીકે બનાવડાવી શકાય. જૂનું થવાથી ફર્નિચરમાંની Oxidity ઘટે છે. જૂના સીસમનાં, સાગનાં, ઘાના કે સોપારીનાં થડનાં... વગેરેનાં ઉધઈ કે જીવાતપ્રુફ લાકડું ખૂબ મોંઘા હોય છે. ૨૦ વર્ષથી વધુ જૂનું ફર્નિચર ઈકોફ્રેન્ડલી ગણાય. આધુનિક ફર્નિચરમાં જાતજાતનાં હલકા લાકડાનાં ભૂકામાંથી બનાવેલા પ્લાયવુડ, વિનિયર

વગેરેમાં કેમિકલ, ગેસ વગેરે જેવા ઘણા ઝેરી તત્ત્વો હોય છે. આધુનિક રંગમાં સીસાનું, પ્લાસ્ટિકનું પ્રમાણ વધુ હોય છે. એકવાર લગાવેલા જૂનાં પાકા રંગો લગાવ્યા પછી નવા લગાવવા માટેની ઘસાઈમાં હવામાં તેના કણો ફેલાય છે. ફર્નિચરનાં સાંધા પૂરવામાં અને ફીનીશીંગ માટે, ડાઘા વગેરેથી બચાવવા ટેફલોન કોટીંગ, (Perflurochemicals (PFCs) વપરાય છે. જેનાથી વાતાવરણમાં ટોકસીક અસર પહોચે છે. જે ખરાબ છે.

ફર્નિચર ઉપર વપરાતા કાપડ ઉપર પણ PFOA (Perfluorooctanoic acid)થી ફીનીશીંગ અપાય છે. કાપડ નવું અને સુંદર લાગે, તેનાં રંગ મેલા અને ઝાંખા (dull) ન પડે, કરચલીવાળા ન થાય, તેમાં (લીંચ) જીવાત ન થાય તે માટે જુદાજુદા ૮૦૦૦ જેટલા કેમિકલ્સ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં વપરાય છે. ૯૦% અમેરિકનોનાં લોહીમાં આવા (PFOA) જેવા ઝેરી તત્ત્વો જોવા મળે છે. આર્ટિફિશીયલ લેધર, રેગ્ઝીન, વીનીયલ, નાયલોન, પોલીસ્ટર, રંગીન, ટેરીન વગેરે કૃત્રિમ કાપડ ગણાય જે બળે ત્યારે પ્લાસ્ટિક જેવા ઝેરી રસાયણો જેવી વાસ આવે છે. પરંતુ ટકાઉપણામાં ગુણને કારણે આજે તે વધુ પ્રચલિત છે.

જયારે ફોમ મેટ્રોસીઝની જગ્યાએ રૂ વાપરી શકાય અને ટેપેસ્ટ્રી માટે કુદરતી કાપડ – હેમ્પ, લીનન, કોટન, જ્યૂટની વેરાયટી, કેળનાં રેસાનું કાપડ, સીલ્ક, ઉન, કોટન સીલ્ક, ચીક વાપરી શકાય. સીઝન પ્રમાણે અનુકૂળ કાપડની પસંદગી કરી શકાય. વણાટકામમાં વિવિધ ડિઝાઈન તૈયાર કરીને નુકસાનકારક રંગોને બદલે કુદરતી રંગો વડે બનાવેલું કાપડ – કૃત્રિમ કાપડની સરખામણીમાં મોંઘુ હોય છે, પરંતુ તંદુરસ્તી માટે જોખમ ઊભું કરતાં નથી ! કૃત્રિમ કાપડની સરખામણીએ શીફોન – જ્યૉર્જેટનાં, સુતરાઉ કે સિલ્કનાં બનાવેલા પડદામાં કે ચાદરોથી હવાની અવરજવર પણ સારી રીતે થઈ શકે છે. તેના પર બાંધણી, બ્લોકપ્રિન્ટ બાટીક, પેચવર્ક-એમ્બ્રોયડરી કરીને સૌંદર્ય વધારી શકાય.

**બિલ્ડિંગ મટિરિયલ :** બારી-બારણાંના ફ્રેમિંગમાં વપરાતા કાચ ઘરનું સૌંદર્ય જરૂર વધારે છે. બહારનું સુંદર વાતાવરણ, કુદરતી દશ્યો વગેરેને સારી રીતે માણી શકાય છે. પરંતુ કાચ દ્વારા પ્રકાશનું શોષણ અને પરાવર્તન બન્ને થતું હોવાથી ઘરની અંદર ઠંડી ઋતુમાં ગરમી અને ગરમઋતુમાં ઠંડક જાળવી શકાતી નથી. કાચ ઘરની બહારનું હવામાન પણ ગરમ બનાવે છે. કોમર્શિયલ વિસ્તારમાં – જ્યાં વધુ કાચનો ઉપયોગ થાય છે, ત્યાંનાં આખા વિસ્તારમાં હવામાનમાં **૩ થી ૬ ડિગ્રી જેટલો** વધારો થાય છે. જ્યારે લાકડાની બારી સીઝનથી રક્ષણ મેળવવામાં સારું પરિણામ આપે છે. ઘરમાં ટેબલ... ફોટોફ્રેમ વગેરે ઉપર કાચ વાપરતાં આંખમાં પ્રકાશનાં પરાવર્તનનો અનુભવ થાય છે ત્યાં anty glare કાચ વાપરવા વધુ સારા પડે છે.

બારી કે બારણાનાં વેધરશૅઈડ તરીકે ફાયબર ગ્લાસ વાપરવાને બદલે માટીનાં નળિયા વાપરવાથી ઠંડક વધે છે. જ્યારે ફલોરીંગ માટે રીસાયકલ કરેલું લાકડું, વાંસ, રબર, પત્થર વગેરે સારું પરિણામ આપે છે. ઘરમાં પાર્ટીશન તરીકે છાપરા કે લુઅર્સ તરીકે, ગેલેરી બંધ કરવામાં ઓછી જગ્યા રોકાય તે માટે કે લોકોસ્ટનું બનાવવા માટે ઘણીવાર સિમેન્ટશીટનો ઉપયોગ કરવામાં આવે છે. વૈજ્ઞાનિક રીસર્ચ પ્રમાણે તેમાંનું વાતાવરણ ઓક્સીડીટી ધરાવે છે અને કેન્સર સુધીનાં રોગો નોંતરે છે. (સાભાર-રીડર્સ ડાયજેસ્ટ)

**વપરાશનો સામાન :** નિર્દોષ ધાતુનાં અને કાચનાં વાસણોને બદલે મેલેમાઈન અને પ્લાસ્ટિકનાં તથા ટેફલોન કોટેડ રસોઈ બનાવવાનાં અને પીરસવાનાં વાસણો, સાદી ગેસની કે ઇલેક્ટ્રીકલ ઓવનને સ્થાને રસોઈ માટે માઇક્રોવેવ વાપરવાથી ખોરાકનું સ્ટરીલાઈઝેશન થતું નથી તથા નુકસાનકારક રેડીએશન હવામાં ફેલાય છે. ઘરનાં ફ્રિજ કે સ્ટોરેજ માટે વપરાતી જુદાજુદા સ્વરૂપનાં પ્લાસ્ટિકની બરણીઓ ખોરાકની નિર્દોષતા છીનવે છે. કેમિકલ પેસ્ટીસાઈડ્ઝ અને કેમિકલ ફર્ટિલાઈઝર વાપરીને તૈયાર કરેલું અનાજ આમેય નુકસાન કરે છે. તેમાં પણ પારાની ટીકડી મૂકીને લાંબો સમય રાખેલું, કૃત્રિમ પ્રિઝર્વેટીવ્ઝ, એસેન્સ કે રંગો વાપરીને બનાવેલા ખાદ્ય પદાર્થોથી તંદુરસ્તી જોખમાય છે. ઘણીવાર રસોડાની છાજલી ઉપર છાપા કે મેગેઝીનનાં પાના કે પ્લાસ્ટિક પાથરીને સૂકા / ભેજવાળા વાસણો ગોઠવવાથી ઝેરી પ્રિન્ટની ખરાબ અસર થાય છે.

ડીસ્પોઝેબલ મટિરિયલ તરીકે પેટ્રોલિયમથી પ્રોડક્ટ બનેલું થર્મોકોલ કે કેમિકલથી બનાવેલા પ્લાસ્ટિકનાં ગ્લાસ / ડીશને જ્યાં ત્યાં ફેકવાથી જમીનની ફળદ્રુપતા પણ ઘટે છે. તેને બદલે સોપારી કે ખાખરાનાં પાનની પત્રાળી, પડીયા, કૉફી પૉડનાં પ્રેસ કરેલા કુદરતી ડીસ્પોઝેબલ્સ, માટીની કુલડી... વગેરે વાપરવાની ભલામણ કરી શકાય. જૂના કે નહીં વપરાયેલા તેવા ઈલેક્ટ્રોનિક સાધનોને પણ પ્લાસ્ટિકની જેમ જ રાખી મૂકવાને બદલે કે કચરામાં ફેકવાને બદલે રી-સાયકલ માટે આપવાથી તેનાં heighly toxic componentsથી બચી શકાય.

પ્લાસ્ટિક બેગને બદલે કાપડની બેગ / બાસ્કેટ, પેપર નેપકીનની જગ્યાએ કપડાંનાં નેપકીન વાપરવાથી તેને વારંવાર ધોઈને વાપરવાથી પર્યાવરણ બચાવી શકાય. કોઈપણ વસ્તુને પેક કરવા મોટું અને રીસાયકલ ના થાય તેવું મટીરીયલ ના હોવું જોઈએ. બાળકોનાં રમકડાં, ચોપડીઓ, સાચવીને વાપરવાથી અને જરૂરિયાતવાળાને આપવાથી તેનું પ્રોડક્શન ઘટાડી શકાય. ઘરના મેગેઝિનોને હૉસ્પિટલ કે લાઈબ્રેરીમાં આપવાથી ઘણા લોકોને તેનો લાભ મળી શકે.

ઘરની નજીક જો કોઈ મોબાઈલ ટાવર, હાઈડ્રોઈલેક્ટ્રીસીટીનાં પ્લાન્ટ હોય તો જે-તે વિસ્તારનું ગ્લોબલ વોર્મીંગ વધારી આખા વિસ્તારને પ્રદૂષિત કરે છે. ઘરમાં ઈલેક્ટ્રીકલ વૉટર સ્ટોરેજ ગીઝર વાપરવાને બદલે સાદું ગીઝર જરૂર જેટલું જ પાણી ગરમ કરે છે અને પાણી અને ઈલેક્ટ્રીસીટી બન્નેનો બચાવ થાય છે. સોલર ગીઝર અને હીટર પર્યાવરણ માટે સૌથી ઉત્તમ ગણાય છે. ફૅશન માટે થતા કેમ્પફાયરને કારણે ઘણા ઝાડ કપાય છે – વાતાવરણ પણ દૂષિત બને છે – અશુદ્ધિ ફેલાવે છે. નહાવા માટે બાથટબ, શાવર પેનલ કે જેકુઝી જેવી અત્યંત આધુનિક વ્યવસ્થામાં પાણીનો પુષ્કળ બગાડ થાય છે.

ઘરની નજીક જો રોજિંદી ખરીદી કે કામકાજનાં કેન્દ્રો હોય તો અવરજવરનો સમય, પેટ્રોલ દરેકની બચત થાય.

**સુશોભનનાં સાધનો :** રંગીન સુંદર ફૂલો, ફૂલ / છોડનાં કૂંડા,, કાચ-ધાતુની-લાકડા કે માટીની મૂર્તિઓ, શંખ-છીપલાં, કાચનાં મણકાં, પત્થરનાં આકર્ષક ટૂકડા, ભરતકામનાં નમૂના, કુદરતી રંગોથી બનાવેલા ભીંતચિત્રો, ગ્રેફીટી (સુવાક્યો), બામ્બુ કે જ્યૂટનાં નમૂનાઓ, રૂમ ફાઉન્ટેન્સ, ઓકળી અને માટીકામ,

મીરરવર્ક વગેરેની રોજિંદી સફાઈથી ઘર કલાત્મક અને આનંદદાયક બનાવી શકાય છે. કલાત્મક વસ્તુ આકર્ષક છતાં સાદી, આરામદાયકતામાં તકલીફ ના આપે તેવી હોવી જરૂરી છે.

**ઘરમાં વપરાતા જંતુનાશકો :** ઘરમાં વપરાતા ક્લિનીંગ પાવડર, ફલોરક્લિનર્સ, સાદી અને જીવાત મારવાની અગરબત્તી – લીકવીડ, સુગંધી એરસ્પ્રેયર્સ ઉપરાંત રોજ વપરાતા કૃત્રિમ અત્તર, પરફ્યુમ, ડીઓડરન્ટ તે બધા સ્લો-પોઈઝન જેવા છે. એરકન્ડીશન્ડ રૂમો કે જ્યાં ફ્રેશ હવા ના આવે તેવા વાતાવરણમાં વપરાતાં જાડા પડદાં, ટેપેસ્ટ્રી, કાર્પેટમાં (mites) જીવાત થવાનો ખાસ ભય હોવાથી ત્યાં જંતુનાશકો વધુ વપરાય છે. આ દરેક કૃત્રિમ પ્રોડક્ટથી એલર્જી, ડિપ્રેશન, ફટીંગ, આંખો બળવી, માથાનો દુઃખાવો થવો...થી માંડીને કેન્સર જેવા રોગો થવાનો ભય રહેછે.

કુદરતી એર ફ્રેશનર તરીકે હવનસામગ્રીનો ધૂપસ્વરૂપે ઉપયોગ કરવાથી ઉત્તમ પરિણામ મળે છે. Floor cleaners તરીકે પાણીમાં સાદું મીઠું, વિનેગાર, લીંબુનો રસ વગેરે નાંખી શકાય.

અંતમાં એટલું જરૂર કહીશ કે આપણા વપરાશનાં હવા-પાણી-જમીનને Eco-friendly Productથી વાપરીને નુકસાન મુક્ત બનાવવા ખાસ જરૂરી છે.

❀ ❀ ❀

**ઝાડ**

"...વધારે ઘેરાવો ઝાડનો,
એમાં ઘર કરે પંખી,
થડ પાસે દર કરે સરિસૃપ
એની છાલ સાથે ખંજવાળે ઢોર
ખિસકોલી ટોચે જઈ પાછી વળે
પુચ્છ પટકતી
શેઢેથી ઊડી આવે મોર
એનો ટહુકો સાંભળવા વાદળ લલચાય
આભ ગોરંભાય
વીજળી થાય, વાદળ ગાય,
ઝાડ નખશિખ તેજમાં ન્હાય
એની ભીતરમાં રસબસ રાસ રચાય
ઝાડ મોટું થાય."

**– રઘુવીર ચૌધરી**

# હિન્દુ ધર્મમાં પર્યાવરણ

– ડૉ. અર્ચના પંડ્યા
(ઍસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)



**યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥**

પરિ+આવરણ એટલે પર્યાવરણ. ધારણ કરવું તે ધર્મ. હિન્દુ લોકો દ્વારા પાળવામાં આવતો ધર્મ એટલે હિન્દુ ધર્મ. હિન્દુ ધર્મમાં શિવની પૂજા કરવામાં આવે છે. શિવ એટલે કલ્યાણ. જેણે પોતાની જટામાં ગંગારૂપે જળ, ચંદ્રરૂપે શીતળતા, નાગ, ત્રીજા નેત્રરૂપે અગ્નિ, શરીરે ભસ્મરૂપે ભૂમિને, વાહનરૂપે નંદી અને અર્ધાંગિની રૂપે શક્તિ-ચેતના ધારણ કરી છે – તેવા દેવને મહાદેવ ગણવામાં આવે છે. એટલે કે પર્યાવરણના તમામ તત્ત્વોને જે ધારણ કરે, તેનું કલ્યાણ કરે તે દેવ. હિન્દુ ધર્મના દેવીસૂક્તના મંત્રમાં જે અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ, આકાશ અને સમસ્ત પ્રાણીઓમાં શક્તિ રૂપમાં સ્થિત છે તે શક્તિને નમસ્કાર કરવામાં આવ્યા છે. આમ, હિન્દુ ધર્મમાં મનુષ્યને સીધી યા આડકતરી રીતે મદદરૂપ થતાં પ્રકૃતિના તત્ત્વોને દેવરૂપે કલ્પીને તેની પૂજા કરવામાં આવે છે.

**પૃથ્વી :**

વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે પૃથ્વી એક ગ્રહ છે. પૃથ્વીના ત્રણ ભાગમાં પાણી અને એક ભાગમાં જમીન છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળને કારણે જ તેના પર જીવન છે. અન્ય જીવોની તુલનામાં માનવી વધારે બુદ્ધિશાળી પ્રાણી હોવાને કારણે પ્રથમ માનવ આદમ અને ઈવના સમયથી માંડીને આજ સુધી પોતાના અસ્તિત્વને ટકાવી રાખી શક્યો છે. પૃથ્વી પર જન્મી માનવ મૃત્યુપર્યંત તેના પર નિર્ભર છે. આધુનિક શોધો અને સુવિધાઓથી સજ્જ બનેલો માનવી અનેક રોગોનો ભોગ બનવા માંડ્યો છે. ત્યારે એણે ધરતી સાથેનો ગુમાવેલો સીધો સ્પર્શ પાછો મેળવવાની તાતી જરૂર છે. વહેલી સવારે કે સાંજે જમીન પર ખૂલ્લા પગે ચાલવાથી અનેક રોગમાં રાહત મળે છે. ગાંધીજીએ પોતાના પુત્રનો તાવ ભીની માટીનો લેપ કરીને જ ઉતારેલો. માટીમાં ખનિજ તત્ત્વો અને ક્ષારો છે. જેમાં અનેક ઔષધિય ગુણો છે. મંદિરે ખુલ્લા પગે ચાલતા જવાથી કે પ્રદક્ષિણા કરવાથી પૃથ્વીમાં રહેલા લોહચુંબકત્વનો લાભ આપોઆપ મળી જાય છે. પર્યાવરણનું એક અગત્યનું અંગ એવી પૃથ્વીને હિન્દુ ધર્મમાં માતા તરીકે પૂજવામાં આવે છે. વાવ, કૂવા માટે ખોદકામ કરતા પહેલા કે મકાન બાંધતા પહેલા ભૂમિપૂજન કરવામાં આવે છે. રોજ સવારે પહેલા પ્રણામ પૃથ્વીને કરવામાં આવે છે.

**જળ :**

જળ છે તો જીવન છે. તે પછી, નદી, દરિયો, વાવ કે કૂવા સ્વરૂપે હોય કે પછી ઘરના પાણીયારે માટલામાં હોય. પોતાની સાથે કાંપ ઢસડી લાવી જમીન ફળદ્રુપ કરતી, પોતાની જળરાશિથી પ્રાણીમાત્રને તૃપ્ત કરતી નદી લોકમાતા છે. નદીની કાંપવાળી માટીથી માથું ધોવાથી ખોડો અને અન્ય રોગમાં રાહત મળે છે. ગંગા, યમુના, નર્મદાની રોજ સાંજે આરતી ઉતારવામાં આવે છે. ગંગાના પાણીમાં કદી જીવાત નથી પડતી. ઔષધિય ગુણો ધરાવતા ગરમ પાણીના કુંડ જેવા કે દામોદરકુંડમાં પધરાવવામાં આવતા અસ્થિ ઓગળી જાય છે. નદીના પવિત્ર મનાતા જળમાં સ્નાન શક્ય ન હોય ત્યારે પણ એના જળને માથે તો અવશ્ય ચડાવવાનું સૂચવવામાં આવ્યું છે. આથી વાળના રોગોમાં રાહત મળે છે. રોજ વહેલી સવારે ઠંડા પાણીથી સ્નાન કરવાથી ચામડીના રોગ થતા નથી. નાળિયેરી પૂનમે દરિયાનું દેવ તરીકે પૂજન કરવામાં આવે છે. ખારાશ પોતાનામાં સમાવી મીઠું જળ આપતા રત્નાકરના અફાટ જળ રાશિ સામે શાંતિથી બેસવાથી ચિત્તને નિર્વિકાર સ્થિતિ પ્રાપ્ત થાય છે. નદી, પહાડ તથા સમુદ્રકાંઠે અનેક દેવસ્થાનો આવેલા છે. હિન્દુ ધર્મમાં યાત્રાનું મહાત્મ્ય હોઈ દરેક વયના અને વર્ગના લોકોને તેના આનુષંગિક લાભ આપોઆપ મળી જાય છે. એકાદ દિવસ નળમાં પાણી ન આવે કે ઉનાળાની બપોરે એકાદ કલાક પાણી ન મળે ત્યારે પાણીનું મહત્ત્વ સમજાઈ જાય છે. એથી, હિન્દુ ધર્મ અનુસાર જળ ને દેવતા તરીકે પૂજવામાં આવે છે. મકાનમાં રહેવા જતા પહેલા જળ ભરેલા કુંભની પૂજા કરીને તેની સ્થાપના કરવામાં આવે છે.

**વાયુ :**

વાયુ એ તો સજીવ માત્રના અસ્તિત્વની અનિવાર્યતા છે. શરીરની રૂધિરાભિસરણની ક્રિયા ઑક્સિજન વગર શક્ય જ નથી. આ અદૃશ્ય વાયુનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ છે એ તો પાંચ મિનિટ નાક બંધ રાખીને બેસી રહેવાથી તરત સમજાઈ જશે. વાદળને, પરાગરજને, ધ્વનિતરંગોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતા વાયુની હિન્દુ ધર્મમાં દેવ ગણીને પૂજા કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં રોજ સવારે અને સાંજે પ્રાણાયામ કરવાનું ખૂબ મહત્ત્વ છે. પ્રાણને આયામ આપવો તે પ્રાણાયામ. પ્રાણાયામ કરવાથી ઓછી માત્રામાં ઑક્સિજન હોય તેવા વાતાવરણમાંથી પણ મહત્તમ ઑક્સિજન ગ્રહણ કરી શકાય છે. સામાન્ય માણસ જે રોજબરોજના વ્યવહારમાં પ્રાણાયામ ન કરી શકતો હોય તેને પણ જ્યારે ધાર્મિક પ્રસંગ હોય ત્યારે પૂજન સમયે અવશ્ય પ્રાણાયામ કરાવવામાં આવે છે. જેને કારણે પ્રસંગને લઈને તેના મન અને શરીરને જે થાક લાગ્યો હોય તે ઓછો થઈ જાય અને લોહીના ધબકારા નિયમિત બની જાય. સ્તોત્ર, મંત્રની ભાષા મોટે ભાગે સંસ્કૃતમાં હોય છે. તેના ઉચ્ચારણથી પણ એક પ્રકારનો પ્રાણાયામ આપોઆપ થઈ જાય છે. ફૂલકાજળી અને કેવડાત્રીજ જેવા વ્રત કરતી બાળાઓ અને સ્ત્રીઓ પણ આખો દિવસ ફૂલ સુંઘીને એક રીતે પ્રાણાયામ જ કરે છે.

## અગ્નિ :

અગ્નિ પર્યાવરણનું એક અગત્યનું અંગ છે. સૂર્ય ધગધગતા અગ્નિનો ગોળો છે. જે વાતાવરણમાં રહેલા બેક્ટેરિયા જેવા અનેક વિષાણુઓનો નાશ કરે છે. પ્રકાશ આપે છે. વનસ્પતિ તેની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરે છે. જળનું બાષ્પીભવન તેનાથી જ શક્ય બને છે. રાત્રે અગ્નિ પેટાવવાથી સરિસૃપો દૂર રહે છે. અગ્નિના અનેકવિધ ઉપયોગ છે. જેમ કે ખોરાક પકાવવા માટે. જ્યારે વીજળીની શોધ નહોતી થઈ ત્યારે અગ્નિ ફાનસની અંદર દીવા રૂપે પ્રકાશ આપતો. આને કારણે માખી, મચ્છર અને અન્ય જીવાણુઓ પણ નાશ પામે છે. હિન્દુ ધર્મ પાળતા લોકોના ઘરમાં, મંદિરમાં સવાર-સાંજ પાણિયારે અને તુલસીક્યારે નાનકડી દીવાની જ્યોત રૂપે પ્રકાશતો અગ્નિ મનના વિષાદોને બાળે છે. શિયાળા અને ચોમાસામાં સૂર્યના કિરણો પ્રમાણમાં કોમળ હોઈ ફાગણ અને આસો માસમાં રોગના જંતુ અને અન્ય ઋતુ કરતા વકરેલા હોય છે. ફાગણમાં હોલીકા માતાના દહન માટે પ્રગટાવવામાં આવતો અગ્નિ અને આસો માસમાં રાવણદહન પ્રસંગે પ્રગટાવવામાં આવતો અગ્નિ જે તે સમયે વાતાવરણમાં વધી ગયેલ અશુદ્ધિઓનો નાશ કરે છે. માતાજીના અખંડ દીવાનો આ પણ એક લાભ છે. જ્યારે વરસાદ ખેંચાય છે ત્યારે વરુણ દેવને રીઝવવા કરવામાં આવતા યજ્ઞ અને લગ્ન કે અન્ય ધાર્મિક પ્રસંગે કરવામાં આવતા હવનમાં જે સમિધ અને ઘી તથા તલ, જવ, કપૂર જેવા હૂત દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાથી જે ધૂમ્રસેર ઉઠે છે. તેનાથી પાણીનાં કણ બંધાય છે. તે આંખના રોગ પણ દૂર કરે છે. દીવાની આશકા લઈ આંખે લગાવવાથી આંખોનું તેજ વધે છે.

ગ્રહો અને નક્ષત્રોની પણ પર્યાવરણ પર ઘણી અસર જોવા મળે છે. હિન્દુધર્મ પરિણામે કોઈપણ શુભ કાર્ય મુહૂર્ત જોઈને જ કરવામાં આવે છે. મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ જેવા વારના નામ પણ ગ્રહોને આધારે જ રાખવામાં આવ્યા છે. જ્યોતિષ શાસ્ત્રનો પ્રભાવ ખાનપાન, વાર, તહેવાર અને વ્રત, ઉપવાસ પર પણ જોઈ શકાય છે. પરવાળા, મોતી, નંગ, હીરા, પન્ના પોતાના રંગ અને ધાતુ અનુસાર શરીર અને મન પર પ્રભાવ પાડે છે. રુદ્રાક્ષની માળા ફેરવવાથી એક્યુપ્રેસરનો લાભ મળે છે.

## વનસ્પતિ :

વનસ્પતિ સૂર્યપ્રકાશની હાજરીમાં કાર્બન ડાયોક્સાઈડ લે છે અને ઑક્સિજન બહાર ફેંકે છે. મનુષ્ય હવામાંથી ઑક્સિજન લે છે અને કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં ફેંકે છે. માનવી પણ અનેક રીતે વૃક્ષ પર નિર્ભર છે. તેના ફળ, ફૂલ, ધન, ધાન્ય, પાન, મૂળ, લાકડાં તથા ગુંદર, બધાનો ઉપયોગ મનુષ્ય કરતો આવ્યો છે. આયુર્વેદમાં ઔષધ રૂપે અનેક વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં ચોવીસ કલાક વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઈડ લઈ ઑક્સિજન આપતા રહેતા પીપળામાં પિતૃનો વાસ કલ્પવામાં આવ્યો છે. ભાદરવા મહિનામાં પીપળે પાણી રેડવાનો મહિમા છે. પીપળાની પ્રદક્ષિણા કરવાથી શુદ્ધ વાયુ શરીરને આપોઆપ મળે છે. કસરત પણ થઈ જાય છે. પીપળે રેડવાનું પાણી જાતે ખેંચીને ભરીને લાવવાનું હોઈ એ રીતે શરીરને વિવિધ લાભ થાય છે.

તુલસી – શરદી, કફ, ફ્લુ અને અન્ય અનેક રોગોનો નાશ કરનારી હાથવગી ઔષધિ. તુલસીના મૂળમાં પાણી રેડવામાં આવતા તેમાંથી ઓઝોન વાયુ હવામાં ભળે છે. જે સૂર્યના સીધા કિરણોથી આપણું રક્ષણ કરે છે. હિન્દુધર્મમાં તુલસીને મા ગણી તેની પૂજા કરવામાં આવે છે. વિષ્ણુપ્રિયા તુલસી પ્રસાદમાં અગ્રીમ છે. હિન્દુ ધર્મમાં શ્રીફળનું પણ આગવું સ્થાન છે. જે ભગવાનને ધરાવી તેની શેષ પ્રસાદ રૂપે બધાને વહેંચવામાં આવે છે. પચવામાં સરળ અને અનેક પોષક દ્રવ્યવાળું હોઈ તેને શ્રીફળ કહેવામાં આવે છે. ઋતુ અનુસાર ફળો અને વિવિધ ભોગ ધરાવી ભગવાનનો પ્રસાદ વહેંચીને ખાવાનો હોઈ અને પ્રસાદનો અનાદર ન કરી શકાતો હોઈ દરેકને તેનો લાભ મળે છે. શમી અને વડની પણ પૂજા કરવામાં આવે છે. હિન્દુ ધર્મના દરેક પ્રસંગે ઉપયોગમાં લેવામાં આવતા ફૂલ આંખે લગાવવાથી આંખોને ઠંડક મળે છે. નમન તરીકે આંખે લગાવવાથી આંખની ગરમી શોષે છે. પૂજા કે હવનને કારણે વાતાવરણમાં વધી ગયેલી ગરમીનું શોષણ કરી લે છે. આથી કથાવાર્તા સાંભળનારને પણ હાથમાં ફૂલ રાખવાનું સૂચવવામાં આવે છે કે અન્ય ધાર્મિક વિધિમાં યજમાનને ફૂલનો હાર પહેરાવવામાં આવે છે. વિવિધ પ્રકાર અને રંગ તથા સુગંધ ધરાવતા ફૂલ એરોમા અને રંગ થેરપીનું કામ પણ કરે છે.

**પશુપંખી :**

પૃથ્વી પર મનુષ્ય સિવાય અનેક પશુ પક્ષી પણ છે. પોતાની આસપાસ વસતા પશુઓનો ઉપયોગ પણ મનુષ્ય પોતાની જરૂરિયાત અનુસાર કરતો આવ્યો છે. જેમ કે ગાય-ગાયનું દૂધ સુપાચ્ય હોઈ બીમાર વ્યક્તિ અને બાળકને આપી શકાય છે. છાણમાંથી બનાવાતા છાણા ઈંધણ તરીકે વપરાય છે. તેનું મૂત્ર ચામડીના રોગો મટાડે છે. જમીનના કીટાણુઓનો નાશ કરે છે. વાછરડો બળદ તરીકે ખેડૂતને ખેતીકામમાં મદદ કરે છે. આ ઉપરાંત અનેક લાભ આપતી ગાયને હિન્દુધર્મમાં માતા ગણવામાં આવી છે. તેમાં તેંત્રીસ કરોડ દેવીદેવતાઓનો વાસ કલ્પવામાં આવ્યો છે. બોળચોથે ગાય વાછરડાંની પૂજા કરવામાં આવે છે. ગાયની તો રોજ પૂજા કરવાનું મહાત્મ્ય છે. આ ઉપરાંત સિંહ, વાઘ, હાથી, નદી, ઘોડા જેવા પ્રાણીઓને તથા ગરુડ, મોર, હંસ જેવા પક્ષીઓને જુદા જુદા દેવીદેવતાઓના વાહન સ્વરૂપે કલ્પવામાં આવ્યા છે અને જે તે દેવી દેવતા સાથે તેમના વાહનરૂપ પશુપંખીની પણ પૂજા કરવામાં આવે છે. પશુપંખીથી આહારચક્ર બરાબર ચાલે છે. પાકને નુકસાન પહોંચાડતા જીવજંતુઓનો આહાર તરીકે ઉપયોગ કરતા નાગને દેવતારૂપે પૂજવામાં આવે છે. પ્રભુને પણ નરસિંહ અવતાર, મત્સ્ય અવતાર અને વરાહ અવતાર રૂપે પૂજવામાં આવે છે. હિન્દુ ધર્મમાં જીવ હિંસાને પાપ માનવામાં આવે છે.

કોઈપણ ધર્મનું ધ્યેય અંતે તો મનુષ્યની સુખાકારી જ હોય છે. હિન્દુ ધર્મમાં માનવીના તન અને મનના સ્વાસ્થ્યને પણ ધ્યાનમાં રખાયા છે. કોઈપણ રીતે ઉપકાર કરનારને વંદન કરવામાં આવે છે. જેમાં, જમણા હાથે જમણા પગને અને ડાબા હાથે ડાબા પગને સ્પર્શ કરવાથી સકારાત્મક ઉર્જા વધે છે. સૂર્યનમસ્કાર તો એક સંપૂર્ણ વ્યાયામ જ છે. તાલી સાથે ભજન કે ગરબા ગાવાથી એક્યુપ્રેશર આપોઆપ થઈ જાય છે. નવરાત્રિમાં નીચા નમી ગરબા ગાવાથી પગનાં સાંધાઓમાં ભરાયેલો વાયુ નીકળી જાય છે. એક પ્રકારની કસરત પણ થઈ

જાય છે. પંચધાતુના વાસણ પૂજામાં વાપરવામાં આવે છે. જેમાં રહેલું જળ આચમન રૂપે અને પંચામૃત રૂપે ગ્રહણ કરેલું દહી, દૂધ, ઘી, મધ અને સાકર માણસના શરીરને અનેક રીતે પોષક છે. પંચ કે સપ્તધાતુના બનેલા ઘંટ કે ઘંટડી વગાડવાથી અને શંખનાદથી આસપાસના જીવજંતુ દૂર જતા રહે છે, હકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે. શાંત વાતાવરણમાં ધ્યાન કરવાથી મન શાંત બને છે. કપાળની મધ્યમાં ધ્યાનચક્ર પર ચાંલ્લો કરવાથી હિપ્નોટીઝમની અસર થતી નથી. ચંદન અને સુખડનો ચાંલ્લો શીતળતા પણ બક્ષે છે. શંખઘોષથી વાતાવરણ પવિત્ર બને છે. સિંદૂરથી માથામાં થતો ખોડો દૂર થાય છે. ચોમાસામાં પાચનશક્તિ નબળી પડી જાય છે. આથી, સૌથી વધારે વ્રત ઉપવાસ ચોમાસાની ૠતુમાં કરવામાં આવે છે. જેમ કે શ્રાવણ માસમાં ઉપવાસ કરવાનું મહાત્મ્ય છે. ચૈત્ર માસમાં વાતાવરણમાં ક્ષારનું પ્રમાણ વધારે હોય છે. તેથી અલુણા વ્રત કરવાની સલાહ છે. અઠવાડિયામાં એકવાર ઉપવાસ કરવાથી પાચનશક્તિ સારી રહે છે. તેથી ઉપવાસનું મહત્ત્વ છે. ભાદરવા મહિનામાં પિતૃઓને કાગવાસ રૂપે ખીર જેવી મીઠી વસ્તુ ધરાવી તે પ્રસાદ રૂપે આરોગી શરીરમાં વધી ગયેલા પિત્તનું શમન કરવામાં આવે છે. માનવીનું શરીર પણ જળ, વાયુ, અગ્નિ, આકાશ અને પૃથ્વીનું બનેલું છે. આથી માણસ પણ પર્યાવરણનો એક ભાગ છે. એનો આહાર-વિહાર અને તેનું વર્તન તેના પર્યાવરણ પર આધાર રાખે છે. જેટલી રક્ષા પોતાની અંદરના અને બહારના પર્યાવરણની રક્ષા કરશે એટલો એ સુખી થશે. આ રીતે જોતાં હિન્દુ ધર્મનું યોગ્ય રીતે પાલન કરનાર વ્યક્તિનું સદાય કલ્યાણ થાય છે અને એ સ્વર્ગનું સુખ પૃથ્વી પર ભોગવે છે અને પૃથ્વીને સ્વર્ગ બનાવી શકે છે.

❀ ❀ ❀

"જો કોઈ ઝાડ ન કાપે,
તો પ્રકૃતિ મર્યાદા ન ઉથાપે,
પણ ભૂલી ગયા આપણે એ વાત,
તેથી કુદરત મચાવે ઉલ્કાપાત."

# કવિતામાં પ્રકૃતિરાગ

– ડૉ. વર્ષા પ્રજાપતિ
(અધ્યાપક સહાયક, ગુજરાતી વિભાગ)



આજના યંત્રકાલીન સમયમાં મનુષ્યની ઈચ્છાશક્તિ અને વૃત્તિઓની પ્રબળતાને પરિણામે તેનું જીવન સતત વ્યસ્ત અને શુષ્ક બનતું જઈ રહ્યું છે. ભૌતિક સુખ-સગવડ, સત્તા, મોહ, લોભ, લક્ષ્મી અને રૂપઘેલાં માનવી મનોરંજન મેળવવા માટે અદ્યતન ઉપકરણોમાં આનંદનું તત્ત્વ શોધી રહ્યો છે. તેમાં તે સુખ તો મેળવી શકે છે પણ આનંદ પામી શકતો નથી. નૈસર્ગિકતાને ત્યજીને કૃત્રિમતા તરફ જવાનો માર્ગ જ અસંતોષ અને નિરસતા ઉભો કરનારો છે. આધુનિક માનવીની વેદના એ છે કે તે ગ્રામજીવનની સંવેદના અને સંસ્કૃતિને પામી શકતો નથી.

આપણાં દર્શનશાસ્ત્રોમાં રહેલું તત્ત્વજ્ઞાન દર્શાવે છે કે 'પુરુષ અને પ્રકૃતિ અભિન્ન છે.' પુરુષ એટલે મનુષ્ય અથવા પ્રાણીમાત્ર અને પ્રકૃતિ એટલે મનુષ્ય સ્વભાવ અથવા આસપાસનું પર્યાવરણ જગત. મનુષ્યની ઉત્પત્તિ જ્યારે નહોતી થઈ એ પૂર્વે પણ નદી, વૃક્ષો, પર્વતો, પાણી, હવા, દરિયો, વનસ્પતિ વગેરે પ્રાકૃતિક તત્ત્વોનું અસ્તિત્વ તો હતું જ. પ્રકૃતિ એટલે કુદરતનું સૌમ્ય સ્વરૂપ. આપણી આસપાસ ગમે તેટલી મોટી ઈમારતો ગોઠવાઈ જાય, ભૌતિક સુવિધાઓ વધી જાય પણ પ્રકૃતિ તેનું નૈસર્ગિક રૂપ બદલતી નથી. સૂર્ય ઉદય પામવાનું ચૂકતો નથી. વરસાદ તેની ઋતુ પ્રમાણે વરસ્યા વિના રહી શકતો નથી.

સૂરજનો તડકો, ફૂલોની ફોરમ, વૃક્ષોની ઘટાદાર શીતળતા, બગીચાની લીલોતરી, જંગલોની વનરાજી, નદીનું ખળખળ વહેતું પાણી, પર્વતોની ઉંચાઈ, વાદળોની ઘનતા, વરસાદની ભીનાશ, ધરતીની મહેંક, હવાની લહેર, પંખીઓનો કલરવ, સંધ્યાનાં રંગો, પ્રભાતનો ઉજાશ, ચંદ્રનો પ્રકાશ, તારાઓથી મઘમઘતું આકાશ, રાત્રિનું એકાંત ઈત્યાદિ પ્રાકૃતિક સૌંદર્યથી સભર પર્યાવરણ માનવજીવનમાં આનંદ આપનાર પરમ તત્ત્વો છે. લક્ષ્મી અને કીર્તિની પાછળ દોટ મૂકીને ભાગનારો માનવી ઘડિયાળનાં કાંટાની જેમ કામ કરીને થાકી જાય છે ત્યારે, વર્ષમાં એકાદ વાર હવાફેર કરવા 'ચાલો, નદીકિનારે ફરી આવીએ', 'ચાલો ઈડરિયો ગઢ ચઢી આવીએ' એમ વિચારીને પ્રવાસનું આયોજન કરે છે.

પ્રકૃતિની વાત કરીએ ત્યારે તેનાં સૌંદર્યને, તેના અસ્તિત્વને સૌથી વધુ નિકટથી 'કવિ' જ માણી શકે છે. કવિચિત્તને પ્રકૃતિ સાથે અભિન્ન નાતો છે. જેને પ્રકૃતિની ઓળખ નથી તે કવિતા કરી શકતો નથી. એમ પણ કહી શકાય કે 'પ્રકૃતિ પોતે જ એક કવિતા છે' અને આ કવિતાની બારાક્ષરી કવિ જ ઉકેલી શકે છે. કવિ આત્મલક્ષી હોય કે પરલક્ષી, પ્રકૃતિ એ તેની કવિતામાં ઉભરતું સ્વાભાવિક સૌંદર્યતત્ત્વ છે. માનવમનનાં જુદાં જુદાં ભાવો જેવાં કે, પ્રણય, મૈત્રી, વેદના, નિરાશા, ચિંતન વગેરેનું વર્ણન કરવામાં કવિ પ્રતીકાત્મક રીતે પ્રકૃતિનો ઉપયોગ કરે છે. ગુજરાતી સાહિત્યમાં જુદાં જુદાં યુગ પરિબળોથી પ્રકૃતિ કવિતા રચાતી રહી છે.

કવિતામાં પ્રકૃતિ ક્યારેક સૌંદર્યરૂપે તો ક્યારેક માનવભાવોનું લાક્ષણિક રૂપ બનીને પ્રગટે છે. મધ્યકાળના સાહિત્યમાં પ્રેમાનંદના આખ્યાનોમાં તથા નરસિંહ મહેતાનાં પદોમાં ક્યાંકને ક્યાંક પ્રકૃતિ નિરૂપણ છે જ. નરસિંહ મહેતા જેવા 'આદિકવિ' પ્રકૃતિમાં તત્ત્વજ્ઞાન અનુભવતા કહે છે,

**'પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા !**
**વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે !**
**અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,**
**જૂજવે રૂપે અનંત ભાસે.'**

**(પૃ. ૧, 'સમન્વય')**

સંસ્કૃત સાહિત્યમાં કવિ કાલિદાસે 'મેઘદૂત' કાવ્યમાં મેઘનું પ્રકૃતિવર્ણન કર્યું છે.

સુધારક યુગમાં સૌ પ્રથમ નર્મદે પ્રકૃતિ કાયતા રચવાની શરૂઆત કરી. નર્મદ જેવા જોસ્સાસભર કવિ પ્રકૃતિને પ્રિયતમારૂપે જુએ છે. તેની કવિતામાં વસંતઋતુ, પુષ્પ, રંગપરાગ, પંખી, વાદળ, ડુંગર ઇત્યાદિ પ્રકૃતિતત્ત્વો સૌંદર્ય બની ઉભરે છે. દલપતરામની કવિતામાં 'ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળાં ભૂંડા, ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે' કહીને પ્રાણીજગત દ્વારા મનુષ્યની વાંક દેખવાની વૃત્તિ પર કટાક્ષ કર્યો છે. 'બાપાની પીંપર' અને 'ભાદરવાનો ભીંડો' જેવાં પ્રકૃતિકાવ્યો પણ તેમણે લખ્યાં છે. પંડિતયુગમાં કાન્ત અને કલાપીના કાવ્યોમાં પ્રકૃતિ રાગ નિરૂપાયો છે. કાન્તકૃત 'સાગર અને શશી' કાવ્યમાં પ્રકૃતિ અને માનવચિંતનનો ભાવ છે તો કલાપીકૃત 'મને જોઈને ઉડી જતાં પક્ષીઓને' કાવ્યમાં માનવજાતથી ડરીને ઉડી જતાં પક્ષીઓને ઉદ્દેશી ભાવ પ્રકટ થયો છે,

**'રે, પંખીડાં ! સુખથી ચણજો,**
**ગીત'વા કાંઈ ગાજો,**
**શાને આવાં મુજથી ડરીને**
**ખેલ છોડી ઉડો છો ?'**

**(પૃ. ૪૯, 'તસવીર')**

કલાપી જેવો જ કવિતાઉન્મેષ ન્હાનાલાલની કવિતામાં વર્તાય છે. ગુજરાતી કવિતાનાં જુદાં જુદાં લયહિલ્લોળ ન્હાનાલાલ જેવાં ઊર્મિશીલ કવિ પાસેથી પ્રાપ્ત થાય છે. તેમનું અત્યંત જાણીતું કાવ્ય જેમાં વસંત વર્ણન છે –

**'રાજ ! કોઈ વસંત લ્યો, વસંત લ્યો !**
**હાં રે મ્હારી ક્યારીમાં મ્હેંક મ્હેંક મ્હેંકી :**
**હો રાજ ! કોઈ વસંત લ્યો, વસંત લ્યો !'**

**(પૃ. ૫૧, 'તસવીર')**

ગ્રામજીવનની સંસ્કૃતિમાં વિહરનારા એક મોટા કવિ એટલે ઝવેરચંદ મેઘાણી. પ્રકૃતિને ભરપૂર ચાહનાર અને માણનાર આ કવિએ લોકગીત તથા લોકવાર્તામાં પ્રકૃતિ ચિત્રો નિરૂપ્યાં છે. તેમણે પ્રકૃતિનાં તળપદાં રૂપો જેવા કે, 'ખેતરડાં', 'માછલિયાળી ભાત', 'વીંઝણલો', 'ડુંગરડાની ધાર' જેવાં શબ્દપ્રયોગો કવિતામાં આલેખ્યાં છે .તેમનું 'ચારણકન્યા' કાવ્ય અત્યંત લોકપ્રિય છે. જેમાં સિંહની સામે સિંહણ જેવી ત્રાડ પાડીને ભગાડતી ભડવીર ચારણકન્યાનું શબ્દચિત્ર છે. 'કાળુડી કૂતરી' કાવ્યમાં બાળકોને પ્રિય લાગે તેવો ભાવ આલેખી કવિ લખે છે,

**'કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં**
**ચાર કાબરાંને ચાર ભૂરિયા રે,**
**હાલો ! ગલૂડિયાં રમાડવા જી રે !'**

**(પૃ. ૬૪, 'તસવીર')**

ઉમાશંકર જોશીની કવિતામાં પર્યાવરણની અખિલાઈનો ભાવ છલકાતો અનુભવાય છે. તેમના 'વિશ્વશાંતિ' કાવ્યમાં પંખી, પશુ, પ્રાણી, વન, વનસ્પતિ – એમ સર્વનું આલેખન થયું છે,

**'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,**
**પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ.'**

**(પૃ. ૭૪, 'તસવીર')**

કુદરતના મનોરમ્ય સ્વરૂપને પામવા મથતાં કવિની પ્રકૃતિ ઝંખના કેવી પ્રબળ છે ! જેમ કે,

**'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,**
**જંગલની કુંજ કુંજ જોવી હતી;**
**જોવી'તી કોતરોને જોવી'તી કંદરા,**
**રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.'**

**(પૃ. ૭૫, 'તસવીર')**

રડતાં ઝરણાંની આંખ કવિ સિવાય કોણ લૂછી શકે ! પણ આ જ કવિ આધુનિકતાની કૃત્રિમ હવાનો સ્પર્શ પામતાં ઘવાય છે ત્યારે કહે છે,

**'પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહીં'**

સ્નેહરશ્મિનાં હાઈકુ કાવ્યમાં પતંગિયું, તડકો, ફૂલ જેવાં પ્રકૃતિ તત્ત્વો આલેખાય છે. તેમના સૉનેટોમાં જંગમ અને જીવસૃષ્ટિનું રૂપ નીતરે છે. સુંદરજી બેટાઈનાં ખંડકાવ્યોમાં પ્રકૃતિ રંગોની જેમ ઉઘડે છે. તેમણે 'જ્યોતિરેખા', 'શ્રાવણી ઝરમર', 'સદ્‌ગત ચંદ્રશીલાને' જેવાં કાવ્યસંગ્રહો રચ્યાં છે. હરિશ્ચંદ્ર ભટ્ટ, કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહલાદ પારેખ, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, પ્રિયકાન્ત મણિયાર, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, રમેશ પારેખ, અનિલ જોશી, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, ઈત્યાદિ ગાંધીયુગ અને અનુગાંધીયુગના

કવિઓની રચનાઓમાં પ્રકૃતિ રાગ 'સૌંદર્યરાગી' કવિતા બનીને ઉઘડે છે. કવિ પ્રહલાદ પારેખ 'અંધકાર'નાં વિરૂપને સૌંદર્યરૂપ આપતાં ઇન્દ્રિયવ્યત્યય પ્રયોગ સાધે છે. જેમકે,

**'આજ અંધાર ખૂશ્બો ભર્યો લાગતો**
**આ જ સૌરભ ભરી રાત સારી;**
**આ જ આ શાલની મંજરી ઝરી ઝરી,**
**પમરતી પાથરી દે પથારી.'**

**(પૃ. ૧૦૬, 'તસવીર')**

રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની કવિતામાં પ્રકૃતિ જુદાં પરિવેશથી આલેખાય છે. રાજેન્દ્ર શાહ સૌંદર્યના કવિ છે. ગ્રામસંસ્કૃતિ અને જીવનશૈલીને ચાહનાર આ કવિ પ્રણયનું આલેખન આ રીતે આપે છે,

**'કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,**
**મૂઈ રે ! એની મહેંક કલેજે, દવ ઝાંઝેરો લાગ્યો રે.'**

**(પૃ. ૬૫, 'રાજેન્દ્ર શાહનાં કાવ્યો')**

નિરંજન ભગત નગરસંસ્કૃતિ પ્રત્યે ઉદાસીનભાવ અનુભવતાં કહે છે,

**'ચલ, મન મુંબઈ નગરી**
**આ તો પુચ્છ વિનાની મગરી.'**

બીજી તરફ મકરંદ દવે પણ આવી જ પીડા અનુભવતા કહે છે,

**મુંબઈ નગરીમાં કોઈ આંબો મ્હોરે તો**
**એની મંજરીને રામ રામ કે'જો !**
**એનાં મીઠાં ઓવારણાં લે'જો !**

**(પૃ. ૧૩૭, 'તસવીર')**

બાલમુકુંદ દવેની કવિતામાં શરદ, નદી, શ્રાવણ, વગડો, વાદળ, મધરાત, ચૈત્ર, ચંપો, સમુદ્ર, વન, ગિરિ જેવાં ભાવપ્રતીકો વિષય તરીકે નિરૂપાય છે. વેણીભાઈ પુરોહિત વરસાદની અનન્ય અનુભૂતિ માણતાં ગાય છે,

**'આજ નથી જાવું બસ કોઈનાય કામ પર**
**અલ્યા,**
**ધીંગા વરસાદ ! તારા નામ પર !'**

**(પૃ. ૧૫૨, 'તસવીર')**

બીજી બાજુ પ્રકૃતિ સાથે ગાઢ અનુબંધ રાખનાર કવિ હરીન્દ્ર દવે પ્રકૃતિમય થઈને લખે છે,

**'વાદળ વાવ્યાને ઉગ્યો અઢળક વરસાદ**
**પછી રાત કે બપોર હતી, યાદ નથી.'**
**(પૃ. ૧૬૪, 'તસવીર')**

આ નભ ઝૂક્યું તે કાનજીને ચાંદની તે રાધા રે. ગીતના કવિના પ્રિયકાન્ત મણિયાર એક તરફ બાહ્ય પ્રકૃતિ અને મનુષ્ય સ્વભાવનું સમાંતર આલેખન કરે છે. તો બીજી તરફ શહેરની શાંત પ્રકૃતિમાં અનુભવાતી વિષમતાનો ઉદ્ગાર કરે છે,

**કો શબ્દના અક્ષર સમા સૌ આપણે કેવા વિકટ !**
**અર્થ કિન્તુ એકના એનો થતો !**
**મારા તમારામાં કશોયે ભેદ ના,**
**કોક છાપાની હજારો પ્રત સમા સૌ આપણે !'**
**(પૃ. ૧૫૯, 'તસવીર')**

નૈસર્ગિકતાનું કૃત્રિમતામાં થયેલું રૂપાંતરણ એ જ આધુનિક કવિની સંવેદના છે. જે માનવીએ શૈશવમાં ઝાડવાંઓને બાથ ભરીને ચાહ્યા હોય, જેની છાયામાં તેના સંસ્મરણો ગૂંથાયા હોય એ જ ઝાડવાના લાકડામાંથી જ્યારે રાચરચીલું બનાવવામાં આવે ત્યારે રમેશ પારેખ જેવાં સંવેદનશીલ કવિ બોલી ઉઠે છે,

**'તું પવનમાંથી સમેટાયો ને ઝીણું બી થયો,**
**બાદ કૂંપળ, વૃક્ષ, ઠૂંઠુ ને પછી ખુરશી થયો.'**
**(પૃ. ૧૦૭, 'વરસાદ ભીંજવે')**

રમેશ પારેખની કવિતા પ્રકૃતિના સાન્નિધ્યમાં ઓતપ્રોત થયેલ ભાવાનુભૂતિની કવિતા છે. તેમની કવિતામાં માનવસંબંધોની લીલીછમ લાગણીઓ અનુભવાય છે. કુદરતના સૌંદર્યમાં ખોવાયેલા આ કવિની ભાવદશા કેવી અનેરી છે !

**'આકળ વિકળ આંખ કાન વરસાદ ભીંજવે**
**હાલક ડોલક ભાન સાન વરસાદ ભીંજવે**
**અહીં આપણે બે અને વરસાદ ભીંજવે**
**મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે.'**
**(પૃ. ૧૪૧, 'વરસાદ ભીંજવે')**

'મા'થી જેમ 'બાળક' જુદું પડે અને માને જેમ વેદના થાય તેવી વેદના આ કવિને ઝાડમાંથી વિખૂટાં પડેલાં પાંદડા પ્રત્યે થાય છે,

**'પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર ?**
**એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર ?'**
**(પૃ. ૭૮, 'વરસાદ ભીંજવે')**

રમેશ પારેખ જેવી જ કવિતા નિસ્બત અનિલ જોશીમાં જોવા મળે છે,

**'જંગલમાં ધોધમાર વરસે ગુલમ્હોર !**
**ક્યાંક કાગડો થઈ ન જાય રાતો !'**
**(પૃ. ૨૧૫, 'આધુનિક ગુજરાતી કવિતા')**

પ્રકૃતિ વચ્ચેનો આંતરિક સંવાદ બીજું કોઈ નહીં તો કવિ તો સાંભળે જ છે. જેમ કે,

**ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં;**
**માધવ ક્યાંય નથી મધુવનમાં.'**
**(પૃ. ૪૮, 'આધુનિક ગુજરાતી કવિતા')**

ચંન્દ્રકાન્ત શેઠ જેવાં બાળસાહિત્યના કવિ ફૂલ અને ફોરમની સાથે સંતાકૂકડી રમતા હોય તેમ પ્રકૃતિમાં ભિન્ન થયાની ભાવાભિવ્યક્તિ આ રીતે વ્યક્ત કરે છે,

**'શોધતો હતો ફૂલને ફોરમ શોધતી હતી મને,**
**એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.'**
**(પૃ. ૨૦૬, 'તસવીર')**

આમ, પ્રકૃતિનું નૈકટ્ય માનવીને વધારે કોમળ અને નિર્મળ બનાવે છે. દંભરહિત અને સૌંદર્યપ્રેમી બનાવે છે, કારણ કે, હૃદયમાં અનેક ભાવો છતાં તેની અભિવ્યક્તિનો રંગ એક જ લયમાં પ્રગટે છે અને તે છે પ્રણય. પ્રકૃતિ માનવીને પ્રેમ કરતાં શીખવે છે. જીવનને, જગતને માણતાં શીખવે છે. પ્રકૃતિના મનોરમ ચિત્રો અને આંતરિક સત્વને પીરસવાનું કાર્ય કવિતા કરે છે. જેને પ્રકૃતિ પ્રત્યે રાગ નથી તે જીવન જીવવાની કળા કેવી રીતે માણી શકે ? જે પવન, પાણી, આકાશ, વાદળ, વૃક્ષ, ધરતી, સુગંધ અને પ્રકાશની ભાષા નથી ઓળખી શકતો તે કદાચ સ્વયંને પણ ઓળખી શકતો નથી. જેમ કવિતા કરવા 'જાત સાથે વાત' માંડવી પડે તેમ પ્રકૃતિ સાથે સંવાદ રચવો પડે. વાદળ સાથે વાત કરવી પડે. પવન સાથે રમત રમવી પડે. વૃક્ષની વેદના અનુભવવી પડે. વરસાદની ભીનાશ હૃદયમાં ધરવી પડે. આકાશની વિશાળતા ઓળખવી પડે. ઋતુઓની ગરિમા, સમયનું વહેણ અને મૌનની ભાષા ઉકેલવી પડે. તો જ કવિતા થઈ શકે. અંતે એટલું કહીશ કે આજે નગર અને શહેરી જીવનશૈલીનો પ્રભાવ ગમે તેટલો વધી રહ્યો હોય પણ ગ્રામજીવનના પરિવેશમાં જ માનવીને પ્રકૃતિની સૌંદર્યાનુભૂતિ પ્રાપ્ત થઈ શકે. ઈમારતો બાંધવાની ચાહમાં માનવી વૃક્ષો કાપીને 'પર્યાવરણ દિન'ની ઉજવણી કરી કાર્યક્રમો ગોઠવે છે. મોટાં મશીનો સ્થાપી કારખાના, મિલ કે ફેક્ટરીઓ ઉભી કરે છે. પણ એનાથી સૂર્ય, હવા, પાણી, પ્રકાશ પોતાના ગુણધર્મો ત્યજી દેતાં નથી. જ્યાં સુધી જગતમાં પ્રકૃતિનું અસ્તિત્વ છે. ત્યાં સુધી કવિતામાં તે નીતનવારૂપે પ્રગટતી રહેશે.

**'પુષ્પ, પવન, વાદળ ને વર્ષા, રંગ, સુગંધ ને તેજ સ્વરૂપ,**
**સૃષ્ટિનો વિસ્તાર છે કેવળ કુદરત તારા નવલા રૂપ.''**
**(ડૉ. વર્ષા પ્રજાપતિ 'ઝરમર')**

**સંદર્ભ :**


૧. 'તસવીર' – રમેશ પુરોહિત
૨. 'વરસાદ ભીંજવે' – સુરેશ દલાલ
૩. આધુનિક ગુજરાતી કવિતા – જયંત પાઠક
૪. રાજેન્દ્ર શાહનાં કાવ્યો – રાજેન્દ્ર શાહ
૫. સમન્વય – સં. વનરાજ પટેલ


❀ ❀ ❀

## 'જડ ચેતન'

આભ અડે ને અડે ધરા જ્યાં,
એ ક્ષિતિજ હું થાઉં
થાઉં પંખીનો કલરવ કે,
કલરવતું ઘર થાઉં
આમ અચાનક તડકો થઈને,
પામું છું વિસ્તાર,
સંધ્યા ટાણે ડૂબતાં સૂરજ
સાથે સંકેલાઉં
ધીર ધરીને બેઠી છું હું
સ્થિર કરી મધરાત,
આજે તો બસ ચાંદ બનીને
રજનીમાં ઘોળાઉં.
આમ તો મારે પડછાયો નહીં,
આમ નથી કોઈ દેહ,
આમ છતાંયે સકળ વિશ્વમાં
જડ ચેતન કહેવાઉં.

– ડૉ. વર્ષા પ્રજાપતિ 'ઝરમર'
(અધ્યાપક સહાયક, ગુજરાતી વિભાગ)

❀ ❀ ❀

# પર્યાવરણને પોષીએ, પ્રદૂષણને પડકારીએ



– ડૉ. શૈલજા ધ્રુવ
(ઍસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ)

**"ધબકાર ચૂકીને આ ધરતીએ જો કર્યો એક સાદ,**
**તો વગર મોસમ પણ વરસી પડ્યો આ વરસાદ."**

પરંપરાગત રીતે ઋતુઓનું ત્રણ ઋતુમાં વિભાજન કરવામાં આવે છે, પણ છેલ્લા કેટલાક વર્ષોથી પ્રકૃતિના ક્રમમાં બદલાવ થઈ ગયો છે. માનવસર્જિત અને કુદરતસર્જિત પર્યાવરણની સમસ્યાથી પર્યાવરણ સંતુલન ખોરંભાયું છે.

ઔદ્યોગિકરણ, શહેરીકરણ, પાણી પ્રદુષણ, કચરાની સમસ્યા, ઓઝોનના પડમાં ગાબડું, કુદરતી સ્ત્રોતોનો દુરુપયોગ, જમીન પ્રદૂષણ, જમીન ધોવાણ, વાયુ પ્રદૂષણ, ગ્રીન હાઉસ અસર, એસિડ વર્ષા વગેરે માનવસર્જિત પર્યાવરણની સમસ્યા છે. જ્યારે પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, વાવાઝોડું, ધુમ્મસ, વીજળી પડવી, કરા પડવા, જ્વાળામુખી ફાટવો વગેરે કુદરતસર્જિત પર્યાવરણીય સમસ્યાઓ છે. આ બન્ને પ્રકારની સમસ્યાઓ પર્યાવરણ સંતુલનમાં અવરોધ પેદા કરે છે. પરિણામે પર્યાવરણના બે મહત્ત્વના કાર્યો પોષક (સજીવો પર્યાવરણમાંથી ખોરાક, રહેઠાણ, કપડાં, હવા વગેરે મેળવે છે) અને શોષક (સજીવો પોતાની જીવનક્રિયાઓ દ્વારા જે આડ-પેદાશો કરે છે તેનો પર્યાવરણ સ્વીકાર કરે છે.) માં ગડબડ ઊભી થઈ છે. ખાસ કરીને માનવસર્જિત પ્રક્રિયાઓએ પર્યાવરણ પર પ્રહાર કરીને પ્રદૂષણના પ્રકોપ દ્વારા સમગ્ર જીવસૃષ્ટિના રહન-સહનમાં ઊથલપાથલ મચાવી છે. જીવસૃષ્ટિના બુદ્ધિશાળી પ્રાણી એવા માનવે જરૂરિયાત કરતા વધુ મેળવવાની લાલચ કરીને પર્યાવરણના પંચમહાભૂત એવા અગ્નિ, જળ, વાયુ, જમીન, આકાશ ઘટકો પર મનમાની રીતે પ્રદૂષણનું દૂષણ વધાર્યું. કહેવત છે ને કે, 'હાથે કરીને પગ પર કુહાડો મારવો.' માનવની ઉચ્ચજીવનની લાલસાએ આ કહેવતને સાચી ઠરાવી છે. માનવસર્જિત પ્રદૂષણના દૂષણને લીધે માનવીય જરૂરિયાતો પરિપૂર્ણ થઈ શકતી નથી. જરૂરિયાતો પૂરી ન થાય ત્યારે તેના કારણો શોધાય છે. માનવસર્જિત સંશોધનો દ્વારા એ સ્વીકારાયું છે કે પર્યાવરણ ઘટકોનું જતન કરવું ખૂબ જરૂરી છે. તો જ પ્રકૃતિ દ્વારા આપણે આરોગ્યપ્રદ જીવન જીવી શકીશું, એટલું જ નહીં પણ અન્ય જીવસૃષ્ટિ – વનસ્પતિ, પશુ, પંખી તેમજ કીડા-કીટાણુંને પણ જીવાડી શકીશું."

પર્યાવરણ પ્રેમીઓ, સમાજચિંતકો, સરકારી-બિનસરકારી એજન્સીઓ, આબાલ-વૃદ્ધ સૌ કોઈ પર્યાવરણના જતન પર ભાર મૂકે તે પ્રવર્તમાન સમયની માંગ છે. આપણી સંસ્કૃતિમાં પણ કહેવાય છે કે,

**हत्वा च प्रकृतिम् एषाम् आत्मनाशं करिष्यसि ।**
**तदा जाग्रत भो पुरुषः संयम्य तव प्रवृत्तिम् ॥**

અર્થાત્ હે માનવ, આ પ્રકૃતિ (પર્યાવરણ)ને હણીને તું પોતાનો જ નાશ કરીશ, તેથી જાગ અને તારી પ્રવૃત્તિઓને સંયમિત કર.

પ્રવર્તમાન સમયમાં સ્થાનિકથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમો, યોજનાઓ, નીતિઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણને મહત્ત્વ અપાઈ રહ્યું છે. પર્યાવરણની સમસ્યા બાબતે લોકોમાં જાગૃતિ આવે એ હેતુસર 1972થી સંયુક્ત રાષ્ટ્રસંઘે આખા વિશ્વમાં ‘5 જૂન’નો દિવસ વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો. તદ્ઉપરાંત પર્યાવરણ સંબંધિત વિવિધ દિવસો – ૨૦ માર્ચ – વિશ્વ ચકલી દિન; ૨૧ માર્ચ – વિશ્વ વન દિન; ૨૨ માર્ચ – વિશ્વ જળ દિન; ૨૩ માર્ચ – વિશ્વ હવામાન દિન; ૨૨ એપ્રિલ – વિશ્વ ધરતી (પૃથ્વી) દિન વગેરે દ્વારા પર્યાવરણ જતન માટે લોકજાગૃતિ કેળવવામાં આવે છે. ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા ૧૯૮૨માં Envis સેન્ટર અર્થાત્ પર્યાવરણ માહિતી પ્રણાલી કેન્દ્ર સ્થાપવામાં આવ્યું. જેના દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંગે કાર્યરત લોકો અને યોજનાકારોને સાચી અને યોગ્ય માહિતી પૂરી પાડવામાં આવે છે. એ જ પ્રમાણે રાષ્ટ્રીય કક્ષાએ વાઇલ્ડ લાઈફ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયા વાઇલ્ડ લાઈફ લાઈડ બોર્ડના નેજા હેઠળ રાજ્ય સરકાર મારફત ‘વન્ય જીવન સંરક્ષણ’ના કાર્યો કરવામાં આવે છે. વળી, પર્યાવરણની જાળવણી અર્થે વિવિધ બોર્ડની રચના કરી, નીતિ-નિયમોનું અમલીકરણ કરવામાં આવે છે.

‘જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી’ને ધ્યાનમાં રાખીને પ્રદૂષણના દૂષણને પડકારવા પર્યાવરણને પોષતા કાર્યો કરવા સૌ પ્રયત્નશીલ બને તે ખૂબ જરૂરી છે. જેમ કે,

- જળસ્રોતોની સ્વચ્છતા અને સફાઈ કરીએ.
- નદીઓમાં મરેલા જાનવર, મળમૂત્ર કે મડદા ન ફેંકીએ.
- ધાર્મિક પ્રસંગે નદીઓમાં મૂર્તિ અને અન્ય સામગ્રી ન પધરાવીએ.
- ગટરલાઈનો અને ફેક્ટરીઓનું પ્રદુષિત પાણી નદીઓમાં ન ઠાલવીએ.
- જળસંગ્રહની વ્યવસ્થા કરીએ, પાણીનું ટીપેટીપું સાચવીએ, જેમ કે ખેતરમાં પાળા કરીએ, કૂવા-ડંકી રિચાર્જ કરીએ, ગામ તળાવ બાંધીએ, ખેત-તલાવડી બનાવીએ.
- ઘરમાં કે અન્ય સ્થળે ટપકતા નળને જલદી સરખો કરાવીએ. (ટપકતા નળથી ૬૦ ગેલેન જેટલું પાણી પ્રત્યેક દિવસે વ્યર્થ જાય છે.)
- દંતમંજન કરતી વખતે નળ સતત ખુલ્લો ન રાખીએ.
- યોગ્ય માત્રામાં કપડાં કે વાસણ થાય પછી જ વોશિંગ મશીન કે ડિશ વોશરનો ઉપયોગ કરીએ.
- Wash-roomમાં હાફ ફ્લશનો વિકલ્પ પસંદ કરીએ, જેથી દર વપરાશે અડધો લિટર પાણી બચે. ફ્લશની ટાંકીમાં એક ઈંટ મૂકીએ જેથી પાણી ઓછું વપરાય.
- ચોમાસામાં વરસાદના પાણીને સંગ્રહિત કરીએ.
- નહાતી વખતે બાથટબને બદલે શાવર-બાથ લઈએ. શક્ય હોય તો બાલદી-બાથને જ પ્રાધાન્ય આપીએ.
- પુનઃ ઉત્પાદન (Recycle) થઈ શકે તેવી ચીજવસ્તુઓ વાપરીએ.

- પ્લાસ્ટિક, કાચ, કૃત્રિમ રબર તથા તાંબું, લોખંડ, એલ્યુમિનિયમ જેવી ધાતુઓનું પુનઃઉત્પાદન (Re-cycle) કરીએ.
- ઔદ્યોગિક એકમોના રાસાયણિક કચરાને રાસાયણિક પ્રક્રિયા દ્વારા બિનઝેરી અને બિનહાનિકારક પદાર્થોમાં ફેરવ્યા બાદ નિકાલ કરીએ.
- ખેતીવાડીમાં, પશુપાલન દરમિયાન ઉત્પન્ન થતો કચરો તથા ઘરગથ્થુ કચરો એકત્રિત કરી, તેમાંથી સેન્દ્રિય ખાતર બનાવી, તેનો ઉપયોગ ખેતીમાં કરીએ.
- રાસાયણિક ખાતરોનો ઉપયોગ વિવેકપૂર્વક કરીએ.
- જંતુનાશક દવાઓનો ઉપયોગ યોગ્ય માત્રામાં જ કરીએ.
- વનસ્પતિની માત્રા વધારીએ / વધુ વૃક્ષો વાવીએ.
- ગિફ્ટમાં છોડ આપીએ.
- લાકડાની જરૂરિયાત મુજબ આયોજનપૂર્વક વૃક્ષો કાપીએ, સાથે તેટલા જ પ્રમાણમાં વૃક્ષો ઉગાડવાની પ્રમાણિકતા દાખવીએ.
- પ્લાસ્ટિકની થેલીની જગ્યાએ કાપડની થેલીનો ઉપયોગ કરીએ.
- જે તે સ્થળને છોડતી વખતે લાઈટ-પંખા, એ.સી., ટીવી. જેવા ઉપકરણો સદંતર બંધ કરીએ.
- બિનજરૂરી વીજળીનો વપરાશ ટાળીએ.
- સોલરશક્તિનો (Solar Power)નો ઉપયોગ કરીએ.
- ટી.વી., મ્યુઝિક સિસ્ટમ, રેડિયો વગેરેનો અવાજ એટલો મર્યાદિત રાખીએ કે જેથી પોતે સાંભળી શકે અને અન્ય વ્યક્તિઓને ખલેલ ન પહોંચે.
- વાહનો ચલાવતી વખતે જરૂર પડ્યે જ હોર્નનો ઉપયોગ કરીએ.
- રાત્રિના અમુક સમય બાદ લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકીએ.
- સિનેમાઘરો તથા સભાખંડોની દીવાલોને ધ્વનિશોષક પડદાથી ઢાંકીએ.
- તહેવારો, લગ્ન પ્રસંગ જેવા સામાજિક પ્રસંગ, સરઘસ સમયે ફટાકડા ફોડવા કે લાઉડ સ્પીકરના ઉપયોગ પર સ્વ-નિયંત્રણ રાખીએ.
- વૃક્ષો કુદરતી ધ્વનિશોષક હોવાને લીધે ખૂબ ઊંચી તીવ્રતાવાળા અવાજના સ્થળો – એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, રેલ્વે માર્ગો, હાઈવે વગેરેની આસપાસ વૃક્ષો વાવીએ.
- ખનિજતેલ મેળવવા માટે, બાંધકામ કરવા માટે પૃથ્વીના પેટાળનું વધારે વિદોહન ન થાય તે અંગે કાળજી રાખીએ.
- કાગળનો લઘુત્તમ ઉપયોગ કરીએ.
- પ્રિન્ટેડને સ્થાને ઈલેક્ટ્રોનિક ઉપકરણ દ્વારા માહિતીનું આદાન-પ્રદાન કરીએ.

- આવેલી ટપાલના કવરને શક્ય હોય તો ફરીથી ઉપયોગમાં લઈએ.
- એક બાજુ લખેલા કાગળની બીજી બાજુનો લખવામાં ઉપયોગ કરીએ.
- કંકોત્રી કે ગ્રીટીંગ કાર્ડસના કોરા ભાગને ગિફ્ટ પેકીંગમાં વાપરીએ.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનમાં સહભાગી બની, કચરો કચરા પેટીમાં જ નાખીએ. ખાસ કરીને ઘરના આંગણાનો કચરો કચરાપેટીમાં જ નાખીએ.
- સૂકા અને ભીના કચરાની અલગ વ્યવસ્થા રાખીએ.
- પશુઓને પ્લાસ્ટિકની થેલીમાં ખોરાક ન આપતા તેમના માટે અન્નકુટી બનાવી, તેમના આરોગ્યની કાળજી કરીએ.
- ચામડું, રેશમ, કોસ્મેટિક્સનો લઘુત્તમ ઉપયોગ કરીએ.
- મોબાઈલનો ઓછો ઉપયોગ કરી, પંખીઓનું રક્ષણ કરીએ.
- શાળા-કૉલેજમાં Eco-clubની રચના કરી, પર્યાવરણ સંબંધિત રચનાત્મક કાર્યક્રમો કરીએ.
- થોડાક અંતરે જવાનું હોય તો પગપાળા જઈએ.
- કાર પુલનો (Car Pool)નો ઉપયોગ કરીએ, વાહનમાં ભાગીદારી કરીએ. સાર્વજનિક વાહનોનો ઉપયોગ કરીને ફોસિલ ઈંધણનો ઉપયોગ ઘટાડીએ.
- પ્રદૂષણને અટકાવવાના વિધેયાત્મક અભિગમો પર વિચાર કરીને સ્થાનિક પ્રજાની નાની-નાની સભાઓનું આયોજન કરીએ.
- ટ્રાફિકમાં કે અન્ય સ્થળે જો વાહન બે મિનિટથી વધુ સમય ઊભું રહેવાનું હોય તો તેનું એન્જિન બંધ રાખીએ.
- ઓછા વોલ્ટના બલ્બ વાપરીએ. જ્યાં વધુ પ્રકાશની જરૂર હોય ત્યાં CFSL કે ફલોરેસન્ટ લાઈટનો ઉપયોગ કરીએ.
- રસોઈમાં પ્રેશર કુકરનો ઉપયોગ કરીએ.
- પ્રવાહી ઉકાળતી વખતે ઢાંકણ અચુકથી વાપરીએ.
- ફ્રોજન-ફૂડને રાંધતા પહેલા થોડો સમય પહેલા ફ્રીજમાંથી બહાર કાઢી લઈએ.
- CNG (Compressed Natural Gas)થી ચાલતા વાહનોનો ઉપયોગ કરીએ.
- વધુ ગીર્દી હોય તેવા સમયે બહાર જવાનું ટાળીએ.
- મોઢા પર માસ્ક બાંધીએ.
- અર્થ અવર્સ અવેરનેસ (Earth Hours Awareness)માં સહભાગી બનીએ. (દિવસમાં એક કલાક લાઈટ બંધ રાખીએ)
- અતિ પ્રદૂષિત વિસ્તારમાં શક્ય હોય તો જવાનું ટાળીએ.

- Wasteમાંથી bestની કલાને પ્રોત્સાહિત કરીએ.
- પ્રદૂષણની આડ-અસરોને દર્શાવતા શેરી નાટકો યોજીએ.
- વસ્તીવૃદ્ધિના દરને નિયંત્રિત કરવામાં સહયોગ આપીએ.
- નાના કુટુંબના ધોરણને પ્રોત્સાહિત કરીએ.
- ધાર્મિક સ્થળોમાં દાન કરવાને બદલે પર્યાવરણ સંબંધિત બાબતોમાં દાન કરીએ.

  દા.ત. કાપડની થેલીઓનું વિતરણ, છોડ – વૃક્ષના રોપાનું વિતરણ.

  પ્રદૂષણને અટકાવવા આપણે સૌ નિષ્ઠાપૂર્વક સહિયારા પ્રયત્નો નહીં કરીએ તો માનવસર્જિત પ્રદૂષણ જ જીવસૃષ્ટિના સંહારનું કારણ બનશે.

વિનાશની શરૂ થયેલી પ્રક્રિયાને કદાચ રોકી ન શકાય પણ તેની માત્રાને ચોક્કસ ઘટાડી શકાય. પર્યાવરણ જાળવણીની ચળવળમાં સૌ કાર્યકર્તા બને તો જગત આખું હરિયાળું, સ્વાસ્થ્યપ્રદ બને તે નિર્વિવાદ છે.

પર્યાવરણ સમગ્ર જીવસૃષ્ટિનું પોષક, રક્ષક અને જીવનદાતા છે. તેની જાળવણી લાભકારક જ નહીં પણ અનિવાર્ય છે.

ચાલો, આપણે સૌ સાથે મળીને જીવોનું રક્ષણ, વનોનું રક્ષણ, વૃક્ષારોપણ, જળ, જમીન અને વાયુની સ્વચ્છતા, અવાજ સહિત સર્વ પ્રકારના પ્રદૂષણોથી મુક્ત એવા વાતાવરણને સર્જીને, પર્યાવરણને પોષીએ ને પ્રદૂષણને પડકારીએ.

Environmental issues are best handled with participation of all concerned citizens at the relevant level.

**સંદર્ભ :**


- જી. કે. નંદા અને જયશ્રી જોષી (૨૦૦૭) (અનુ.) : 'પર્યાવરણ અધ્યયન', ઓરિએન્ટ લોંગમન પ્રાયવ્હેટ લિમિટેડ, મુંબઈ.
- કનુભાઈ ઉ. મિસ્ત્રી (૨૦૧૨) : 'વિશ્વ પર્યાવરણ દિન' સંકલન શ્રેણી, વિશ્વ સંવાદ કેન્દ્ર – ગુજરાત પ્રકાશન, અંક-૨૨૨, વર્ષ-૧૦, ૭ જૂન ૨૦૧૨, પાના નં. ૧૬-૧૮


❀ ❀ ❀

"ઓ મૌસમ...
માણસ જેવો જ તારો મિજાજ છે,
ગમે ત્યારે તું બદલાય છે."

# ગો ગ્રીન મેનુ

– ડૉ. મૃગાંકિની પરીખ
(પૂર્વ અધ્યાપક અને વિદ્યાર્થિની – હોમસાયન્સ વિભાગ)



Enviroment friendly અને go-green સાથે સાથે જાય છે. ખોરાકના સંદર્ભમાં ગો-ગ્રીનની વાત કરીએ તો શાકભાજી અને ફળોનો સમાવેશ થાય છે. આ બંને ખાદ્યપદાર્થો આપણા રોજિંદા ભોજનનો પાયો છે. જેમ રસોઈ દરેક સ્ત્રીને આવડે જ એવી એક માન્યતા છે તેવી જ રીતે લીલા શાકભાજી આહારમાં લેવાના હોય તો ઘણા બધા એવું જ વિચારે છે કે સલાડનો ઉપયોગ કરવો પડે અથવા સમારીને તાજા ફળો ખાવા પડે. આ માન્યતા ફેરવિચારણા કરવા જેવી છે. દરેક જણને સરસ રસોઈ બનાવતાં આવડે જ એવું નથી. આપણે ત્યાં ઘણી વખત વાનગી ખૂબ સરસ બની હોય, રસોઈ આખી ઘણી જ સ્વાદિષ્ટ થઈ હોય, પરંતુ તેને પીરસવામાં એવી અણઘડતા હોય કે વાનગી કે રસોઈ ખાવાની રુચિ જ ન રહે અને બધી મજા મરી જાય. વાનગી બનાવી તેને ખાનાર પાસે સુઘડ અને કલામય રીતે રજૂ કરવી એ પણ ઘણું જ મહત્ત્વનું છે. અંગ્રેજીમાં તેને dressing up of dishes કહે છે. જીભને વાનગી મળે તે પહેલાં આંખને તે જોવાની મળે છે તેથી સુશોભન બહુ જરૂરી છે. આંખને ગમે તો જીભને તો વધારે રુચિકર લાગે છે. એજ રીતે જ્યારે એકલા શાકભાજી ખાવાના હોય તો થોડા દિવસમાં કંટાળો આવી જાય છે.

go-greenમાં સલાડ અને સૂપ ઉપરાંત આખું ભોજન ખાઈ શકાય છે. ફુદીનાનું શરબત અને પાલકના સૂપ સાથે સલાડ જરૂરી નથી. અહીં ગ્રીન કોર્સ ભોજન વિશે માહિતી આપી છે. કોર્સ ભોજન પદ્ધતિ પશ્ચિમના દેશમાંથી આવી છે. તેમાં ૩, ૫, ૭ કે તેથી વધારે કોર્સ હોય છે. દરેક કોર્સ માટે જુદી જમવાની પ્લેટ હોય છે અને પ્લેટની આજુ-બાજુ ચમચી, છરી અને કાંટા મૂકેલા હોય છે. પ્લેટો એક ઉપર એક મૂકેલી હોય છે અને જેમ જેમ એક-એક કોર્સ પતતો જાય તેમ પ્લેટ ઉપડતી જાય છે. અહીં પાંચ કોર્સને માટે green વાનગીઓ આપી છે.

### કોર્સ ડીનરના મુખ્ય ભાગ :

૧. સૂપ (Soup)
૨. સ્ટાર્ટર (starter)
૩. સેલેડ (Salad)
૪. મેઈન કોર્સ (Main Course)
૫. ડેઝર્ટ (Dessert)

## I. સૂપ (Soup) :

**Brocolli almond Soup** (બ્રોકોલી આલમંડ સૂપ)

**સામગ્રી :** બ્રોકોલી - ૨૦૦gm, શેકેલી બદામનો ભૂકો - ૨ ૧/૨ tbspn, માખણ - ૧ tspn, લસણ - ૧ tspn, કાંદો - ૧ નંગ, સેલરીની ડાંડી - ૧ tspn, મીક્સ હર્બસ - ૧/૪ tspn, મરી પાવડર - ૧/૪ tspn, મીઠું - સ્વાદ મુજબ.

સુશોભન માટે - બદામની કતરણ.

**રીત :** નોન સ્ટીક પેનમાં માખણ ગરમ કરો. તેમાં સમારેલું લસણ અને કાંદા ઉમેરી સાંતળો. કાંદો આછો ગુલાબી થાય એટલે તેમાં શેકેલી બદામનો ભૂકો, સેલરીની ડાંડી અને બ્રોકોલીના નાના ટુકડા ઉમેરો. ૨ થી ૩ ચમચી પાણી ઉમેરી સાંતળવું. ત્યારબાદ ૧ ૧/૨ કપ પાણી ઉમેરી ૩ થી ૫ મિનિટ ઉકાળો. ઠંડુ પાણી હેન્ડ બ્લેનડર ફેરવો. સ્વાદ મુજબ મીઠું, મરી પાવડર અને મિક્સ હર્બસ ઉમેરો. જરૂર મુજબ પાણી ઉમેરી ઉકળવા મૂકો. બદામની કતરણ ભભરાવી ગરમ પીરસવું. આ સૂપ સાથે બ્રેડ સ્ટ્રીક્સ અને માખણ સ્વાદિષ્ટ લાગે છે.

## II. સ્ટાર્ટર (Starter) :

**Harabhara Kabab (હરે ભરે કબાબ)**

**સામગ્રી :** ચણાની દાળ - ૧/૪ કપ, પાલકની ભાજી - ૧૫૦ ગ્રામ, બાફેલા વટાણા - ૧/૨ કપ, બાફેલો બટાકો - ૧ નંગ, છીણેલું પનીર - ૧/૨ કપ, બ્રેડની સ્લાઈસ - ૪ નંગ, સ્વાદ મુજબ - મીઠું, આમચુર, જીરા પાવડર, ચાટ મસાલો તેમજ વાટેલા આદુ-મરચા અને લસણની પેસ્ટ.

રગદોળવા માટે - ટોસ્ટનો ભૂકો.

**રીત :** ચણાની દાળને પલાળી, બાફી - પાણી નિતારવું. પાલકની ભાજીને ઉકળતા પાણીમાં નાખી - બહાર કાઢવી. ઠંડી પાડી મિક્સરમાં વાટી પેસ્ટ બનાવવી. બાફેલા વટાણા અધકચરા વાટવા, બાફેલા બટાકાનો માવો કરવો. બ્રેડના કટકા કરી મિક્સરમાં ફેરવવા. જેથી ફ્રેશ બ્રેડ ક્રમ્સ બનશે. આ બધી વસ્તુઓ ભેગી કરી તેમાં વાટેલા આદુ-મરચા અને લસણ, છીણેલું પનીર, તેમજ સ્વાદ મુજબ મીઠું, આમચુર, જીરા પાવડર અને ચાટ મસાલો નાંખી બરાબર મિક્સ કરી ચપટા વડા વાળવા. ટોસ્ટના ભૂકામાં રગદોળી ગરમ તેલમાં તળવા. ચાટ મસાલો ભભરાવી કોથમીર-ફુદીનાની ચટણી સાથે ગરમ પીરસવા.

## III. સેલેડ (Salad) :

**Crunchy Salad (ક્રંચી સલાડ)**

**સામગ્રી :** ચોરસ કાપેલી કાકડી - ૧ કપ, કાપેલા કેપ્સીકમ - ૧/૨ કપ, કાપેલા સફરજન - ૧ કપ, દાડમના દાણા - ૧/૨ કપ, કાપેલા લીલા મરચા - ૨ નંગ, ઝીણા સમારેલા ટામેટા - ૨ નંગ, બાફેલા મકાઈના દાણા - ૧/૨ કપ, ઝીણી સમારેલી કોથમીર - ૧/૪ કપ, મીઠું - ૧/૨ tspn, ચાટ મસાલો - ૧ tspn, લીંબુનો રસ - ૧ ૧/૨ tspn, સંચળ - ૧/૨ tspn અને તળેલી બુંદી - ૧ કપ.

**રીત :** ઉપર જણાવેલી બધી સામગ્રી ભેગી કરવી. બરાબર મિક્સ કરી ઠંડુ કરવું. પીરસતી વખતે જ બુંદી ઉમેરી તરત પીરસવું. આમ કરવાથી સલાડમાં ક્રંચી ઈફેક્ટ આવશે.

## IV. મેઈન કોર્સ (Main Course) :

આમાં બે વિભાગ પાડ્યા છે. પ્રથમ વિભાગમાં રોટી-સબજીનો સમાવેશ થાય છે. જ્યારે બીજા વિભાગમાં દાલ-રાઈસ અથવા પુલાવ અને રાયતુ અથવા કઢી પીરસવામાં આવે છે.

### ૧. ફસ્ટ મેઈન કોર્સ :

### (અ) ફુદીના રોટી (Mint Roti) :

**સામગ્રી :** ઘઉંનો લોટ - ૧ કપ, મેંદો - ૧/૪ કપ, તેલ - ૩ tspn, બેકીંગ પાવડર - ૧/૪ tspn, મીઠું - ૧/૨ tspn, દહીં - ૧/૪ કપ, સામરેલા ફુદીનાના પાન - ૧/૪ કપ અને વાટેલા આદુ-મરચા - ૧ tspn.

**રીત :** બન્ને લોટ ભેગા કરી તેમાં તેલ, મીઠું અને બેકીંગ પાવડર નાખી મિક્સ કરો. ત્યારબાદ તેમાં ફુદીનાના પાન અને વાટેલા આદુ-મરચા ઉમેરી દહીં નાખવું. જરૂર પડે તે રીતે પાણી ઉમેરી નરમ કણેક બાંધી અડધો કલાક રહેવા દેવી. મધ્યમ સાઈઝના લુઆ કરી લાંબી રોટી વણી ભાખરીની જેમ ફુલાવી લેવી. માખણ લગાવી ગરમ પીરસવી.

### (બ) પાલક-પનીર (Palak-Panir)

**સામગ્રી :** પાલકની ભાજી - ૨૫૦ ગ્રામ, કાંદો - ૧ નંગ, ટામેટું - ૧ નંગ, કાજુ પાવડર - ૨ tbspn, ઘરની મલાઈ - ૨ tbspn, પનીર - ૨૦૦ ગ્રામ, આદુ-મરચા-લસણની પેસ્ટ - ૨ tbspn, તેલ - ૧ tbspn, ઘી - ૧ tbspn, ગરમ મસાલો - ૧/૪ tspn, મીઠું - સ્વાદ મુજબ.

**રીત :** પાલકને ઉકળતા પાણીમાં બાફી બહાર કાઢી ૧ ચમચી તેલ અને ૧ લીલા મરચા સાથે વાટી પેસ્ટ બનાવવી. નોનસ્ટીક પેનમાં તેલ અને ઘી ભેગા કરી, ઝીણો સમારેલો કાંદો ઉમેરવો. ગુલાબી થાય એટલે વાટેલા આદુ-મરચા-લસણની પેસ્ટ ઉમેરવી. ત્યાર બાદ ઝીણું સમારેલું ટામેટું ઉમેરવું. ટામેટું સહેજ નરમ પડે એટલે પાલકની પ્યુરે ઉમેરવી. કાજુ પાવડર, ગરમ મસાલો - ૧/૪ tspn, ઘરની મલાઈ અને મીઠું ઉમેરી થોડું પાણી નાખવું. પનીરના મધ્યમ સાઈઝના ચોરસ ટુકડા તેમાં નાખી થોડી વાર ખદખદાવવું. ગરમ પીરસવું.

### (ક) ફણસીનું શાક (French beans Vegetable)

**સામગ્રી :** ફણસી - ૨૦૦ ગ્રામ, સમારેલું કેપ્સીકમ - ૧ કપ, બાફેલા વટાણા - ૧ કપ, પાલકની પ્યુરી - ૨ tbspn, તેલ - ૩ tspn, જીરૂ - ૧/૨ tspn, આદુ-મરચાની પેસ્ટ - ૧ tbspn, શેકેલી સીંગનો ભૂકો - ૨ tspn, ધાણાજીરૂ - ૧ tspn, કોપરાની છીણ - ૧ tspn, ખાંડ - ૧ tspn, લીંબુનો રસ - ૧tspn, મીઠું - સ્વાદ મુજબ. સુશોભન માટે ઝીણી સમારેલી કોથમીર અને લીલા નાળિયેરનું ખમણ.

**રીત :** તેલ ગરમ કરી, જીરાનો વઘાર કરવો. તેમાં વાટેલા આદુ, મરચા અને સમારેલા કેપ્સીકમ ઉમેરવા. થોડીવાર સાંતળીને પાલકની પ્યુરી ઉમેરવી. પાલક ખદખદે એટલે બાફેલા વટાણા અને ફણસી ઉમેરવા. સ્વાદ મુજબ મીઠું, શેકેલી સીંગનો ભૂકો, ધાણાજીરૂ, કોપરાનું છીણ, ખાંડ અને લીંબુંનો રસ નાખી બરાબર મિક્સ કરવું. કોથમીર અને ખમણેલું નાળિયેર ભભરાવી પીરસવું.

## ૨. સેકેન્ડ મેઈન કોર્સ :

### (અ) ગ્રીન પુલાવ (Green Pulao)

**સામગ્રી :** લાંબા ચોખા - ૧ કપ, તજ લવિંગ અને ઈલાઈચી - દરેક બે નંગ, તેલ - ૧ tbspn, ઘી - ૧ tbspn, કાંદો - ૧ નંગ, કેપ્સીકમ - ૧ નંગ, લીલા કાંદા - ૨ નંગ, પાલકની ભાજી - ૧૫૦ ગ્રામ, આદુ-મરચાં-લસણની પેસ્ટ - ૨ tbspn, બાફેલા વાટાણા - ૧/૨ કપ, મીઠું - સ્વાદ મુજબ.

**રીત :** ચોખાને ધોઈ કલાક પલાળી ઉકળતા પાણીમાં ઉમેરો. તેમાં ખડા મસાલા, ૧ ચમચી તેલ અને થોડું મીઠું નાખવા. ભાત છૂટા રહે તે રીતે ચઢવી પાણી નિતારી ઠંડા પાડવા. નોન સ્ટીક પેનમાં તેલ-ઘી ગરમ કરી ઝીણો સમારેલો કાંદો ઉમેરવો. થોડીવાર પછી કેપ્સીકમ અને લીલા કાંદા ઉમેરવા. પાલકને બ્લાંચ કરી પેસ્ટ બનાવવી. સાંતળેલા કાંદા-કેપ્સીકમમાં ઉમેરી ખદખદાવવું, વાટેલા આદુ-મરચા અને લસણની પેસ્ટ ઉમેરી. બાફેલા વટાણા અને રાંધેલા ભાત નાખી, મીઠું નાખવુ, હલકા હાથે હલાવવું. ગરમ પીરસવું.

### (બ) વેજીટેબલ રાયતા (Vegetable Raita)

**સામગ્રી :** મોળું જાડું દહીં - ૫૦૦ ગ્રામ, કાંદો - ૧ નંગ, કાકડી - ૧ નંગ, ટામેટું - ૧ નંગ, લીલા મરચા - ૨ નંગ, કોથમીર - થોડી દાંડીઓ, મીઠું - સ્વાદ મુજબ.

**રીત :** બધા શાક-ભાજી ઝીણા સમારવા. તેમાં વલોવેલું દહીં ઉમેરવું. મીઠું નાખી મિક્સ કરી - ઠંડુ પીરસવું. આ રાયતું કોઈ પણ પુલાવ સાથે સ્વાદિષ્ટ લાગે છે.

## V. ડેઝર્ટ (Dessert) :

### દૂધીનો હલવો :

**સામગ્રી :** દૂધી - જાડી છીણ - ૫૦૦ ગ્રામ, માવો - ૨૫૦ ગ્રામ, ખાંડ - ૧૦૦-૧૨૫ ગ્રામ, ઘી - ૧ tbspn, ઈલાઈચી - ૩ નંગ, રોઝ એસેન્સ - ૨ ટીપાં અને ગ્રીન ફૂડ કલરના ૨ ટીપા.

**રીત :** દૂધીને છોલી જાડી છીણીથી છીણવી. ઉકળતા પાણીમાં નાખી બે થી ત્રણ ઉભરા આવે એટલે તરત જ પાણીમાંથી નિતારી પહોળી કરીને ઠંડી કરો. નોન સ્ટીક પેનમાં છીણ અને ખાંડ નાખી હલાવવું. પાણી બળવા દેવું. મોળા માવાને છીણીને શેકવો. દૂધીમાં ઉમેરવું. ઈલાઈચીને છોલી આખા દાણા નાખવા. ઉપરથી ઘી નાખવું. જેથી હલવાને glaze આવશે. છેલ્લે ૧ થી ૨ ટીપાં ગ્રીન ફુડ કલરના નાખવા. રોઝ એસેન્સ અથવા ઈલાઈચીનો ભૂકો નાખવો. દૂધીનો હલવો બે રીતે પીરસી શકાય છે. ગરમ પીરસવો હોય તો તરત બાઉલમાં ભરવો અને વેનીલા આઈસક્રીમ સાથે આપવો. બીજી રીતમાં તૈયાર કરેલો હલવો લંબચોરસ mouldમાં દબાવવો. ૨ થી ૩ કલાક સેટ થાય પછી ચોરસ કટકા કરવા. બન્ને પીરસવાની રીતમાં ઉપર બદામની ઝીણી કતરણ ભભરાવવી.

આશા છે ગો ગ્રીન મેનુ રસોઈ બનાવનાર તેમજ તેનો આસ્વાદ લેનાર સૌને ગમશે.

❀ ❀ ❀

# साहित्य में पर्यावरण की भूमिका

– डॉ. निशा जोशी

(ॲसोसियेट प्रोफेसर एवं अध्यक्ष, हिन्दी विभाग)



वन और पहाड़ इस देश की धरती का श्रृंगार है । प्रकृति इस देश की संस्कृति का मूलाधार है । वेद प्रकृति की स्तुति है । इसलिए हमारे यहाँ नदियों, पहाड़ों, पत्थरों, जंगलों, पेड़-पौधों, अग्नि, वायु, आकाश, समुद्र सबको पूजने की परम्परा है । इसी वजह से प्रकृति का हर तत्त्व भारतीय संस्कृति में देवता है । प्रकृति स्वयं में नित्य शाश्वत और चिर सुंदर है और सदैव मनुष्य की सहचरी रही है । लेकिन ऐसा लगता है कि आज मनुष्य प्रकृति से दूर हो रहा है । जो प्रकृति हमारी रक्षक है, हमारी सम्पदा का मूलाधार है उसका शोषण आज हो रहा है । जब से मनुष्य ने अपने हित के लिए प्रकृति का दोहन आरंभ किया कठिनाईयाँ उत्पन्न हो गई और अनेक दुष्परिणाम सामने आए ।

मनुष्य अपने तत्कालिन सुखों के पीछे के इस कटु सत्य को भूल जाता है कि विकास की नींव स्वस्थ पर्यावरण पर ही केन्द्रित होती है । आज समृद्ध प्रकृति और हमारी सहज संस्कृति लुप्तप्राय हो रही हैं । इसलिए कवि रवीन्द्रनाथ टैगोर ने गाया – ''देश की माटी, देश का जल, हवा देश की, देश के फल। सरस बनें प्रभु सरस बनें ।''

वर्तमान समय में बढ़ती औद्योगिकता, वैज्ञानिक प्रगति एवं उपभोक्तावादी बाज़ार ने प्रकृति के सौंदर्य को नष्ट कर दिया है । जिससे सामान्य व्यक्ति ही नहीं, साहित्यकार भी इस खतरे से प्रभावित और चिंतित हुए है । चुँकि साहित्य अपने समकालीन परिवेश से ही दिशा ग्रहण करता है, इसलिए साहित्य में पर्यावरण-चिंतन की भावना अपने आप ही रूप ले लेती है । पर्यावरण-चिंतन की विचारधारा पर्यावरण संरक्षण के विचार के साथ ही जन्म लेती है ।

साहित्य क्षेत्र में पर्यावरण-विषयों को बहुत समय पहले से ही स्थान मिलता आ रहा है । साहित्य के प्रतिष्ठित साहित्यकार प्रेमचन्द ने अपना उपन्यास 'रंगभूमि' में वर्षो पहले इसका चित्रण किया था । 'रंगभूमि' उपन्यास में संजीदगी से प्रेमचन्द ने दिखाया है कि मिट्टी की निजता एवं सहजता को कैसे साम्राज्यवादी शक्तियाँ चूस रही है, भारत की खेती का अधिकांश भाग अब कारखानों तथा बड़े बड़े मकानों से मर गये है । जो भूमि बच गयी है वहाँ किसान चावल, गेहूँ की खेती करना नहीं चाहता है । जो मुनाफा देता है वह उपजाता है, चाहे वह कितना हानिकारक क्यों न हो । उच्च उत्पादनशील कृत्रिम बीज, रासायनिक खाद व कीटनाशकों पर निर्भर यह कृषि व्यवस्था हमारे देश की मिट्टी का स्वाभाविक गुण नष्ट कर देती है । इससे जमीन अनुर्वर प्राणशुन्य राख की शक्ल अख्यितयार करने लगी है । साठ के दशक के अन्त से बड़ी-बड़ी कुछ बहुराष्ट्रीय संस्थाओं ने विश्व बैंक के जरिए तीसरी दुनिया के देशों की खेती पर यह पद्धति बोझ की तरह थोप दी है । परिणामस्वरूप अब कृषि भी कारखानों में उत्पादित, धातु या खनिज द्रव्य की तरह औद्योगिक उत्पादन हो जहाँ प्रकृति और पर्यावरण का निजल और अत्यन्त

महत्त्वपूर्ण भूमिका पूरी तरह उपेक्षित है । रंगभूमि का सूरदास पूर्णतः मनुष्य और प्रकृति के चिर सहचर हैं । अर्थात् वह प्रकृति का ही है । उसका खान-पान भी प्रकृति का है । आज हम जिस संकट से जूझ रहे है, उसे कई सालों पहले प्रेमचन्द ने जान लिया था । साम्राज्यवादी शक्तियों के द्वारा मनुष्य को प्रकृति और मिट्टी से अलग करने का चित्र असाधारण दीर्घदृष्टि से दशकों पूर्व प्रेमचन्द ने 'रंगभूमि' में उतारा हैं ।

दुनिया भर के सभी जीवजन्तु पर्यावरणसंकट से जूझ रहे है । यह मुदा आज साहित्य का मुख्य विषय भी बन चुका है । इसकी वजह से साहित्य प्रतिरोध का सबसे सशक्त हथियार बन गया है । हिन्दी की समकालीन कथासाहित्य में परिस्थितिक सजगता कई साहित्यकारों ने जाहिर कीहै । उनमें मुख्य मृदुला गर्ग, नटरोही, मधु कांकरिया, नमिता सिंह, संजीव, चित्रा मुद्‌गल, गीतांजली श्री आदि । इनमें मृदुला गर्ग पर्यावरण के महत्त्व को अच्छी तरह समझने वाली और उसके सम्बन्ध में काम करने वाली भी हैं । वे बहुत संवेदनशील है । 1984 को भोपाल गैस दुर्घटना ने उनके हृदय को इतना झकझार दिया था कि उनका कंठ रूद्ध था । डॉक्टर की सलाह से ही पुनः वे बोलने लगीं । इसका भीषण रूप उनकी कहानी 'विनाशदूत' तथा ''एक भी चिड़िया नहीं चहचहाएगी'' जैसे लेखों में अभिव्यक्त हुआ । उस भोपाल दुर्घटना के दुष्प्रभाव का वर्णन उन्होंने यों किया – ''एक सुबह आयी कि सूरज के उगने पर एक भी चिड़िया नहीं चहचहाई, ऐसा सन्नाटा घिर आया कि कान फटने लगे और फिर जब धूप निकली तो न ताल में मछलियाँ जिन्दा थी और न पेड़ों पर फल-फूल, सब कुछ सूख चूका था । हरे पत्ते, लाल गुलाब काले पड़ चुके थे और टहनियाँ सूखकर फिर कभी न फूलने का खौफनाक मंजर पेशकर रही थी ।'' (संदर्भ : एक भी चिड़िया नहीं चहचहाएगी)

मृदुला जी ने अपनी बहुत सारी कहानियों जैसे 'इक्कीसवीं सदी का पेड़, 'करार', 'बर्फ बनी बारिश', 'बंजर', 'मेरे देश की मिट्टी अहा', काली का सत, आदि में पर्यावरण यानी प्रकृति के साथ पात्रों के तालमेल बढ़ाते हुए समकालीन परिस्थितियों का वर्णन किया है ।


समकालीन साहित्य विकास के नाम पर प्रकृति के शोषण और इसके फलस्वरूप मानवीय जीवन की क्षतिग्रस्तता आदि पर गहराई से विचार करता है । आज सम्पूर्ण विश्व में इस प्राकृतिक विनाश से जो संकट उपस्थित हुआ उससे जूझ रहे है । आज की जो परिस्थिति दर्शन या रूपायित हो रही है वह साहित्य में तथा सामाजिक जीवन में इसका बहुत प्रभाव पड़ रहा है । इस समस्या पर केन्द्रित कई आन्दोलन एवं आन्दोलनकारी आज सक्रिय रूप से कार्यरत भी है । प्रकृति को बचाने का मतलब मानवजाति को बचाना है । आगामी पीढ़ी को, महाविपत्ति से उभारने के लिए हमें बहुत सतर्क रहना होगा । नहीं तो बन्ध्य बंजर भूमि में पानी के लिए और शुद्ध वायु के लिए मानव तड़प कर मर जाएगा । साहित्यकार इसका अवबौध प्रदान करने के लिए आज तैयार होकर कर्मस्थली में उतरा है, यह हमारे लिए उम्मीद की बात है । विश्व का इतिहास इसका गवाह है कि साहित्य बड़े-बड़े परिवर्तन की वजह बन गया है। अतः पर्यावरण के जतन में साहित्य अपना योगदान अवश्य प्रदान करेगा और करता आया है ।

❀ ❀ ❀

# साहित्य में प्रकृति चित्रण : एक दृष्टि

– डॉ. रावजी कोटवाल

(ॲसोसियेट प्रोफेसर, हिन्दी विभाग)



प्रकृति अनंतरूपा है। प्रकृति और मानव का संबंध उतना ही पुराना है, जितना कि सृष्टि के उद्‌भव और विकास का इतिहास प्राचीन है। प्रकृति के साथ मानव का संबंध सृष्टि के प्रारंभिक बिन्दु से चला आ रहा है। मनुष्य जाति के उत्पत्ति के साथ उसका पहला साक्षात्कार शायद प्रकृति से ही हुआ हो। प्रकृति अनंत रूपों में हमारे सामने प्रस्तीर्ण है। कहीं मधुर सुसिज्जित या सुन्दर रूप में, कहीं रूखे बेडौल या कर्कश रूप में, कहीं भव्य, विशाल या विचित्र रूप में, कहीं उग्र, कराल या भयंकर रूप में।

मूलतः प्रकृति के दो रूप हैं – मानव प्रकृति और मानवेत्तर प्रकृति। मानव प्रकृति का तात्पर्य मानव की इच्छाओं और भावनाओं से है। मानव प्रतिपल जो आचार और व्यवहार करता है, उससे उसकी प्रकृति का परिचय होता है। मानवेत्तर प्रकृति में समूचा दृश्य जगत् आ जाता है। वह जड़-जंगम, चर-अचर, सजीव-निर्जीव रूपों में विस्तीर्ण है। प्रकृति के नाना रूपों में जिसमें मनुष्य भी एक रूप है – सप्रल,, सबसे ज्यादा संवेदनशील, सबसे ज्यादा भावना-विचार-कल्पना प्रवण। सबसे ज्यादा अभिव्यक्ति समर्थ। मनुष्य अनंत विस्तीर्ण प्रकृति के मध्य और साथ रहता है, उसे अपने अनुकूल, उपयोगी बनाता हुआ सहज आनंद निष्पंद मानता हुआ।

प्रकृति और मानव में जो अटूट संबंध है उसकी अभिव्यक्ति मानव-समाज का प्रतिनिधि कवि या दार्शनिक चिरकाल से करता चला आ रहा है। व्यापक अर्थ में संपूर्ण दृश्यमान जगत, समस्त देशकाल ही प्रकृति है। मनुष्य स्वयं प्रकृति की अनिवार्य इकाई है। वह चाहे भी तो अपने को उससे पृथक नहीं कर सकता। प्रकृति में ही सारी सृष्टि उत्पन्न होती है, उसी में ही लीन हो जाती है।

प्रकृति चिरपुरातन भी है और नवीन भी है। जीव मात्र को जीवन देने का कार्य प्रकृति करती है। प्रकृति का जतन करना, अपनी माता की सेवा करने के बराबर है। प्रकृति अमृत जीवन की श्रोतस्विनी है। प्रकृति के बिना मानव जीवन संभव नहीं है। जीवन में हमें निरन्तर प्रकृति का बोध होता रहता है, जीवन का प्रकृति बोध मुख्यतया इंद्रियगोचर होता है किन्तु साहित्य का प्रकृति बोध मानवेत्तर इन्द्रियगोचर, बाह्य परिवेश तक जाकर नहीं रूक जाता। वह उससे आगे बढ़कर गोचर में अगोचर देखने की कोशिश करता है।

वेदों को संसार में सबसे प्राचीन ग्रंथ माना जाता है । उनमें भी प्रकृति-प्रेमी मानव ने प्रकृति के साथ अपने संबंधविषयक उद्‌गार व्यक्त किये है । प्रकृति के विविध उपादानों – नक्षत्र, पर्वत, वृक्ष, नदी आदि में देवत्व का 'अधिवास' मानकर मानव ने उससे वैदिक ऋचाओं के द्वारा अपने सुख-दु:ख का वर्णन कर प्रकृति के साथ निजी रागात्मकता का परिचय दिया है ।

पर्वत, नक्षत्र, ऊषा, सूर्य, चंद्र, रात्रि, नदी, तालाब आदि की अलौकिक शक्तियों में मानवीय भावनाओं का आरोप होने से प्रकृति और मानव के अटूट संबंध की अभिव्यक्ति वैदिक साहित्य में हुई है । लौकिक साहित्य में भी वैदिक साहित्य की ही भांति प्रकृति और मानव के संबंधविषयक सुन्दर प्रसंग मिलते हैं। इस संबंध की सुस्पष्ट व्यंजना के लिए कवियों ने प्रकृति को मानवी के रूप में चित्रित किया है । कालीदास, दंडी और हर्ष की रचनाओं में प्रकृति के मानवी रूप के शत्-शत् उदाहरण ढूँढे जा सकते है ।

आरण्यकों एवं उपनिषदों में यद्यपि साद्‌गत रूप से प्रकृति वर्णन के प्रसंग बहुत कम मिलेंगे, पर उनकी रचना प्रक्रिया पर आख्यक की प्रकृति इस प्रकार छाई हुई है – साक्षात् वर्णित न होते हुए भी उस प्रकृति की मुक्त एवं विश्वस्थ आंतरात्मा प्रत्येक मंत्र के कोने से झांकती रहती है ।

उपनिषदों की मधुविधा निश्चित रूप से प्रकृति से रस ग्रहण की चरम परिणति है । ऋषि पत्नियों और ऋषि कुमारिकाओं के समस्त श्रृंगार वन के पुष्पों एवं पल्लवों से आरोपित होते हैं । प्रकृति उनके जीवन का एक अंग बन गई थीं । लौकिक काव्यपरंपरा का आरंभ 'रामायण' से माना जाता है । 'रामायण' में वाल्मीकि प्रकृति का पूर्ण एवं संश्लिष्ट चित्रण करने में विशेष सुख पाते हैं । काव्य युग तक आते-आते प्रकृति काव्य का आकंबन न रहकर क्रमश: उद्दीपन होती जाती है । कालिदास जैसे महाकवि अपने ढंग से मनुष्य की संवेदना में प्रकृति को साझीदार बनाते हैं । कालिदास का प्रकृति प्रेम वाल्मीकि से कम नहीं है, फिर भी उसमें वाल्मीकि की सहजता नहीं है, न वैदिक कवि का विस्मय भाव ही है । कालिदास की प्रकृति अपेक्षातया अलंकृत है ।

हिन्दी में वीरगाथा काल में प्रकृति को वीरगाथाओं की अभिप्रेरणा, शक्ति के रूप में अभिव्यक्ति मिली। भक्तिकाल में वह अपने आराध्य की माया के रूप में चित्रित हुई । हिन्दी की आधुनिक छायावादी कविता में प्रकृति मानवीय उदात्त प्रेम की छाया के रूप में चित्रित हुई है । छायावाद के एक महत्त्वपूर्ण कवि के रूप में श्री सुमित्रानंदन पंत की यह विशेषता है कि उन्होंने मानव और प्रकृति के बीच का आदिम युग से आज तक विकसित होते हुए रागात्मक रिश्तों का साक्षात्कार किया और उन्हें अपनी कविता में कलात्मकता के साथ चित्रित किया है ।

मानव स्वभाव की यह विशेषता है कि वह सहानुभूति प्राप्त करने के लिए पागल सा बना रहता है। भावना बढ़ते बढ़ते इतनी तीव्र हो जाती है कि जड़ वस्तुओं की भी वह चेतन मानकर उनमें संवेदना का

अनुभव करने लगता है। प्रकृति मानव के दु:ख में दु:खी हो जाती है। वह मानव के प्रति सहानुभूति रखती है। मानव की अभिलाषा भी यही रहती है कि कोई उसके दु:ख में, उसकी वेदना में उसे साहस दे। प्रकृति सदैव मानव की सहचारिणी है। अत: मानव के रूदन और ह्रास का उसे अनुभव होता रहता है। उसने मानव के रूदन पर सजल मेघ के द्वारा तथा उसके ह्रास पर विहंसते चाँद के द्वारा अपने भावों को अभिव्यक्त किया है। ऐसी अनंत रूपा प्रकृति का साहित्य में अनेक रूपों में चित्रण हुआ है। इस अनंत प्रकृति में मनुष्य सबसे आकर्षक चैतन्यमय प्राणी है। प्रकृति चित्रण के विभिन्न रूप –

- आलंबन रूप में प्रकृति चित्रण
- उद्दीपन रूप में प्रकृति चित्रण
- मानवीकरण रूप में प्रकृति चित्रण
- अलंकार रूप में प्रकृति चित्रण
- प्रतीक विधान के रूप में प्रकृति चित्रण
- बिम्ब विधान के रूप में प्रकृति चित्रण
- रहस्यवादीता अभिव्यक्ति के रूप में प्रकृति चित्रण
- उपदेशिका के रूप में प्रकृति चित्रण
- वातावरण निर्माण के रूप में प्रकृति चित्रण

साथ ही साथ प्रकृति को देशगत, कालगत और पात्रगत परिधि में भी देखा जा सकता है।

विशेषकर हिन्दी साहित्य में सुमित्रानंदन पंत, अज्ञेय प्रसाद, महादेवी वर्मा, निराला, माखनलाल चतुर्वेदी, सर्वेश्वर दयाल सक्सेना आदि अनेक कवियों की कविताओं में प्रकृति का विभिन्न रूपों में चित्रण अप्रतिम बन पड़ा है। माँ की ममता से वंचित कविवर पंत प्रकृति को ही अपनी माँ मानते हैं :

**''धात्रि कथा रूपक भर : तूने किया जनक बन पोषण।**
**मातृहीन बालक के सिर पर वरद हस्त घर गोपन ॥''**

पंतजी प्रकृति के ऋण को सहर्ष स्वीकार करते हैं। वे उसे अपनी माँ से भी बढ़कर मानते हैं।

सुमित्रानंदन पंत ने मित्रों के साथ गंगा में चाँदनी रात में नौकाविहार किया था, अज्ञेय प्रिया के साथ यमुना नदी में विहार करते हैं। नरसल के झुरमुट आकृष्ट प्रिया के उस पार चलने की मनुहार के जवाब में कवि कहता है –

**अब घना हो चला झुरमुट।**
**नदी पर ही रहें, कैसी चाँदनी-सी है खिली।**
**उस पार ही रेती उदास।**

संक्षेप में हम कह सकते है कि साहित्य में प्रकृति विभाव, अनुभाव, संचारी या व्यभिचारी भाव, आलंबन, उद्दीपन, मानवीकरण उपदेशात्मक आदि अनेक रूपों में चित्रित हुई है । प्रकृति के बिना साहित्य अधूरा है । प्रकृति और मानव जीवन का अंतरंग संबंध है । प्रकृति और मनुष्य एक सिक्के के दो पहलू है ।

**संदर्भ ग्रंथ :**


१. डॉ. परमानंद चौबे (प्रं. संस्करण-2000) : कविवर सुमित्रानंदन पंत का मानववाद, निर्मल पब्लिकेशन, दिल्ली-110094

२. डॉ. अवधेश कुमार (प्र.संस्करण-2010) : छायावादी काव्य और उसके कवियों का अवदान, सत्यम पब्लिशिंग हाऊस, नई दिल्ली-110059

३. डॉ. शंकर वसंत मुद्‌गल, (प्र.संस्करण-2002) : कवियों के कवि अज्ञेय, क्वालिटी बुक्स पब्लिशर्स एण्ड डिस्ट्रीब्यूटर्स, रामबाग, कानपुर-208012.


❀ ❀ ❀

''वृक्षो को न काटो । जल और पृथ्वी की रक्षा करना धर्म है ।
पृथ्वी से उतना ही भाग निकालो जिसकी पूर्ति की जा सके ।''

**– यजुर्वेद**

## पारावार गरमी

''कपड़े धोते ही सुक जाते है
और
पहनते ही गीले हो जाते है''

# With NAAC PEER TEAM......



With Co-Ordinator
Dr.Mukerjee



With Principal Dr. Sirali Mehta



With IQAC



With Regular Students



With Trust - GSKM



At the Library



With Alumni & Parents



With Social Wing - GSKM



Cultural Programme

# With AAA PEER TEAM.....


In the campus


With Prin. Dr. Sirali Mehta &
Co-Ordinator Dr. Mukerjee


With Principal


With IQAC


With Regular Students


With Trust - GSKM


At the Library


With Alumni & Parents


With Social Wing - GSKM

(સ્થાપના : ૧૯૨૦)

**વિકાસગાથા**

# એસ. એલ. યુ. આટ્ર્સ
# ઍન્ડ
# એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ
# (સ્થાપના : ૧૯૨૦)

**ડૉ. શૈલજા ધ્રુવ**
ઍસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ

આજથી લગભગ ૯૪ વર્ષ પહેલાં ઉચ્ચતર શિક્ષણનો લાભ આંગળીને વેઢે ગણી શકાય એટલી જૂજ બહેનો લેતી હતી. સ્ત્રીઓ માટે ઉચ્ચતર કેળવણીના વિચારો ધરાવનાર અમુક જ અગ્રગણ્ય વ્યક્તિઓ હતી. સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ તો બાજુએ રહ્યું, પણ માધ્યમિક શિક્ષણ માટે અમદાવાદ શહેરમાં ફક્ત એક-બે કન્યાશાળાઓ હતી. તે વખતે સર વિઠ્ઠલદાસ ઠાકરસી તરફથી પૂનાની કર્વે મહિલા વિદ્યાપીઠને રૂપિયા પંદર લાખની ઉદાર સખાવત મળી અને શ્રીમતી શારદાબહેન મહેતા (ગુજરાતની સૌ પ્રથમ સ્નાતિકા)ને ગુજરાતની પણ સ્ત્રીઓ માટે ઉચ્ચતર કેળવણી માટે કંઈક કરવાના કોડ જાગ્યા. તેમની પ્રેરણા, સલાહ તેમજ માર્ગદર્શન તથા સર રમણભાઈ નીલકંઠ, ડૉ. સુમંત મહેતા, લેડી વિદ્યાગૌરી નીલકંઠ (ગુજરાતની સૌ પ્રથમ સ્નાતિકા), શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી રામનારાયણ પાઠક, શ્રી દાદાસાહેબ માવલંકર, શ્રી બલ્લુભાઈ ઠાકોર વગેરેના સક્રિય સહકાર, દીર્ઘદૃષ્ટિ અને સ્ત્રીશિક્ષણની ધગશને પરિણામે 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે' સાહસ કરી સ્ત્રીઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમવાળી, માતૃભાષા દ્વારા શિક્ષણ આપતી, શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી વિમેન્સ યુનિવર્સિટી (S.N.D.T.) સાથે સંલગ્ન એવી **અમદાવાદની પ્રથમ મહિલા પાઠશાળા (મહિલા કૉલેજ)**ની સ્થાપના **૧૯૨૦માં** કરી. શ્રી લાલશંકર ઉમિયાશંકરની સ્મૃતિમાં આ મહિલા પાઠશાળાને સખાવત (રા.બ. લાલશંકર દ્વારા સ્વખર્ચે બંધાયેલ સંસારા-સુધારા હૉલ, રાયખડ (હાલનું સસ્તુ સાહિત્ય કેન્દ્રનો ઉપલો ભાગ)ના ભાડાની અમુક રકમ તેમજ લાલશંકરે પોતે કેળવણી માટે ટ્રસ્ટ કરેલી રકમોના વ્યાજમાંથી અપાયેલ ગ્રાન્ટ બંને સંયુક્ત રકમ) અપાતા તે 'શ્રી લાલશંકર ઉમિયાશંકર મહિલા પાઠશાળા' તરીકે નામાભિધાન થઈ. **શ્રી લાલશંકર ઉમિયાશંકર આટ્ર્સ કૉલેજ, જે એસ. એલ. યુ. આટ્ર્સ કૉલેજ તરીકે જાણીતી છે.**

શરૂઆતમાં વનિતા વિશ્રામ (૧૯૦૮માં સ્થાપિત)થી તેનું બીજારોપણ થયું. વનિતા વિશ્રામમાં સ્થપાયેલ મહિલા વિદ્યાલયની (૧૯૧૬માં સ્થાપિત) શાળાંત પરીક્ષામાંથી ઉત્તીર્ણ થયેલ ત્રણ બહેનોને – સવિતા ત્રિવેદી, નંદગૌરી સેતલવાડ, અરવિંદા ઠાકોર – મહિલા પાઠશાળામાં (૧૯૧૬માં પૂનામાં સ્થાપિત કર્વે યુનિવર્સિટી સાથેના ૧૯૨૦ના જોડાણ સંદર્ભે) પ્રવેશ અપાયો.



મહિલા પાઠશાળાના અધિષ્ઠાત્રી શારદાબહેન સુમન્ત મહેતા અને પ્રથમ ત્રણ
વિદ્યાર્થિનીઓ - સવિતા ત્રિવેદી, નંદગૌરી સેતલવાડ, અરવિંદા ઠાકોર. (૧૯૨૦)

(સાભાર : જીવન સંભારણા (૧૯૩૮); શારદા મહેતા; પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા; પૃષ્ઠ-૨૫૩)

નોંધપાત્ર બાબત એ રહી કે, અમદાવાદની આ પ્રથમ મહિલા કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની ભારતવર્ષની પ્રથમ affiliated કૉલેજ બની ! જેના અધિષ્ઠાત્રી ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતિકા શ્રી શારદાગૌરી સુમન્ત મહેતા હતા.

ઉન્નત ધગશ ધરાવનારા સ્વપ્નદષ્ટા સમાજસેવકો, શિક્ષણશાસ્ત્રીઓ, એવા જ ઉત્સાહી શુભનિષ્ઠા ધરાવનાર સમાજસેવકોએ આ કૉલેજના વિકાસને ગતિ આપી છે. આ કૉલેજમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. શ્રી રામનારાયણ પાઠક, સ્વ. શ્રી મોતીલાલ અલમૌલા, ઈન્દોરના મહારાજા હોલ્કરના રાજકુમારી સ્વ. ઈન્દિરાબાઈ ભાગવત, શ્રી જેઠાલાલ ગો. શાહ, શ્રી ઈન્દુમતીબહેન મહેતા, ડૉ. ધ્રુમનબહેન દીવાનજી વગેરેએ આચાર્યપદ શોભાવ્યું છે. ત્યારબાદ શ્રી હસુબહેન ગૂર્જર તથા સ્વ. ડૉ. પૂર્ણિમાબહેન શાહ રહ્યાં. હાલમાં ડૉ. સિરાલીબહેન મહેતા ઉત્સાહભેર આચાર્યનો કાર્યભાર સંભાળી રહ્યા છે.

આ કૉલેજના અધ્યાપન કાર્યમાં ગુજરાતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ આરંભના સમયમાં પોતાની કિંમતી માનદ્ સેવાઓ આપી છે. શ્રી શારદાબહેન મહેતા, લેડી વિદ્યાબહેન નીલકંઠ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી રામનારાયણ પાઠક, શ્રી પ્રાણજીવન પાઠક, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી નવલરામ ત્રિવેદી, શ્રી રામમોહનરાય દેસાઈ, શ્રી જેઠાલાલ ગો. શાહ, શ્રી ગટુભાઈ ધ્રુ, શ્રી વિશ્વનાથ ભટ્ટ, પંડિત હરિભાઈ ઉપાધ્યાય, શ્રી નસરવાનજી દારૂવાલા, શ્રી રવિશંકર પંડિત, શ્રી હનુમંતરાય દેવધર, શ્રી કૃષ્ણરતન જનકર, ડૉ. મનહર ના. કવિ, શ્રી વિષ્ણુભાઈ અત્રે, શ્રી તિરંગિણીબહેન નીલકંઠ, શ્રી સેમ્સન

બેન્જામિન, શ્રી વિનોદિની નીલકંઠ, ડૉ. માધવજી મચ્છર, શ્રી ગુલાબબહેન હઠીસિંગ, શ્રી તહેમીનાબહેન કામા, પ્રો. શ્રી શેઠના, શ્રી ભીખુભાઈ આચાર્ય, શ્રી કલ્યાણજી શુક્લ, શ્રી એમ. બી. ગોડબોલે, શ્રી સુકુમાર જોષીપુરા, શ્રી રામપ્રસાદ શુક્લ, શ્રી નાગરદાસ બામણિયા, શ્રી સાકરલાલ દવે, શ્રી ગણપતિપ્રસાદ ભટ્ટ, પ્રો. શ્રી વણીકર, શ્રી જયંત શાસ્ત્રી, શ્રી વી. આર. મહેતા, શ્રી અશ્વિનભાઈ વ્યાસ, શ્રી સત્યેન્દ્ર શાહ, ડૉ. પદ્માબહેન ફડિયા, પ્રિ. બહાદુરશાહ પંડિત, શ્રી દલસુખભાઈ શાહ, ડૉ. વિદ્યુતભાઈ જોષી, ડૉ. મૃગાવતીબહેન શાહ, પ્રિ.સી. એલ. શાસ્ત્રી, શ્રી રણછોડલાલ વાયડા, શ્રી ઉષાબહેન જોષી વગેરેએ પોતાની સેવાઓ દ્વારા આ સંસ્થાનું ગૌરવ વધાર્યું. તદ્ઉપરાંત સાક્ષર શ્રી કેશવલાલ હ. ધ્રુ, પ્રો. બળવંતરાય ઠાકોર, સર રમણભાઈ નીલકંઠ, શ્રી ન્હાનાલાલ કવિ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરે મહાનુભાવોએ સંસ્થાને અવારનવાર સહાય આપી.

ઈ.સ. ૧૯૨૩થી ૧૯૬૨ દરમિયાન આ કૉલેજના વર્ગો ભાડેથી લીધેલ લેડીઝ ક્લબના ઉપલા માળે, ખમાસા રોડ, રાયખડમાં ચાલતાં. ૧૯૬૨ પછી આ કૉલેજ વી.એસ. હૉસ્પિટલ નજીક, એલિસબ્રીજ પોસ્ટ ઑફિસ પાસે, પોતાના મકાનમાં સ્થળાંતરિત થઈ.

ઈ.સ. ૧૯૭૩માં એસ. એલ. યુ. કૉલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાઈ. અત્યાર સુધી 'હોમસાયન્સ' એક વિષય તરીકે શીખવવામાં આવતો હતો તેને બદલે હોમસાયન્સ વિભાગ શરૂ થયો. ૧૯૮૧માં આજ કૉલેજનાં વિદ્યાર્થિની અને જ્યોતિસંઘનાં ભૂતપૂર્વ કાર્યકર સ્વ. શ્રીમતી પદ્માબહેન હરિવદન ઠાકોરના સ્મરણાર્થે દાન મળતાં શ્રી હરિવદન અને શ્રીમતી પદ્માબહેન ઠાકોર કોમર્સ કૉલેજ શરૂ થઈ. (એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ) ૨૦૦૭ થી કોમર્સ વિભાગમાં English Medium પણ શરૂ કરવામાં આવ્યું. ૨૦૧૪માં M.Com. માટે અનુસ્નાતક કેન્દ્રની મંજૂરી મળતા જુલાઈ-૨૦૧૪થી Gujarati તથા English Mediumમાં M.Comના વર્ગો શરૂ થયાં.

આજે એસ. એલ. યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજમાં એફ.વાય., એસ.વાય., ટી.વાય.માં લગભગ ૧૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ જુદા જુદા મુખ્ય અને ગૌણ વિષયો સાથે અભ્યાસ કરી રહી છે. જેમાં કેટલાક વ્યવસાયલક્ષી વિષયો જેવા કે Human Resource and Personnel Management (HRM), Fashion Design વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો.

એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજમાં હોમસાયન્સ, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ, ઈતિહાસ જેવા મુખ્ય વિષયો તથા કોમર્સ વિભાગમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ અંતર્ગત વિદ્યાર્થિનીઓ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવે છે. અહીંનો રમતગમતનો વિભાગ તથા પુસ્તકાલય સમૃદ્ધ છે.

**આ કૉલેજ શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓથી હંમેશા ધમધમતી રહે છે...**

❀ ❀ ❀




અમદાવાદ વનિતા વિશ્રામ મહિલા વિદ્યાલયના કાર્યકર્તા ૧૯૧૮.



શ્રી. રવીન્દ્રનાથ ટાગોર, શ્રી. ગાંધીજી, શારદાબ્હેન
અમદાવાદ વનિતાવિશ્રામ મહિલા વિદ્યાલય. ૧૯૨૦.

(સાભાર : જીવન સંભારણા (૧૯૩૮); શારદા મહેતા; પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા)




NAAC Peer Team, એસ.એલ.યુ. પરિવારજનો તથા
ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો




AAA Peer Team, એસ.એલ.યુ. પરિવારજનો તથા
ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો



ENVIRONMENT




પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. મધુસુદન મુકરજી, ડૉ. રશ્મિ સોનીને
NAAC Report સુપ્રત કરતા Peer Teamના સભ્યો -
ડૉ. પી. કે. યાદવ, ડૉ. એલ. થારાભાઈ, ડૉ. કિરણ રેડ્ડી,
ઉપસ્થિતિ : ગુ. સ્ત્રી. કે મંડળ - માનદ્‌મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકા રાવલ,
નિયામકશ્રી ચતુરભાઈ પટેલ




પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. મધુસુદન મુકરજી, ડૉ. રશ્મિ સોનીને
AAA Report સુપ્રત કરતા Peer Teamના સભ્યો -
ડૉ. પી. આર. ચૌહાણ, શ્રી ચારૂદત્ત ગુર્જર, શ્રી સંજય ભાયાણી
ઉપસ્થિતિ : ગુ. સ્ત્રી. કે મંડળ - માનદ્‌મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકા રાવલ